# પાક્કો ગુજરાત

ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

RNI NO. : GUJGUJ/2016/67425

24 FEBRUARY, 2026 TUESDAY





પેજ 2 અમદાવાદના સરદાર બાગ ખાતે ભાજપ મહિલા મોરચા દ્વારા વિરોધ પ્રદર્શન યોજાયું

પેજ 3 ગાંધીનગરમાં બ્રહ્મ સમાજ સમૂહલગ્ન અને યજ્ઞોપવિત કાર્યક્રમ યોજાયો

પેજ 7 વિધાનસભા ખાતે મહિલા આર્ટ એન્ડ ક્રાફ્ટ ફેસ્ટિવલનું ઉદઘાટન

પેજ 5 લગ્ન પ્રસંગ માં ભેટ સ્વરૂપે ભારતીય સંવિધાન આપવામાં આવ્યું



I Pakkogujarat/ I VOL : 10 I Issue : 338 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN •MO : 9662420070 •E-Mail : pakkogujarat7@gmail.com


### સાઉદી અરેબિયાએ પણ હુમલા માટે સમંતિ આપી હોવાનો ઈઝરાયેલનો દાવો

# અમેરિકા હવે ગમે ત્યારે 'તહેરાન તબાહ' કરશે

## તહેરાન સ્થિત ભારતીય દૂતાવાસે ઈરાનમાં રહેતા ભારતીય નાગરિકોને તાત્કાલિક દેશ છોડવાની સલાહ આપી



•વોશિંગ્ટન

મધ્ય પૂર્વમાં ફરી એકવાર યુદ્ધના વાદળો ઘેરાઈ રહ્યા છે. લાંબા સમયથી ઈરાનને કૂટનીતિક, આર્થિક અને સૈન્ય દબાણ હેઠળ રાખનાર United States હવે ગમે ત્યારે ઈરાન પર ભયાનક હુમલો કરે તેવી શક્યતાઓ તેજ બની છે. પ્રદેશમાં વધતી સૈન્ય હલચલ, રાજકીય નિવેદનો અને ગુપ્તચર એજન્સીઓના અહેવાલો વચ્ચે પરિસ્થિતિ ગંભીર બની રહી છે. આ સંજોગોમાં ભારત સરકારે પણ સાવચેતીનો પગલું ભરતા પોતાના નાગરિકોને ઈરાન તાત્કાલિક છોડી દેવા માટે સલાહ જાહેર કરી છે. ઈરાનની રાજધાની Tehran સહિતના વિસ્તારોમાં અનિશ્ચિતતા છવાઈ ગઈ છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચાઓ ચાલી રહી છે કે અમેરિકી સૈન્ય દળો મધ્ય પૂર્વમાં પોતાની હાજરી મજબૂત કરી રહ્યા છે. નૌકાદળની તૈનાતી, વાયુસેનાની હલચલ અને વ્યૂહાત્મક સ્થળોએ સૈન્ય તૈયારીઓ વધારાઈ હોવાનું કહેવામાં આવી રહ્યું છે. Israel તરફથી કરવામાં આવેલા દાવા મુજબ, Saudi Arabiaએ પણ હવે ઈરાન વિરુદ્ધ કાર્યવાહી માટે અમેરિકાને લીલી ઝંડી બતાવી છે. અત્યાર સુધી સાઉદી અરેબિયા ખુલ્લેઆમ ઈરાન પર સીધો હુમલો કરવાની બાબતમાં સંકોચ દાખવતું હતું અને અમેરિકાને સંયમ રાખવા માટે દબાણ કરતું હતું. પરંતુ ઈઝરાયેલની એક ગુપ્તચર એજન્સીના અહેવાલો મુજબ હાલની પરિસ્થિતિમાં સાઉદી અરેબિયાનો અભિગમ બદલાયો છે. જો આ દાવો સાચો સાબિત થાય તો મધ્ય પૂર્વની રાજનીતિમાં મોટો ભુકંપ સર્જાઈ શકે છે. ઈરાન અને સાઉદી અરેબિયા વચ્ચે વર્ષોથી પ્રભુત્વ માટેની અદ્દશ્ય હરીફાઈ ચાલી રહી છે, જેમાં યમન, સિરિયા અને લેબનાન જેવા દેશો પર તેનો પ્રભાવ પડ્યો છે. વિશ્લેષકોના મતે, છેલ્લા કેટલાક મહિનાઓમાં ઈરાનના પરમાણુ કાર્યક્રમને લઈને અમેરિકા અને તેના સાથી દેશોમાં ચિંતા વધી છે. ઈરાન પર આરોપ છે કે તે પોતાના પરમાણુ કાર્યક્રમને ઝડપી ગતિથી આગળ ધપાવી રહ્યું છે. બીજી તરફ ઈરાન આ આરોપોને નકારી કાઢે છે અને કહે છે કે તેનો કાર્યક્રમ શાંતિપૂર્ણ હેતુઓ માટે છે. અમેરિકાની તરફથી કડક પ્રતિબંધો, આર્થિક નાકાબંધી અને રાજકીય દબાણ છતાં ઈરાનનો અભિગમ નરમ ન પડતા સૈન્ય વિકલ્પ પર ચર્ચા તેજ બની હોવાનું માનવામાં આવે છે. મધ્ય પૂર્વમાં અમેરિકી નૌકાદળની વધતી હાજરીને પણ આ સંદર્ભમાં જોવામાં આવે છે. પરિસ્થિતિ ગંભીર બનતા ભારતે સાવચેતીભર્યું પગલું ભર્યું છે. તહેરાન સ્થિત ભારતીય દૂતાવાસે ઈરાનમાં રહેતા ભારતીય નાગરિકોને તાત્કાલિક દેશ છોડવાની સલાહ આપી છે. સાથે સાથે ઈમરજન્સી હેલ્પલાઈન નંબર પણ જાહેર કરવામાં આવ્યો છે.

જેથી જરૂરિયાતમંદ લોકો સંપર્ક કરી શકે.ભારત માટે ઈરાન માત્ર એક મિત્ર દેશ જ નહીં પરંતુ ઊર્જા અને વ્યૂહાત્મક દૃષ્ટિએ મહત્વપૂર્ણ ભાગીદાર છે. ચાબહાર બંદર પ્રોજેક્ટ, તેલ આયાત અને વેપાર સંબંધો ભારત-ઈરાન સંબંધોની મુખ્ય કડી રહ્યા છે. પરંતુ પોતાના નાગરિકોની સુરક્ષા ભારત માટે સર્વોપરી હોવાથી સરકારે સાવચેતીના ભાગરૂપે આ નિર્ણય લીધો છે.

### કાળી ટીલી। અમદાવાદના પોશ વિસ્તાર શાહીબાગ વિસ્તારને અસામાજિક તત્વોની નજર લાગી

# શાહીબાગના પીઆઇ સિંધવના રાજમાં અસામાજિક પ્રવૃતિઓ ધમધમી, હપ્તારાજ

## મેન વહીવટદાર હર્ષદભાઈ અને પેટા વહીવટદાર પ્રદીપસિંહ બુટલેગરો પાસેથી ઉઘરાવે છે લાખોના હપ્તાઓ

- **શાહીબાગના અનેક વિસ્તારોમાં તો ધોળા દિવસે પણ બાળકીઓ કે મહિલાઓને બહાર રસ્તા પરથી પસાર થવામાં ભય**
- **શાહીબાગ પોલીસ સ્ટેશનની હદમાં પોલીસના વહીવટદારોના રાજમાં ગેરકાયદેસર ધંધાવાળા મોજમાં, બધા હળીમળીને કમાઓ**
- **PI સિંધવ અને તેમના માનીતા વહીવટદારો ગાંધીનગરવાળાઓને પણ ગાંઠતા નથી : ઉદ્ધત જવાબ આપતા હોવાની ચર્ચા**
- **લાખોનો હપ્તો મંત્રીઓ અને નેતાઓના નામે ઉઘરાવી લેવામાં આવે છે પરંતુ હપ્તો પહોંચતો કરવામાં આવતો ન હોવાની ચર્ચા**
- **શાહીબાગ વિસ્તારમાં MD ડ્રગ્સ, દેશી-ઈંગ્લીશ દારૂના ધંધાઓનો સાથે સ્પા પાર્લરોનો રાફડો ફાટી નિકળ્યો**
- **શાહીબાગ વિસ્તારના PIની રહેમનજર : દારૂ-જુગાર અને સ્પા સહિતના તમામ કાળા ધંધા ધમધમે છે, તંત્ર ખામોશ કેમ ?**
- **મસાજના નામે ચાલતી સ્પાની દુકાનોમાં વિદેશી યુવતીઓ દ્વારા દેહવ્યાપારનો વેપલો વ્યાપક ફૂલ્યો ફાલ્યો**

•અમદાવાદ

અમદાવાદના પોશ વિસ્તાર ગણાતા શાહીબાગમાં સ્થાનિક પોલીસતંત્રની રહેમનજરમાં તમામ પ્રકારના કાળા ધંધા ધમધમી રહ્યાં છે. શાહીબાગ પોલીસ સ્ટેશન હસ્તકના વિસ્તારમાં દારૂ-જુગાર અને સ્પાના નામે દેહવ્યાપારની બદી એટલી વધી ગઈ છે કે સામાન્ય નાગરિકોને અને તેમાં પણ ખાસ કરીને ગૃહિણીઓને રસ્તા પર નિકળવું મુશ્કેલ બન્યું છે. દારૂડિયાઓ દ્વારા થતી હેરાનગતિ અને મોજ કરાવતા સ્પાઓને કારણે શાહીબાગને કાળો ધબ્બો લાગવામાં વાર લાગવાની નથી. શાહીબાગ પોલીસ સ્ટેશનના પીઆઈ સિંધવ ખુલ્લેઆમ એવો રોફ મારે છે કે મારે એવા છેડા ઉપર સુધી અડે છે કે ગાંધીનગરવાળા પણ મને અહીંથી હલાવી શકે તેમ નથી. તો તેમના વહિવટદારોએ વિસ્તારમાં ખુલ્લેઆમ દેશી દારુ અને ઈંગ્લિશ દારુના ધંધા માટે બૂટલેગરોને મનમરજી કરવા દે છે. એક સમયે અમદાવાદની શાન ગણાતો શાહીબાગ વિસ્તાર હવે પીઆઈ સિંધવ અને તેમના માનીતા વહિવટદારોને કારણે કુખ્યાત બની રહ્યો છે. નોંધનીય છે કે શાહીબાગમાં રહેતા સારા માણસો પણ આ પીઆઈની મનમાનીથી એટલા ત્રાસી ગયા છે કે જો તેમની સામે કોઈ પગલાં લેવામાં નહીં આવે તો કદાચ સમગ્ર મામલો દિલ્હી સુધી પહોંચી શકે તેમ છે. થોડા સમય અગાઉ અમદાવાદ શહેરના શાહીબાગ પોલીસ સ્ટેશનની હદમાં જાહેરમાં દારૂ-જુગાર, MD ડ્રગ્સ, અને સ્પાના ધંધા ધમધોકાળ ચાલતા હોવાનો અહેવાલ બુટલેગરોના નામ વિગતો અને સરનામાં સાથે રજુ કરવામાં અમારા દૈનિક પેપર પાક્કો ગુજરાતમાં બતાવામાં આવ્યો હતો. જે અહેવાલ બાદ થોડા દિવસો પૂરતા શાહીબાગ પોલીસ સ્ટેશનના PI સિંધવ અને તેમના લોકલાડીલા મેન વહીવટદાર હર્ષદભાઈ અને પેટા વહીવટદાર પ્રદીપસિંહ દ્વારા વિસ્તારમાં ચાલતા તમામ ગેરકાયદેસરના ધંધા બંધ કરાવવામાં આવ્યા હતા.

ત્યારે હવે ફરી એકવાર શાહીબાગ પોલીસ સ્ટેશનની હદમાં પોલીસ સ્ટેશનના PI સિંધવ અને તેમના લોકલાડીલા મેન વહીવટદાર હર્ષદભાઈ અને પેટા વહીવટદાર પ્રદીપસિંહ દ્વારા જાહેરમાં દારૂ-જુગાર, MD ડ્રગ્સ, અને સ્પાના ધંધાઓને ફરી શરુ કરવાની છૂટ આપી દીધી હોય તેમ ધમધમતા જોવા મળી આવ્યા છે. જેમાં શાહીબાગ વિસ્તારમાં MD ડ્રગ્સ અને દેશી ઈંગ્લીશના દારૂના ધંધા સાથે મસાજને નામે ચાલતા સ્પા પાર્લરોમાં સ્પાની દુકાનોમાં અગાઉની જેમ જ બહારથી વિદેશી યુવતીઓ બોલાવવામાં આવી રહી છે અને તેઓની પાસે બિભસ્ત કામ કરાવવાં આવી રહ્યા છે. ત્યારે વહીવટદારોના રાજમાં 1 નહિ સ્પાના 8 થી 10 પાર્લરોમાં મસાજને નામે બિભસ્ત કામ કરાવવાં આવી રહ્યા છે. તો સાથે સાથે આજની પેઢીના યુવાઓને દારૂ ડ્રગ્સ ના રવાડે ચઢાવી તેમનું જીવન બરબાદ કરી રહ્યા છે . PI સિંધવના લોકલાડીલા મેન વહીવટદાર હર્ષદભાઈ અને પેટા વહીવટદાર પ્રદીપસિંહ આ તમામ ગેરકાયદેસર ચાલતા ધંધાઓ પરથી લાખોના હપ્તા ઉઘરાવી PI સાહેબ અને ઉચ્ચ અધિકારીઓને પહોંચાડી રહ્યા છે. ત્યારે આ બને વહીવટદારો જો કોઈ હપ્તા ના આપે તો તેમનો ધંધો બંધ કરાવવાની અને તેઓને જેલમાં નાખી દેવાની ધમકી આપી લાખો રૂપિયા ઉઘરાવી રહ્યા છે. ત્યારે આ ગેરકાયદેસર ચાલી રહેલ ધંધાને લઈ અમારા પાક્કો ગુજરાત દૈનિક સમાચારના તંત્રી દ્વારા શાહીબાગ પોલીસ સ્ટેશનના PI સિધવને ફોન કરવામાં આવતા તંત્રીનો નંબર સેવ હોવાને લઈ જવાબ આપવાની જગ્યા અગાઉની જેમ જ ફોન ઉપાડવાનું બંધ કરી દીધેલ છે. PI સિઘવ સાહેબ અને તેમના માનીતા વહીવટદારો દ્વારા જાણે યુવાધન બરબાદ થાય તો ભલે થાય પણ માત્ર ને માત્ર આ લોકોને પૈસા કમાવવામાં જ રસ જોવા મળી રહ્યો છે. જે બાદ આ શાહીબાગ વિસ્તારમાં ચાલી રહેલ ગેરેકાયદેસર ધંધાને લઈ PCB અને DCB સ્કોડને જાણ કરવામાં આવતા તેઓ દ્વારા જગ્યા પર પહોંચી રેડ નીલ બતાવી અહીં આ વિસ્તારમાં કોઈ ગેરકાયદેસર ધંધા ચાલતા ન હોવાનું જણાવી રહ્યા છે. જે ઉપરથી એમ લાગી રહ્યું છે કે શાહીબાગ પોલીસ સ્ટેશનના મેન અને પેટા વહીવટદારો બંને મળી PI સાહેબ સહીત PCB DCB સ્કોડના પણ ખિસ્સા ગરમ કરી રહ્યા છે. તો મળી આવતી માહિતી મુજબ PCB અને DCBની ટીમ રેડ કરતા પહેલા શાહીબાગના વહીવટદારોને જાણ કરી દે છે થી રેડ દરમિયાન ધંધા બંધ રાખી તેઓ દ્વારા રેડ નીલ બતાવી અહીંયા કોઈ ગેરકાયદેસરના ધંધા ચાલતા ન હોવાનું જોવા મળી આવે છે. ત્યારે હવે શાહીબાગ પોલીસ સ્ટેશનના PI સિંઘવ અને તેમના મેન અને પેટ વહીવટદારો પર માનો ન માનો કોઈ રાજકીય નેતાનો હાથ હોવાનું લાગી રહ્યું છે! બાકી અમારા અગાઉના અહેવાલ બાદ અમારા પાક્કો ગુજરાત દૈનિક સમાચારના અગાઉના 2 અહેવાલ બાદ પણ પોલીસ તંત્રની આંખ ખુલી નથી રહી.. જે જોતા આગામી દિવસોમાં લઠ્ઠાકાંડ સર્જાય તો નવાઈ નહિ અને MD ડ્રગ્સ ના રવાડે ચડેલા યુવાધનના હાથે હત્યા જેવા બનવોના પણ વધારો થાય તો નવાઈ નહિ રહે... ત્યારે હવે જોવું રહ્યું કે અમારા દૈનિક પેપર પાક્કો ગુજરાતના વધુ આ એક અહેવાલ બાદ શાહીબાગ વિસ્તારમાં ચાલી રહેલા ગેરકાયદેસર વેપલા કાયમ માટે બંધ થાય છે કે પછી ગયા વખતની જેમાં થોડા સમય માટે... જો શાહીબાગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ધમધમી રહેલા દારૂ-જુગાર અને દેહવ્યાપાર માટે પંકાયેલા સ્પાકેન્દ્રો બંધ કરાવવામાં નહીં આવે તો આવનારા દિવસોમાં આ મામલે એક ઝૂંબેશ વિસ્તારના જાગૃત નાગરિકો દ્વારા કરવામાં આવી શકે તેવી ચર્ચાએ પણ જોર પકડ્યું છે. કદાચ શાહીબાગ વિસ્તારમાં ખુલ્લેઆમ વેચાતી દેશી અને ઈંગ્લિશ દારૂ, બુટલેગરોની દાદાગારી, માથાભારે તત્વોની હેરાનગતિ, મસાજના નામે કહેવાતી મોજ કરાવી યુવાધનને બરબાદ કરનારા સ્પા સેન્ટરો સહિતની અસામાજીક પ્રવૃત્તિઓના વીડિયો પણ વાયરલ થવામાં વાર નહીં લાગે તેમ જણાય છે.




# રાજ્યમાં PSI ભરતીની હંગામી પસંદગી યાદી જાહેર : 472 ઉમેદવારોના નામનો સમાવેશ

•અમદાવાદ

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI) ની ભરતી પ્રક્રિયા અંતર્ગત મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. જાહેરનામું ક્રમાંક GPRB/202324/1 હેઠળ કુલ 472 જગ્યાઓ માટે ચાલી રહેલી ભરતી પ્રક્રિયામાં પ્રથમ તબક્કામાં 4.60 લાખથી વધુ ઉમેદવારોએ શારીરિક કસોટી આપી હતી. તેમાં સફળ થયેલા એક લાખથી વધુ ઉમેદવારોની લેખિત પરીક્ષા 13 એપ્રિલ 2025ના રોજ લેવામાં આવી હતી.

પરીક્ષા નિયમો મુજબ કુલ 1023 ઉમેદવારોના દસ્તાવેજ ચકાસણીની કામગીરી 5 ફેબ્રુઆરી 2026થી 10 ફેબ્રુઆરી 2026 દરમિયાન પૂર્ણ કરવામાં આવી હતી. દસ્તાવેજ ચકાસણી બાદ 472 ઉમેદવારોની હંગામી પસંદગી યાદી (Provisional Selection List) તથા 95 ઉમેદવારોની હંગામી પ્રતિક્ષા યાદી (Provisional Waiting List) ભરતી બોર્ડની સત્તાવાર વેબસાઈટ પર જાહેર કરવામાં આવી છે.

ભરતી બોર્ડ દ્વારા જણાવાયું છે કે પસંદ થયેલા ઉમેદવારોને આગળની પ્રક્રિયા અંગે અલગથી જાણ કરવામાં આવશે. ઉમેદવારોને પોતાની વિગતો માટે સત્તાવાર વેબસાઈટ તપાસવાની સૂચના આપવામાં આવી છે.

### સુપ્રીમ કોર્ટની કડકાઈ બાદ

# વ્હોટ્સએપ-મેટા ઘૂંટણીયે પડ્યું!

•નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સૂર્યકાંતના કડક વલણ બાદ વ્હોટ્સએપ અને મેટાએ CCIના આદેશને સ્વીકારી લીધા છે. હવે જાહેરાત માટે ડેટા શેરિંગ પર યુઝર્સનું સંપૂર્ણ નિયંત્રણ રહેશે. વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે ભરોસો અપાવ્યો છે કે 16 માર્ચ 2026 સુધી પ્રાયવસી સુરક્ષાના તમામ નિયમ લાગુ કરી દેવામાં આવશે. કોર્ટે કંપનીની રોક લગાવનારી અરજી ફગાવી દીધી છે. આ ચુકાદો ભારતીય યુઝર્સની ડિજિટલ ગોપનિયતા માટે મોટી જીતના રૂપે જોવાઈ રહ્યો છે.

સુપ્રીમ કોર્ટમાં વ્હોટ્સએપએ કહ્યું કે હવે લોકોની પ્રાયવેટ જાણકારી કોઈની જાગીર નહીં હોય, કોર્ટમાં વ્હોટ્સએપ તરફથી રજૂઆત કરી રહેલા વરિષ્ઠ




વકીલ કપિલ સિબ્બલે સુપ્રીમ કોર્ટને જણાવ્યું છે કે, હવે વ્હોટ્સએપ અને મેટા કોમ્પિટિશન કમિશન ઑફ ઈન્ડિયા(CCI)ના આદેશનું સંપૂર્ણ રીતે પાલન કરશે. યુઝર્સને તેમના ડેટાને અન્ય મેટા કંપની( ફેસબુક, ઈન્સ્ટાગ્રામ) સાથે શેર કરવા પર વધારે નિયંત્રણ મળશે.

સુપ્રીમ કોર્ટના ફટકાર બાદ વ્હોટ્સએપ અને તેને સંલગ્ન કંપની મેટાએ હથિયાર હેઠા મૂકી દીધા છે. સુનાવણી દરમિયાન કપિલ સિબ્બલ અને કંપની તરફથી ભરોસો આપવામાં આવ્યો છે કે વ્હોટ્સએપ જાહેરાત સંબંધીત ડેટા શેરિંગ પર CCIના તમામ સુરક્ષા ઉપાયો અને NCLATના આદેશનું પાલન કરશે. આથી હવે ભારતીય યુઝર્સની ગોપનિયતા જળવાશે, ડેટા શેરિંગ પર યુઝર્સનું જ નિયંત્રણ હશે. 16 માર્ચ 2026 સુધી પ્રાયવસી સુરક્ષાના તમામ નિયમ લાગુ થઈ જશે.

# રાંચીથી દિલ્હી જઈ રહેલી એર એમ્બ્યુલન્સ સિમરિયામાં ક્રેશ, સાત લોકોના મોત

•રાંચી

રાંચી થી દિલ્હી જઈ રહેલી એક એર એમ્બ્યુલન્સ સોમવારે સાંજે ચતરા જિલ્લાના સિમરિયા ક્ષેત્રમાં ક્રેશ થઈ ગઈ છે. આ એક મેડિકલ ફ્લાઈટ હતી જે એક ગંભીર રૂપથી બીમાર દર્દીને લઈ જઈ રહી હતી. વિમાનમાં કુલ સાત લોકો -અર્ચના કુમારી -ધ્રુવ કુમાર -ડો. વિકાસ ગુપ્તા -સચિન કુમાર મિશ્રા -વિવેક વિકાસ ભગત -સવરાજદીપ સિંહ સવાર હતા. જેમાં એક દર્દી, એક ડૉક્ટર, 1 પેરામેડિકલ સ્ટાફ, 2 દર્દીના પરિવારજનો અને 1 મુખ્ય પાયલટ તો 1 કો પાયલટ સામેલ હતા.



ATC સાથે એર એમ્બ્યુલન્સ વિમાનનો સંપર્ક ટેકઓફ થયા બાદ થોડી ક્ષણો પછી તૂટી ગયો હતો. એરપોર્ટ નિર્દેશકે દુર્ઘટનાની પુષ્ટિ કરી છે. હાલ સ્થાનિક પ્રશાસન અને પોલીસની ટીમો જંગલમાં રાહત બચાવમાં કાર્યમાં લાગી ગઈ છે.DGCAએ ઘટનાની પુષ્ટિ કરી કહ્યું છે કે, '23 ફેબ્રુઆરીના રોજ રેડબર્ડ એરવેઝ પ્રાઈવેટ લિમિટેડનું બીચક્રાફ્ટ C90 વિમાન રાંચીથી દિલ્હીના રૂટ પર એર એમ્બ્યુલન્સ તરીકે ઉડાન ભરી રહ્યું હતું, જે ઝારખંડના ચતરા જિલ્લાની કસરિયા પંચાયતમાં દુર્ઘટનાગ્રસ્ત થયું છે. આ વિમાનમાં ક્રૂ મેમ્બર્સના બે સભ્યો સહિત કુલ સાત લોકો સવાર હતા. વિમાને ભારતીય સમય અનુસાર સાંજે 19:11 વાગ્યે રાંચીથી ઉડાન ભરી હતી, પરંતુ કોલકાતા સાથે સંપર્ક સ્થાપિત કર્યા બાદ, 19:34 વાગ્યે વારાણસીના દક્ષિણ-પૂર્વમાં વિમાનનો રડાર સંપર્ક તૂટી ગયો હતો. હાલ જિલ્લા પ્રશાસનની ટીમ ઘટનાસ્થળે હાજર છે, અકસ્માતની વિગતવાર તપાસ માટે એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો (AAIB) ની ટીમને મોકલવામાં આવી રહી છે. તપાસ બાદ વધુ જાણકારી શેર કરવામાં આવશે'


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# નદીના પટમાં 1119 ગેરકાયદે બાંધકામો પર બુલડોઝર ફર્યું

### રાજકોટમાં મનપાનું મેગા ઓપરેશનઃ

• રાજકોટ

રાજકોટ શહેરના જંગલેશ્વર વિસ્તાર અને આજી નદીના પટ્ટમાં લાંબા સમયથી ખડકાયેલા ગેરકાયદેસર બાંધકામો સામે રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કડક હાથે કાર્યવાહી કરવામાં આવી છે. આજે 23 ફેબ્રુઆરીથી શરૂ થયેલા મેગા ડિમોલિશનમાં વિસ્તારને 7 ભાગમાં વહેચવામાં આવ્યો હતો. દરેક ઝોનમાં વર્ગ-1ના અધિકારીની દેખરેખ હેઠળ એક્શન લેવાયા છે. જેમાં 64થી વધુ JCB, 90 ટ્રેક્ટર, 7 હિટાચી, 50 બ્રેકર, 42 ગેસ કટર અને 14 ડમ્પર સહિત 260થી વધુ મશીનોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.આજે થયેલા ડિમોલિશન અંગે વિગતો આપતા ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરે જણાવ્યું કે, આ ઓપરેશન હેઠળ કુલ 1500 મિલકતોને નોટિસ આપવામાં આવી હતી, જેમાંથી અત્યાર સુધીમાં 1119 જેટલી મિલકતોનું ડિમોલિશન કરી દેવામાં આવ્યું છે. ખાસ કરીને આજી નદીના પટ્ટમાં થયેલા દબાણો દૂર કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે. જે અંગે વિગતો આપતા કહ્યું કે, નદીના પટ્ટમાં આવેલા 997 દબાણો પૈકી 681 બાંધકામો તોડી પડાયા છે, જ્યારે બાકીના 300 જેટલા મકાનો પર આવતીકાલ મંગળવાર બપોર સુધીમાં બુલડોઝર ફેરવી દેવામાં આવશે. આશ્ચર્યની વાત એ છે કે, આ વિસ્તારમાં કેટલાક એસી અને હાઈફાઈ સુવિધા ધરાવતા મકાનો પણ મળી આવ્યા હતા, જેને તોડવા માટે ખૂબ જહેમત ઉઠાવવી પડી હતી. સૌથી મહત્વની બાબત એ રહી કે આટલી મોટી કામગીરી છતાં દિવસ દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ બન્યો નથી અને જંગલેશ્વરના સ્થાનિક રહીશોએ તંત્રને સંપૂર્ણ સાથ-સહકાર આપ્યો છે. મનપા અને પોલીસ દ્વારા ઘરે ઘરે જઈ લોકોને સમજાવવામાં આવ્યા હતા. મોટાભાગના દબાણ કર્તાઓએ પોતાની રીતે જાતે મકાનો ખાલી કરી આપ્યા હતા.શહેર કોંગ્રેસ પ્રમુખ સરકારે પાસે બેઘર થયેલા લોકો માટે વૈકલ્પિક વ્યવસ્થાની માગ કરી છે. તેવામાં રાજકોટ મનપા દ્વારા વિસ્થાપિતો માટે માનવીય અભિગમ અપનાવતા જણાવવામાં આવ્યું છે કે,

## સુરત ફ્લાવર શોઃ અમદાવાદની નબળી કોપી કર્યાનો આક્ષેપ

સુરત : કોરોનાના લાંબા વિરામ બાદ સુરતમાં આયોજિત 20th સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો અને ફ્લાવર શો વિવાદોનું કેન્દ્ર બન્યા છે. એક તરફ કરોડોના ખર્ચના આક્ષેપો છે, તો બીજી તરફ ફલાવર શોના નામે સુરતીઓ સાથે રમત રમાઈ હોવાની લોકમુખે ચર્ચા છે. અમદાવાદના પ્રખ્યાત ફલાવર શોની નકલ કરવા જતાં સુરત મહાનગરપાલિકાએ જાણે 'સસ્તી કોપી' તૈયાર કરી હોય તેવો ઘાટ સર્જાયો હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે.અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ પર યોજાતા ફલાવર શોમાં લાખો કુદરતી અને સુગંધિત ફૂલોનો ઉપયોગ થાય છે, જેની સરખામણીએ સુરતના 800 Sq. Mtr. વિસ્તારમાં ફેલાયેલા ફલાવર શોમાં પ્લાસ્ટિકના ફૂલોનો ખડકલો કરી દેવાતા મુલાકાતીઓમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.જે સુરતીઓ અમદાવાદનો ફલાવર શો જોઈ આવ્યા છે, તેમણે પાલિકાની આ 'વેઠ' પર આકરા પ્રહારો કર્યા છે. લોકોનું કહેવું છે કે, 'ફલાવર શો એટલે કુદરતી સુંદરતા, અહીં તો પ્લાસ્ટિકના શો-પીસ મૂકીને જનતાની આંખમાં ધૂળ નાખવામાં આવી છે.'આયોજનમાં સૌથી વધુ ચર્ચા જે-તે કૃતિઓની ડિઝાઈનની થઈ રહી છે. સુરત મેટ્રોની એક પ્રતિકૃતિ બનાવવામાં આવી છે, પરંતુ તેની ફિનિશિંગ એટલી નબળી છે કે લોકોમાં આશ્ચર્ય ફેલાયું છે. મુલાકાતીઓ આક્ષેપ કરી રહ્યા છે કે જો આ કૃતિ પર 'મેટ્રો'નું બોર્ડ ન માર્યું હોય, તો તેને જોતા કોઈ 'મઝાર' જેવો લુક આવે છે.

**વિરોધ** કાર્યક્રમમાં મહિલા મોરચા ના પ્રમુખ મહામંત્રી, મહિલા કોર્પરેટર તેમજ મોટી સંખ્યામાં મહિલા કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા

# અમદાવાદના સરદાર બાગ ખાતે ભાજપ મહિલા મોરચા દ્વારા વિરોધ પ્રદર્શન યોજાયું

### રાહુલ ગાંધી તેમજ કોંગ્રેસે અનેક વાર વૈશ્વિક ફલક ઉપર ભારત દેશની નિંદા કરીને ભારત દેશને નીચું દેખાડ્યું છે

• અમદાવાદ

રાહુલ ગાંધીના ઈશારે દિલ્હી ખાતે AI સમિટ માં યુથ કોગ્રેસ ના કાર્યકરો દ્વારા કરેલા કૃત્ય ને વખોડવા કર્ણાવતી મહાનગરના મહિલા મોરચા દ્વારા સરદાર બાગ ખાતે વિરોધ પ્રદર્શન યોજાયું. કર્ણાવતી મહાનગર મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે દેશના યશસ્વી પ્રધાનમંત્રી આદરણીયશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના પ્રયાસથી દિલ્હી ખાતે આયોજિત આંતરરાષ્ટ્રીય AI ઈમ્પેક્ટ સમીટમાં વિશ્વના અનેક દેશોના પ્રતિનિધિ હાજર હતા, વિશ્વના અનેક પ્રતિષ્ઠિત વ્યક્તિઓ ભારત દેશના આ પ્રયાસને આવકારતા હતા ત્યારે રાહુલ ગાંધી તેમજ કોંગ્રેસના મળતીયાઓ દ્વારા ભારત દેશને હાસ્યસ્પદ કહીને દેશ વિરોધી માનસિકતાને છતી કરી છે. રાહુલ ગાંધી તેમજ કોંગ્રેસે અનેક વાર વૈશ્વિક ફલક ઉપર ભારત દેશની નિંદા કરીને ભારત દેશને નીચું દેખાડ્યું છે. આજરોજ કર્ણાવતી મહાનગર મહિલા મોરચા દ્વારા મોટી સંખ્યમાં મહિલાએ ઉપસ્થિત રહી દેશ વિરોધી નિમ્ન માનસિકતા રાખનાર તેમજ દેશનાં અહિતકારી કોંગ્રેસીઓ સામે સખત શબ્દોમાં સુત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ ધરણાં કાર્યક્રમમાં મહિલા મોરચા ના પ્રમુખ મહામંત્રી, મહિલા કોર્પરેટર તેમજ મોટી સંખ્યમાં મહિલા કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા હતા.




### દેવનગર અને વાસણા સર્વ હિંદુ સમાજ સમિતિ, દ્વારા

# હરેકૃષ્ણ નગર, વિવેકાનંદ વિસ્તાર, વડોદરા, દ્વારા વિશાળ હિન્દુ સમ્મેલન યોજાયું

**સંમેલન** મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકો, સમાજના આગેવાનો અને સંઘના સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા

દેવનગર અને વાસણા સર્વ હિંદુ સમાજ સમિતિ, દ્વારા હરેકૃષ્ણ નગર, વિવેકાનંદ વિસ્તાર, વડોદરા, દ્વારા વિશાળ હિન્દુ સમ્મેલન નું આયોજન કરાયું હતું જેમાં મુખ્ય વક્તા તરીકે ઘુમંતુ સંયોજક, વડોદરા વિભાગ ના શ્રી ભરતસિંહ સોલંકી ઉપસ્થિત રહી, સંબોધન કરતા તેમણે કહ્યું કે હતું કે ભારત ના નાગરિક તરીકે આપણા પણ કેટલાક કર્તવ્યો છે. આપણે પંચ પરિવર્તન ના ધ્યેય સાથે કામ કરવું જોઈએ. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ની સ્થાપના ને ૧૦૦ વર્ષ પૂર્ણ થતા સંઘ ની યાત્રા વિશે વાત જણાવી હતી. ૧૯૨૫ થી શરૂ થયેલ સંઘ ૧૫ વર્ષ ના ટૂંકા ગાળા માં અખંડ ભારત માં વિસ્તરી ગયો હતો. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ના સ્થાપક ડો કેશવ બલિરામ હેડગેવાર જી કહેતા હતા કે આ દેશ હિન્દુ રાષ્ટ્ર હતું, હિન્દુ રાષ્ટ્ર છે અને દેશ માં એક હિન્દુ હશે



ત્યાં સુધી આ દેશ હિન્દુ રાષ્ટ્ર જ રહેશે. તેમણે વધુ માં જણાવ્યું હતું કે સંસ્કાર થી સમાજ નું ઘડતર થાય છે. આપણે આપણા બાળકો નું પણ ધ્યાન રાખવું પડશે, આપણે સ્વદેશી વસ્તુ નો ઉપયોગ કરવો પડશે, વાયુ પ્રદુષણ ના થાય તે માટે આપણે વૈદિક હોળી દહન કરવું જોઈએ, પ્લાસ્ટિક નો ઉપયોગ કરવો જોઈએ નહીં. વધુ વુક્ષો વાવી પર્યાવરણ નું જતન કરવું જોઈએ. સામાજિક સમરસતા જળવાય તે માટે આપણે અસ્પૃશ્યતા ત્યજી દેવી જોઈએ. સર્વ સમાન હિન્દુ નાગરિક તરીકે ના આપણા કર્તવ્ય નિભાવા જોઈએ. આ સંમેલન માં અતિથિ તરીકે પુ. શ્રી સેવા વિલાસ સ્વામી, ઈસ્કોન મંદિર, હરિનગર, ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના આશીર્વચનમાં કહ્યું કે નાના માં નાના જીવ પ્રત્યે પણ દયા ભાવ રાખવો જોઈએ. શ્રીમદ્ ભાગવત ગીતા સંસ્કારો નું સિચન કરે છે. તેઓ એ સુંદર ઉદાહરણો આપી શ્રીમદ્ ભાગવત ગીતા નું મહાત્મ્ય સમજાવ્યું હતું. કાર્યક્રમ ના સંયોજક શ્રી પ્રવીણભાઈ પ્રજાપતિ એ વ્યક્તવ્ય માં હિન્દુ સમાજ માં જાગૃતિ લાવી સામાજિક એકતા વધુ મજબૂત થાય તે દિશા માં આપણે કામ કરવું જોઈ એ તેમ જણાવ્યું હતું. દેવનગર અને વાસણા સમિતિ દ્વારા આયોજન કરાયેલા આ હિન્દુ સમ્મેલન ની શરૂઆત ગણેશ વંદના થી કરાઈ હતી. ત્યાર બાદ વંદેમાતરમ ગીત તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો, જેમાં એક બાળા એ ભારત નાટ્યમ નૃત્ય રજૂ કર્યું હતું. શ્રી કૃષ્ણ વિદ્યાલય ની બાળાઓ એ માધવ કાના નો ગરબો રજૂ કર્યો હતો. વિસ્તાર ની ત્રણ અલગઅલગ ભજન મંડળીઓ ની બહેનો દ્વારા ભજનની રમઝટ બોલાવવા માં આવી હતી. શ્રી કુંદકેશ્વર મહાદેવ ખાતે મહાઆરતી માં બધા જોડાયા હતા આ હિન્દુ સમ્મેલનમાં મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકો, સમાજના આગેવાનો અને સંઘના સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા.

# ડિજિટલ સોસાયટીમાં એકાત્મ માનવવાદના વિચાર સાથે 800થી વધુ શિક્ષણવિદોનું વૈશ્વિક મંથન

### દિલ્હીમાં AI અને માનવમૂલ્યોનો મહાસંગમ

• અમદાવાદ

દિલ્હી ખાતે અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ અને દીનદયાલ ઉપાધ્યાય કોલેજ (દિલ્હી યુનિવર્સિટી) દ્વારા શૈક્ષિક ફાઉન્ડેશનના સહયોગથી 22 અને 23 ફેબ્રુઆરી, 2026 દરમિયાન ડૉ. આંબેડકર ઈન્ટરનેશનલ સેન્ટર ખાતે બે દિવસીય આંતરરાષ્ટ્રીય પરિષદનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. 'Digital Society and Human Value: Reimagining Integral Humanism in the AI Era' વિષય પર કેન્દ્રિત આ પરિષદમાં ટેકનોલોજી અને નૈતિકતાના સમન્વય પર ભાર મૂકવામાં આવ્યો હતો. ઉદ્ઘાટન સત્રમાં કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી પ્રૌદ્યોગિકી રાજ્યમંત્રી જિતિન પ્રસાદે વિશેષ હાજરી આપી હતી. તેમણે ભારતમંડપમ ખાતે યોજાયેલા વૈશ્વિક AI સમિટનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, ભારત આજે AI ક્ષેત્રે વિશ્વનું નેતૃત્વ કરી રહ્યું છે. 86 દેશોએ હસ્તાક્ષર કરેલા માનવ-કેન્દ્રિત



AI સંકલ્પ અંગે માહિતી આપતા તેમણે 'AI સૌ માટે'નો મંત્ર આપ્યો હતો. તેમણે ડિજિટલ સાક્ષરતા વધારવા અને ડીપફેક તેમજ ભ્રામક માહિતી જેવા ગંભીર પડકારો સામે સાવચેત રહેવા આહવાન કર્યું હતું. પરિષદના અધ્યક્ષસ્થાને મહાસંઘના રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ. નારાયણ લાલ ગુપ્તા રહ્યા હતા. આ પ્રસંગે રાષ્ટ્રીય સંગઠન મંત્રી મહેન્દ્ર કપૂર અને રાષ્ટ્રીય મહામંત્રી ગીતા ભટ્ટની ઉપસ્થિતિમાં વક્તાઓએ AI ને માનવમૂલ્યો સાથે સાંકળીને સર્વાંગી વિકાસનો માર્ગ કંડારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. બે દિવસ દરમિયાન વિવિધ સત્રોમાં સંશોધકો દ્વારા ઉચ્ચ કક્ષાના સંશોધનપત્રો રજૂ કરવામાં આવ્યા હતા. આ આંતરરાષ્ટ્રીય મંચ પર ગુજરાતનું પ્રતિનિધિત્વ પણ મજબૂત રહ્યું હતું. પ્રાંત અધ્યક્ષ મિતેશભાઈના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાંથી આશરે 12 પ્રતિનિધિઓએ આ પરિષદમાં સક્રિયપણે ભાગ લીધો હતો.

# સાણંદના જાણીતા પાર્ટી પ્લોટમાં ધીંગાણું, 11 સામે FIR

અમદાવાદ : સાણંદના જાણીતા પાર્ટી પ્લોટમાં રવિવારે(22 ફેબ્રુઆરી, 2026) બપોરે સામાન્ય બોલાચાલીએ લોહિયાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. લગ્ન પ્રસંગના ડેકોરેશન માટે જગ્યા ખાલી કરવાનું કહેતા કેટરર્સના સ્ટાફે ઉશ્કેરાઈ જઈને ફાર્મ સંચાલક અને તેમના સાથીદારો પર છરી અને લોખંડના પાઈપ વડે હુમલો કર્યો હતો. આ હિંસક અથડામણમાં ત્રણ વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. સમગ્ર મામલે સાણંદ પોલીસે 11 જેટલાં શખસો સામે હત્યાના પ્રયાસનો ગુનો નોંધી તપાસ તેજ કરી છે.સાણંદમાં રહેતા અને 'કે.ડી. ફાર્મ'ના સંચાલક નિખિલભાઈ ભરતભાઈ પટેલે પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, 22 ફેબ્રુઆરીના રોજ તેમના ફાર્મ પર લગ્ન પ્રસંગ હોવાથી પાર્ટી પ્લોટ ભાડે આપ્યો હતો. ડેકોરેશનની કામગીરી તેમની ટીમ કરી રહી હતી, જ્યારે કેટરિંગનો કોન્ટ્રાક્ટ અમદાવાદના 'કિશન કેટરર્સ'ને આપવામાં આવ્યો હતો.બપોરે 3:15 વાગ્યાની આસપાસ કેટરિંગના વેઈટર્સ અને સ્ટાફ વરરાજાના રૂમ અને બગીચાના વિસ્તારમાં આરામ કરી રહ્યા હતા. ડેકોરેશન અને સફાઈ કામગીરી કરવાની હોવાથી નિખિલભાઈએ તેમને અન્ય જગ્યાએ બેસવા વિનંતી કરી હતી. આ બાબતે બંને પક્ષો વચ્ચે શાબ્દિક બોલાચાલી થઈ હતી. થોડી વાર બાદ કેટરિંગના 8 થી 10 વ્યક્તિનું ટોળું આવ્યું અને 'અમારા માણસોને કેમ ખલેલ પહોંચાડી?' તેમ કહી ઝઘડો કરવા લાગ્યા હતા.ઝઘડો ઉગ્ર બનતા આરોપીઓએ આયોજનબદ્ધ રીતે હુમલો શરૂ કર્યો હતો. જેમાં માજિદ નાઝીમ ખાન નામના શખસે છરી વડે નિખિલભાઈના ગળા અને ખભાના ભાગે ઘા ઝીંકી દીધા હતા. જ્યારે અન્ય આરોપી સાહિલ બશીર ઋષિએ કરણભાઈ પટેલના માથાના પાછળના ભાગે લોખંડનો પાઈપ ફટકાર્યો હતો. મોહમ્મદ સલીમ મોહમ્મદ યુસુફે શૈલેષભાઈ દેવરા પર હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી હતી. જેમાં હુમલાખોરોએ જાનથી મારી નાખવાની ધમકીઓ આપી સ્થળ પર આતંક મચાવ્યો હતો.લોહીલુહાણ હાલતમાં ઈજાગ્રસ્તોને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. નિખિલભાઈને ગળા અને ખભા પર 3-3 ટાંકા, કરણભાઈને માથામાં 9 ટાંકા અને શૈલેષભાઈને માથામાં 6 ટાંકા લેવા પડ્યા હતા.

## મકરપુરા એરફોર્સ સ્ટેશન પાસે પાણીની લાઈનમાં ભંગાણ : હજારો લિટર પાણીનો વેડફાટ



• વડોદરા

વડોદરા શહેરના મકરપુરા વિસ્તારમાં એરફોર્સ સ્ટેશન નજીક પાલિકા તંત્ર દ્વારા રોડ નીચેની થઈ રહેલી કામગીરી દરમિયાન કોઈ મશીનરીના કારણે પાણીની લાઈન લીકેજ થતા હજારો લિટર પાણી વેડફાઈ ગયું હતું. અહીં રોડની નીચેની કામગીરી ચાલતી હતી એ દરમિયાન અહીં જેસીબી અથવા અન્ય કોઈ મશીનરીના કારણે પાણીની લાઈનમાં ભંગાણ સર્જાયું હતું. જેથી હજારો લિટર પાણી રસ્તા પર વહી ગયું હતું. એક તરફ લોકોને પૂરતા પ્રેશરથી પાણી મળી રહ્યું નથી ત્યારે બીજી તરફ હજારો લિટર પાણી વેડફાઈ જતા નાગરિકોમાં પણ રોષ વ્યાપ્યો છે.પાણીની લાઈનના લીકેજના કારણે આજે અહીંથી પાણી મેળવતા વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યા સર્જાશે અને આ વિસ્તારમાં આજે ઓછા દબાણથી પાણી વિતરણ કરવામાં આવશે. સમગ્ર ઘટના મામલે પાલિકા તંત્રને ફરિયાદ મળતા અહીં મરામતની કામગીરી શરૂ કરી છે.

### ટ્રક નીચે ચગદાઈ જતાં મહિલા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં ઘટના સ્થળે જ મોત

# વસ્ત્રાલ રિંગ રોડ ચાર રસ્તા પાસે ગમખ્વાર અકસ્માત, કન્ટેનરની અડફેટે મોપેડ ચાલક મહિલાનું કરુણ મોત

• અમદાવાદ

અમદાવાદ પૂર્વમાં આવેલા વસ્ત્રાલ રિંગ રોડ ચાર રસ્તા પર આજે એક અકસ્માતની ઘટના સામે આવી છે. જેમાં પૂરપાટ ઝડપે આવી રહેલા એક કન્ટેનર ચાલકે મોપેડ લઈને પસાર થઈ રહેલા પાયલબેન ગજ્જર નામની મહિલાને જોરદાર અડફેટે લીધા હતા. આ અકસ્માત એટલો ગંભીર હતો કે ગંભીર ઈજાઓને કારણે પાયલબેનનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. અકસ્માતને પગલે આસપાસના લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. ભોગ બનનાર મહિલા પાયલબેન ગજ્જર મોપેડ લઈને વસ્ત્રાલ રિંગ રોડ પરથી પસાર થઈ રહ્યા



હતા. તે દરમિયાન પાછળથી ઓવરસ્પીડમાં આવી રહેલા કન્ટેનર ચાલકે જોરદાર ટક્કર મારી હતી, જે બાદ પાયલબેન ટ્રક નીચે ચગદાઈ ગયા જતાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા, હાજર સ્થાનિક લોકોએ 108 ટીમ અને પોલીસને જાણ કરી હતી. પરંતુ ત્યાં સુધીમાં ઘટનાસ્થળે જ પાયલબેનના ખોળિયામાંથી જીવ જતો રહ્યો હતો. કેન્દ્ર સરકારના માર્ગ અને પરિવહન મંત્રાલયે જાહેર કરેલા આંકડા પ્રમાણે ગુજરાતમાં હાલ ચિંતાજનક રીતે અકસ્માતો વધી રહ્યા છે. બે વર્ષ(2023 અને 2024)માં રોડ અકસ્માતમાં કુલ 15,571 લોકોના મોત થયા છે, જેમાં ગ્રામીણ રસ્તાઓ પર 6,684 અને રાજ્યના ધોરીમાર્ગો પર 4,462 લોકોના મોત નીપજ્યા છે. અમદાવાદ શહેરમાં પણ ટ્રાફિકની સમસ્યાની સાથે સાથે અકસ્માતની સંખ્યાઓમાં પણ વધારો થયો છે. જેમાં મોટાભાગના અકસ્માતો ઓવરસ્પીડ, બેદરકારીભર્યા ડ્રાઈવિંગના કારણે થયા છે.

# ઈસનપુર ખાતે આવેલ વેદાંત ઈન્ટરનેશનલ સ્કૂલમાં CBSE શરૂ કરવાની જાહેરાત સામે વિરોધ

## BBDની આસપાસનું વાતાવરણ ખૂબ જ ન્યુસન્સ વાળું છે: વાલી

• અમદાવાદ

અમદાવાદ શહેરના ઈસનપુર ખાતે આવેલી વેદાંત સ્કૂલ દ્વારા CBSE સ્કૂલ શરૂ કરવાની અને ગુજરાત બોર્ડની સ્કૂલને અન્ય સ્થળે શિફ્ટ કરવાની જાહેરાત સામે ગુજરાત બોર્ડના વિદ્યાર્થીઓના વાલીઓ સાથે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. વાલીઓએ વિદ્યાર્થીઓના ભવિષ્યને ધ્યાનમાં રાખી નિર્ણય પર પુનર્વિચાર કરવાની માગ ઉઠાવી હતી. ત્યારે શાળા સંચાલક દ્વારા આગામી 10થી 15 દિવસમાં ફરી ચોક્કસ નિર્ણય કરવામાં આવશે. ABVP મહાનગર મંત્રી ધ્રુવે જણાવ્યું હતું કે, હમણાં થોડા સમય પહેલા જ અમદાવાદ શહેરમાં ઈસનપુર ખાતે આવેલી વેદાંત ઈન્ટરનેશનલ સ્કૂલની અંદર જે ગુજરાતી મીડિયમના જે વિદ્યાર્થીઓ છે, તથા જે ઈંગ્લિશ મીડિયમ જે ગુજરાત બોર્ડમાં અભ્યાસ કરે છે એવા 3500થી વધારે વિદ્યાર્થીઓને એક શોર્ટ નોટિસની અંદર પ્રશાસન દ્વારા કહેવામાં આવ્યું કે આપને આ વેદાંત સ્કૂલની અંદરથી બીજી એક નજીકની સ્કૂલ BVD મુક્તજીવન સ્કૂલ ખાતે સ્થળાંતરિત કરવામાં આવી રહ્યા છે, આપને હવે આગામી જે અભ્યાસ છે એ ત્યાં આગળ લેવાનો રહેશે. આ ઘટના અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના કાર્યકર્તાઓના ધ્યાનમાં આવતા આજ રોજ વેદાંત ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ABVPના કાર્યકર્તાઓ તથા વાલી મંડળ અને વાલીઓ દ્વારા રજૂઆત કરવામાં આવી અને પ્રિન્સિપાલને આવેદનપત્ર સોંપવામાં આવ્યું કે આ જે સામાન્ય વિદ્યાર્થીઓ છે, જે લોકોએ અહીં ફી ભરી છે, તે આ સ્કૂલને જોઈને ભરી છે, આ વાતાવરણને જોઈને ફી ભરી છે, એ લોકોને કોઈ બીજી જગ્યાએ સ્થળાંતરિત કરવામાં ન આવે. અને આગામી વર્ષથી જે નવા વિદ્યાર્થીઓ એડમિશન લઈ રહ્યા છે, તેમને BVD સ્કૂલ બતાવી ત્યાં એડમિશન આપવામાં આવે. જે વિદ્યાર્થીઓ અહીં અભ્યાસ કરી રહ્યા છે એ લોકોને જ્યાં સુધી એમનું મન છે, એમની ઈચ્છા છે, ત્યાં સુધીનો અભ્યાસ અહીં આ સ્કૂલમાં જ પૂરો કરવા દેવામાં આવે એવી ABVPએ સ્પષ્ટ માંગણી કરી છે. વિદ્યાર્થી હિતમાં નિર્ણય લેવામાં નહીં આવે તો આગામી સમયમાં વિદ્યાર્થી પરિષદ અહીં આંદોલન અને ધરણા પ્રદર્શન કરશે. વાલી પ્રશાંત ગુંજાલએ જણાવ્યું હતું કે, મારી દીકરી આ સ્કૂલની અંદર છેલ્લા 8 વર્ષથી ભણી રહી છે. આ વર્ષે આ સ્કૂલના પરિસરને બદલીને BBD સ્કૂલમાં ખસેડવામાં આવ્યું છે. ત્યાંનું વાતાવરણ બિલકુલ યોગ્ય નથી, ત્યાંની લોકાલિટી પણ યોગ્ય નથી. એક વાલી તરીકે અમારી એવી માંગણી છે કે અમારા બાળકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ પરિસરમાંથી તેમને બીજી કોઈ પણ જગ્યાએ ટ્રાન્સફર કરવામાં ન આવે. BBDની આજુબાજુનું વાતાવરણ ખૂબ જ ન્યુસન્સવાળું છે. ત્યાં પાર્કિંગ માટેની કોઈ વ્યવસ્થા નથી, યોગ્ય રસ્તો નથી અને આસપાસ ખૂબ જ ગીચ વસ્તી છે. આ બધું જોતા, તે શાળા માટેનું કોઈ યોગ્ય વાતાવરણ નથી. સંચાલકોએ અમારી માંગણી સ્વીકારી છે અને કહ્યું છે કે તેઓ મેનેજમેન્ટ સાથે વાત કરશે અને 10 દિવસમાં અમને યોગ્ય પ્રતિસાદ આપશે. નિરંજન જોશી, વેદાંત સ્કૂલના પ્રિન્સિપાલે જણાવ્યું હતું કે, વાલીઓની જે માગ છે, તે તેમણે મને લેખિતમાં જણાવી છે. મેનેજમેન્ટ સાથે પણ મારી આ વિષય પર ચર્ચા ચાલી રહી છે અને ચોક્કસપણે અમે વાલીઓની વાત સાંભળવા તૈયાર છીએ. તેમની વાત સાંભળી પણ છે. ઘણા બધા નિર્ણયો હંમેશા વાલીઓના પક્ષમાં લેવામાં આવ્યા છે. વેદાંત એજ્યુકેશન કેમ્પસ હંમેશા બાળકો અને વાલીઓ સાથે મળીને કામ કરે છે અને બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે કાર્યરત છે. વધુમાં જણાવ્યું કે જે રીતે વેદાંત એજ્યુકેશન કેમ્પસ અને વાલીઓ વર્ષોથી સાથે મળીને કામ કરતા આવ્યા છે, તેમ ભવિષ્યમાં પણ સાથે જ કામ કરીશું. મને જે લેખિતમાં માંગણીઓ મળી છે, તે હું મેનેજમેન્ટ સમક્ષ રજૂ કરીશ.

**સામાજિકતા** બ્રહ્મ સમાજના વિવિધ વર્ગના સભ્યો, મહેમાનો, સંતો અને અધિકારીઓની ઉપસ્થિતી

# ગાંધીનગરમાં બ્રહ્મ સમાજ સમૂહલગ્ન અને યજ્ઞોપવિત કાર્યક્રમ યોજાયો

## 24 બટુકો અને 7 યુગલોએ વિધિપૂર્વક સંસ્કાર પ્રાપ્ત કર્યા

• ગાંધીનગર

ગાંધીનગર સેક્ટર 22 રંગમંચ ખાતે પરશુરામ ફાઉન્ડેશન પ્રેરિત ગાંધીનગર જીલ્લા શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ આંતરરાષ્ટ્રીય સમૂહલગ્ન યજ્ઞોપવિત સમિતિ દ્વારા સમૂહ યજ્ઞોપવિત તથા સમૂહ લગ્નોત્સવ યોજાયો હતો, જેમાં 24 બટુકોના યજ્ઞોપવિત સંસ્કાર અને 7 નવદંપતિઓના વેદોક્ત વિધિ અનુસાર લગ્નગ્રંથિથી જોડાણ કરવામાં આવ્યું. આ પ્રસંગે રાજ્યભરમાંથી સન્માનીય બ્રહ્મઅગ્રણી, રાજકીય અગ્રણીઓ અને વિશિષ્ટ મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા, જેનાથી કાર્યક્રમની શોભા વધારાઈ. સંતોશ્રી, મહંત હરિશરણ દાસજી, ફુલશંકરશાસ્ત્રીજી અને જેતલપુર સ્વામિનારાયણના સંતોએ નવપરણિત યુગલો અને બટુકોને આશિર્વચન આપીને યજ્ઞોપવિત તથા દામ્પત્યજીવન સાથે બ્રહ્મત્વનું મહત્વ સમજાવ્યું. ગુજરાતભરના બ્રહ્મપરિવારજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને દાતાઓ તથા વ્યક્તિ વિશેષોનું સન્માન કરવામાં આવ્યું. કાર્યક્રમમાં ગાંધીનગર ઉત્તર વિધાનસભા મત ક્ષેત્રની ધારાસભ્ય શ્રીમતિ રીટાબેન પટેલ, ગાંધીનગરના મેયર શ્રીમતિ મીરાંબેન પટેલ, ક્ષત્રિય આગેવાન શ્રી પ્રેમલસિંગ ગોલ, ઉચ્ચ અધિકારીશ્રીઓ નેહા કુમારી (IAS), ટી.પી.મહેતા (કમિશ્નર OBC ગુજરાત) સહિત અનેક મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની સફળતા માટે ગાંધીનગર જીલ્લા બ્રહ્મસમાજ અને ન્યુ ગાંધીનગર બ્રહ્મસમાજના હોદેદારો, મહિલા હોદેદારો અને કાર્યકરો દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સુંદર અને આગવી ઢબે સંચાલન અનિલભાઈ ભટ્ટે કર્યું હતું, જ્યારે આભારવિધિ જીલ્લા બ્રહ્મ સમાજના મહામંત્રી રાજેન્દ્રભાઈ શુક્લાએ કરી હતી. ગાંધીનગર જીલ્લા સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ શ્રી વિપુલભાઈ ઠાકર અને મીડિયા સંયોજક શ્રી જગદીશકુમાર આચાર્યે અખબારી યાદીમાં જણાવ્યું હતું કે, 'આ કાર્યક્રમમાં બ્રહ્મ સમાજના દરેક વર્ગના સભ્યોની સહભાગીતા અને સમૂહલગ્ન-યજ્ઞોપવિત વિધિથી સમાજમાં એકતા અને સંસ્કારનો સંદેશ પ્રસરી રહ્યો છે.' આ પ્રસંગે સંતોએ બ્રહ્મત્વના મૂલ્યો, યજ્ઞોપવિતની વિધિ અને દામ્પત્યજીવનના મહત્વ પર પ્રકાશ નાખ્યો. 'યજ્ઞોપવિત સંસ્કાર યુવાનોમાં ધર્મ અને સંસ્કારની જાગૃતિ લાવે છે,' સંતોએ કહ્યું. 'લગ્નોત્સવમાં વેદોક્ત વિધિથી જોડાણ, સમાજમાં પરંપરા અને આધુનિકતા વચ્ચે સુમેળ લાવે છે,' મહંત હરિશરણ દાસજીએ ઉમેર્યું. દાતાઓ અને મહેમાનોના સન્માનથી સમાજમાં સહયોગ અને સમર્પણની ભાવના મજબૂત થઈ છે. 'સમૂહલગ્ન અને યજ્ઞોપવિત જેવા કાર્યક્રમો સમાજમાં સંસ્કાર, એકતા અને સહકારની ભાવના વિકસાવે છે,' પ્રમુખ વિપુલભાઈ ઠાકરે જણાવ્યું. વિશિષ્ટ મહેમાનોના ઉપસ્થિતીથી કાર્યક્રમને વિશેષ મહત્વ મળ્યું. ધારાસભ્ય રીટાબેન પટેલે કહ્યું, 'આવા કાર્યક્રમો સમાજના વિકાસ અને સંસ્કાર માટે અનિવાર્ય છે.' મેયર મીરાંબેન પટેલે સમાજના યુવાનોને અભિનંદન આપ્યા. કાર્યક્રમના સફળ આયોજન માટે બ્રહ્મ સમાજના હોદેદારો અને કાર્યકરોને પ્રશંસા મળી. 'હમણા યુગમાં સમૂહલગ્ન અને યજ્ઞોપવિતની પરંપરા સમાજમાં એકતા અને સંસ્કારના સંદેશ સાથે આગળ વધે છે,' મીડિયા સંયોજક જગદીશકુમાર આચાર્યે જણાવ્યું. આ પ્રસંગે બ્રહ્મ સમાજના વિવિધ વર્ગના સભ્યો, મહેમાનો, સંતો અને અધિકારીઓની ઉપસ્થિતીથી સમગ્ર કાર્યક્રમ લોકમંગલ અને સંસ્કારની દિશામાં સફળ રહ્યો.



## સિનિયર વયજૂથમાં 60kg માં deadlift ઈવેન્ટમાં બધાને પાછળ મૂકી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો

# વાગરા તાલુકાના પખાજણ ગામમાં રહેતી ભરવાડ સમાજ ની દીકરીએ વેઈટ લિફટીંગમાં ગોલ્ડ મેળવ્યો

**ગૌરવ** ,સમાજ,જિલ્લા અને રાજ્ય ની દરેક દીકરીઓ અને માતા-પિતાને ઉદાહરણ પૂરું પાડ્યું છે

• વાગરા

વાગરા તાલુકાના પખાજણ ગામમાં રહેતી ભરવાડ સમાજ ની દીકરી વર્ષાબેન જગદીશભાઈ ભરવાડ જેમણે ગોલ્ડ મેંડલ પ્રાપ્ત કરી ગુજરાત રાજ્ય નું નામ રોશન કર્યું છે.વર્ષાબેને આપણા ગુજરાત નું નામ તો રોશન કર્યું છે પણ સાથે સાથે ભરવાડ સમાજનું ગૌરવ પણ વધાર્યું છે. ગુજરાત રાજ્યના ભરૂચ શહેરના પખાજણ ગામનું નામ પણ રોશન કર્યું છે. જેની ખુશીમાં ગામમા અનેરો આનંદનો માહોલ છવાઈ ગયો છે.વર્ષાબેન ભરવાડ આપણા ગુજરાત ની આન, બાન અને શાન છે. ભરવાડ સમાજ ની સાથે સાથે આપણા ગુજરાત ના દરેક સમાજ ના લોકો માં ખુશી ની લાગણી છવાઈ ગઈ છે . આ આપણા ગુજરાત રાજ્યના ભરૂચ જિલ્લા માટે એક ગર્વ ની વાત છે. દિલ્લી ખાતે યોજાયેલ એશિયન પાવરલિફ્ટિંગ ચેમ્પિયનશિપમાં ભારત દેશના દરેક ખૂણા માંથી આવેલ મહિલા ખેલાડીઓ એ અલગ અલગ વજન શ્રેણી અને વયજૂથમાં ભાગ લીધો હતો . તેમાં ગુજરાત રાજ્ય માંથી ભરવાડ વર્ષા જગદીશભાઈ સિનિયર વયજૂથમાં 60kg માં dead-lift ઈવેન્ટમાં બધાને પાછળ મૂકી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો અને ભરવાડ સમાજ નું નામ રોશન કર્યું છે તેજમ ગુજરાત રાજ્ય ના ભરૂચ જિલ્લાના વાગરા તાલુકાના નાનકડા પખાજણ ગામ નું નામ પર દેશમાં રોશન કર્યું છે. વર્ષાબેન ભરવાડ ભરૂચ જિલ્લાના પખાજણ ગામનું નામ તો રોશન કર્યું છે પણ સાથે સાથે ગુજરાત રાજ્ય અને આપરા ભારત દેશ નું નામ પણ રોશન કર્યું છે.વર્ષાબેન ભરવાડને ભારત દેશ ના તમામ દેશવાસીઓ તરફ થી એશિયાન પાવર લિફટિંગ ચમ્પિયનશિપ માં ગોલ્ડ મેંડલ પ્રાપ્ત કરવા બદલ ખુબ ખુબ અભિનંદન સાથે સાથે વર્ષાબેન ના પરિવાર જણો ને હાર્દિક શુભ કામના વર્ષાબેન ભવિષ્યમાં પણ દેશ નું નામ રોશન કરે એવી શુભકામના. ગુજરાત રાજ્ય તેમજ ભરૂચ જિલ્લાના નાનકડા ગામ પખાજણનું ગૌરવ બનેલી એક સામાન્ય પરિવાર અને સમાજ માંથી દેશમાં નામ કર્યું. આ દીકરી દ્વારા પોતાના ગામ ,સમાજ,જિલ્લા અને રાજ્ય ની દરેક દીકરીઓ અને માતા-પિતાને ઉદાહરણ પૂરું પાડે છે આપણા રાજ્ય આવી ઘણી દીકરીઓ આગળ વધે એ માટે મિશાલ છે




# વાવ-થરાદ જિલ્લા ના લાખણીમાં કાનૂની માર્ગદર્શન અને જાગૃતિ સેમિનાર યોજાયો

## વિદ્યાર્થીઓને કાયદા અંગે વિગતવાર માહિતી મળી

• પ્રધાનજી ઠાકોર

લાખણી ખાતે આવેલી શેઠ શ્રી એ.જી. પટેલ આર્ટસ કોલેજ તેમજ શ્રી સરસ્વતી વિદ્યાલય લાખણી ખાતે જિલ્લા મહિલા અને બાળ પોલીસ સપોર્ટ સેન્ટર તથા તાલુકા સેવા સમિતિના સંયુક્ત ઉપક્રમે કાનૂની માર્ગદર્શન અને જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓમાં કાયદા પ્રત્યે જાગૃતિ લાવી તેમને તેમના અધિકારો અને ફરજો અંગે માહિતગાર કરવાનો હતો. કાર્યક્રમની શરૂઆત ઉપસ્થિત મહેમાનોના શાલ ઓઢાડી સન્માન સાથે કરવામાં આવી હતી. મહિલા અને બાળ વિકાસ વિભાગ પોલીસ સપોર્ટ સેન્ટર (વાવ-થરાદ જિલ્લા) તરફથી ઉપસ્થિત રેખાબેન પરમારે મહિલાઓને લગતી વિવિધ કલ્યાણકારી યોજનાઓ, મહિલા સુરક્ષા, શૈક્ષણિક સહાય, મહિલા હેલ્પલાઇન (181), પોલીસ હેલ્પલાઈન નંબર 112, સાયબર ક્રાઈમ હેલ્પલાઈન (1930) તેમજ મહિલા અને બાળ વિભાગ દ્વારા અમલમાં રહેલી યોજનાઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. તેમણે મહિલાઓને મુશ્કેલીના સમયે નિઃશંક હેલ્પલાઇનનો ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો. આ સાથે તાલુકા કાનૂની સેવા સત્તા મંડળ સમિતિ તરફથી પીએલવી વક્તા શૈલેષકુમાર ધુમડાએ ભારતીય બંધારણ, નાગરિકોની ફરજો, સાઈબર ક્રાઈમથી બચવાના ઉપાયો, નાલસા હેલ્પલાઈન (1500), પોકસો એક્ટ, બાળમજૂરી પ્રતિબંધ કાયદા તથા નાલસા દ્વારા મળતી નિઃશુલ્ક કાનૂની સહાય અને સલાહ અંગે મહત્વપૂર્ણ માહિતી આપી હતી. કાર્યક્રમમાં કોલેજના પ્રમુખશ્રી સુરેશભાઈ સાહેબ, મંત્રીશ્રી જગદીશભાઈ સાહેબ, પ્રિન્સિપાલશ્રી ધીરેનભાઈ ચૌહાણ, કેમ્પસ ડાયરેક્ટર ભાવનાબેન ચૌધરી, અધ્યાપકગણ અને વહીવટી સ્ટાફ તેમજ શ્રી સરસ્વતી વિદ્યાલયના પ્રિન્સિપાલ માવજીભાઈ સાહેબ, મોહનભાઈ સાહેબ, ચિરાગભાઈ સાહેબ, નર્મદભાઈ સાહેબ સહિતનો સ્ટાફ અને કોલેજ-સ્કૂલના વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ જાગૃતિ સેમિનાર દ્વારા વિદ્યાર્થીઓને કાયદા અંગે વિગતવાર માહિતી મળી અને તેઓ કાનૂની રીતે વધુ સજાગ બન્યા હતા.



# ડભોઈ-પણસોલી સ્ટેટ હાઈવે પર મોતની સવારી ટીંબી ફાટક પાસેના વિશાળ ખાડાઓ અકસ્માતને આપી રહ્યા છે આમંત્રણ

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈના ટીંબી ફાટકથી પણસોલી વચ્ચેનો સ્ટેટ હાઈવે હાલ વાહનચાલકો માટે જોખમી બની ગયો છે. છેલ્લા ઘણા સમયથી આ માર્ગ પર પડેલા મોટા ખાડાઓને કારણે અકસ્માતોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે, છતાં તંત્ર ઘોર નિદ્રામાં હોય તેવું લાગી રહ્યું છે.મુખ્ય સમસ્યાઓ અને વાહનચાલકોની હાલાકી વિશાળ ખાડાઓ: ટીંબી ફાટકથી પણસોલી વચ્ચે રસ્તાની મધ્યમાં જ મોટો ખાડો પડી ગયો છે. વાહનચાલકોએ મજબૂરીમાં પોતાની ગાડીઓ આ ખાડામાંથી કુદાવીને પસાર કરવી પડે છે, જેનાથી વાહનોને નુકસાન અને શારીરિક ઈજાઓ થઈ રહી છે.રાત્રિના સમયે જીવનું જોખમ: રાત્રિના અંધકારમાં આ ખાડો દેખાતો ન હોવાથી સૌથી વધુ મુશ્કેલી ટુ-વ્હીલર ચાલકોને પડી રહી છે. બાઈક સવારો અચાનક ખાડો આવતા સ્લિપ ખાઈ જાય છે, જેમાં અનેક લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. તંત્રની બેદરકારી: આ સ્ટેટ હાઈવે હોવાથી અહીંથી સતત અધિકારીઓની અવરજવર રહેતી હોય છે. ત્યારે જનતામાં એવો રોષ જોવા મળી રહ્યો છે કે, 'શું અધિકારીઓને આ ખાડા દેખાતા નથી? કે પછી કોઈ મોટા અકસ્માતમાં કોઈનો જીવ જશે ત્યારે જ તંત્ર જાગશે સ્થાનિક રહિશો અને દરરોજ અવરજવર કરતા વાહનચાલકોની એક જ માંગ છે કે સ્ટેટ હાઈવેના જવાબદાર અધિકારીઓ વહેલી તકે સ્થળ મુલાકાત લે અને આ જોખમી ખાડાઓનું તાત્કાલિક પુરાણ કરવામાં આવે. જો સમયસર કામગીરી નહીં કરવામાં આવે, તો આગામી સમયમાં કોઈ મોટી જાનહાનિ થવાની ભીતિ સેવાઈ રહી છે.

# ડભોઈ પોલીસ નો દરોડો મકાનબાજુના બાથરૂમમાંથી મળેલાથેલામાંથી રૂ.૨૮૫૦૦નો દેશી બનાવટના વિદેશીદારૂનો જથ્થો મળ્યો

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ તાલુકાના વઢવાણા ગામે ડભોઈ પોલીસે પાડેલા દરોડા દરમિયાન મકાનની બાજુના બાથરૂમમાં મુકેલા વિમલના થેલામાંથી દેશી બનાવટના વિદેશી દારૂ રૂ. ૨૮૫૦૦થી વધુના ૬૦ ક્વાર્ટરિયા મળી આવતા પોલીસે કબજે લઈ ફરાર આરોપી ઘનશ્યામ ઉર્ફે ગનાની તપાસ હાથ ધરી હતી.પોલીસની વિગત એવી છે કે શહેર નજીકના વઢવાણા ગામે ડભોઈ પોલીસે ગઈ રાત્રે ઘનશ્યામ ઉર્ફે ગનો નારાયણ પાર્ટણવાડીયાના મકાનની બાજુના બાથરૂમમાં મકાનની બાજુ ના બાથરૂમમાં બાતમી આધારે દરોડો પાડયો હતો. દરોડામાં બાથરૂમમાંથી વિમલનો થેલો મળી આવ્યો હતો. જેમાં તપાસ કરતા દેશી બનાવટના વિદેશી દારૂ રૂપિયા ૨૮૫૦૯ના ૬૦ ક્વાટરિયા મળી આવતા પોલીસે લીધા હતા. તપાસ દરમિયાન આરોપી ઘનશ્યામ ઉર્ફે ગનો નારાયણ પાટણવાડીયા (રહે વઢવાણા ગામ) ફરાર જણાયો હતો. બનાવ અંગે પોલીસે કાનુની કાર્યવાહી કરી હતી.

## રેઢીયાળ તંત્ર સામે સ્થાનિકોમાં રોષ

# ડભોઈ નગરપાલિકાની ઘોર બેદરકારી જોહરા પાર્ક વિસ્તાર નરકાગારમાં ફેરવાયો

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ એક તરફ રાજ્ય સરકાર અને સ્થાનિક તંત્ર વિકાસની મોટી-મોટી વાતો કરી રહ્યું છે, તો બીજી તરફ ડભોઈ શહેરનો જોહરા પાર્ક વિસ્તાર પાયાની સુવિધાઓ માટે વલખાં મારી રહ્યો છે. છેલ્લા ઘણા સમયથી અહીં ગટરની વિકરાળ સમસ્યા હોવા છતાં નગરપાલિકાનું તંત્ર જાણે કુંભકર્ણની નિદ્રામાં હોય તેમ વર્તી રહ્યું છે. ગટરના ગંદા પાણી વચ્ચે જીવવા મજબૂર નાગરિકો જોહરા પાર્ક વિસ્તારમાં આશરે 50થી વધુ રહેણાંક મકાનો અને 100 જેટલા નાના-મોટા કારખાનાઓ આવેલા છે. ગટર લાઈનો ઉભરાવાને કારણે ગંદુ પાણી આખા રોડ પર ફરી વળ્યું છે. આ ગંદકીને કારણે સમગ્ર વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ ફેલાઈ છે, જેનાથી રોગચાળો ફાટવાની ભીતિ સેવાઈ રહી છે પવિત્ર રમઝાન માસમાં પણ હાલાકી હાલમાં પવિત્ર રમઝાન માસ ચાલી રહ્યો છે.



મુસ્લિમ બિરાદરો જ્યારે ઈબાદત માટે જતા હોય છે, ત્યારે રસ્તા પર ફેલાયેલા ગટરના ગંદા પાણીને કારણે ચાલવું પણ મુશ્કેલ બની ગયું છે. વારંવારની રજૂઆતો છતાં આ પવિત્ર માસમાં પણ નગરપાલિકાએ સફાઈ કે નિકાલની તસ્દી લીધી નથી ટેક્સ ભરીએ છીએ તો સુવિધા કેમ નહીં સ્થાનિક રહીશોનો આક્ષેપ છે કે તેઓ નિયમિત પણે નગરપાલિકામાં વેરો (Tax) ભરે છે . તેમ છતાં, જ્યારે સુવિધા આપવાની વાત આવે છે ત્યારે તંત્ર હાથ ઊંચા કરી દે છે. સ્થાનિકોએ અનેકવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરી, રૂબરૂ જઈને પણ અવારનવાર રજૂઆત કરી, છતાં પરિણામ શૂન્ય આવ્યું છે દીવા તળે અંધારું નવા 4 ગામોના વિકાસ પર સવાલ નગરપાલિકાની કામગીરી પર પ્રશ્નાર્થ ચિહ્ન મૂકતા લોકો કહી રહ્યા છે કે, જે તંત્ર ડભોઈ શહેરના પોતાના વિસ્તારોની ગંદકી સાફ કરી શકતું નથી, તે નગરપાલિકામાં નવા ઉમેરાયેલા 4 ગામોનો વિકાસ કેવી રીતે કરશે? જો શહેરના રહેણાંક વિસ્તારોમાં જ દીવા તળે અંધારું' જેવી સ્થિતિ હોય, તો આસપાસના ગ્રામ્ય વિસ્તારોના વિકાસની વાતો માત્ર કાગળ પર જ રહેશે તેમ લાગી રહ્યું છે.સ્થાનિકોની ચીમકી: જો આગામી દિવસોમાં ગટરની આ ગંભીર સમસ્યાનો કાયમી નિકાલ નહીં આવે, તો ડભોઈના જાગૃત નાગરિકો દ્વારા ઉગ્ર આંદોલન કરવાની ફરજ પડશે.

# ગાંધીનગરમાં 5 કરોડના ખર્ચે બનશે નવી સમરસ કન્યા હોસ્ટેલ

### ગાંધીનગરમાં નવી સમરસ કન્યા હોસ્ટેલનું નિર્માણ થશે

• ગાંધીનગર

રાજ્ય સરકાર ગાંધીનગરમાં નવી સમરસ કન્યા હોસ્ટેલનું નિર્માણ કરાશે. આ પ્રોજેક્ટ માટે રૂ. 5 કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે. ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી અંતર્ગત અમલમાં મુકાતી આ યોજના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અન્ય પછાત વર્ગ અને આર્થિક રીતે પછાત વર્ગની વિદ્યાર્થીનીઓને આધુનિક નિવાસ સુવિધા પૂરી પાડવાનો હેતુ ધરાવશે, જેનું નિર્માણ સેક્ટર 8માં થશે. સમરસ હોસ્ટેલ યોજના શિક્ષણને પ્રોત્સાહન આપે છે, જેમાં રાજ્યભરના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને મફત અથવા ઓછા દરે રહેવાની સુવિધા, પૌષ્ટિક ભોજન અને અભ્યાસ માટે અનુકૂળ વાતાવરણ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. રાજ્યની રાજધાની ખાતે નિર્માણ પામતી આ નવી કન્યા હોસ્ટેલથી નોંધપાત્ર સંખ્યામાં લાભાર્થીઓને સુવિધા મળશે અને ગાંધીનગર જેવા શૈક્ષણિક કેન્દ્રોમાં હોસ્ટેલની વધતી માગને પહોંચી વળવામાં મદદ મળશે. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના




અધિકારીઓએ જણાવ્યું કે હોસ્ટેલમાં સુરક્ષિત રૂમ, અભ્યાસ હોલ, ભોજનાલય અને મનોરંજન માટેની સુવિધાઓનો સમાવેશ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ રાજ્યમાં બાળાઓના શિક્ષણ સશક્તિકરણ માટેની વ્યાપક પ્રતિબદ્ધતાનો ભાગ છે. અમદાવાદ, વડોદરા અને સુરત જેવા શહેરોમાં કાર્યરત સમરસ હોસ્ટેલોની શ્રેણીમાં હવે ગાંધીનગરનું નામ પણ જોડાશે.

# એન્સેમ્બલના ખાસ શોમાં જોવા મળ્યું દેશના દિગ્ગજ ડિઝાઈનર્સનું કલેક્શન

• અમદાવાદ

આધુનિક સમયમાં ફેશનની વ્યાખ્યા સતત બદલાઈ રહી છે. એક સમયે 'ભારતનું માન્ચેસ્ટર' તરીકે ઓળખાતું અમદાવાદ પણ ફેશન અને ડિઝાઈન જગતમાં સતત મહત્ત્વનું યોગદાન આપતું આવ્યું છે. તાજેતરમાં અમદાવાદમાં યોજાયેલા એન્સેમ્બલ ફેશન શોમાં આધુનિક શૈલી અને ભારતીય કારીગરીનો અદભૂત સંગમ જોવા મળ્યો.

આ શોમાં એવા ડિઝાઈનર્સના કલેક્શન રજૂ કરવામાં આવ્યા કે જેઓ આજની આધુનિક નારી માટે ભારતીય ફેશનને નવો ઓપ આપી રહ્યા છે અને આ ક્ષેત્રમાં નવી ઓળખ ઊભી કરી રહ્યા છે. અમદાવાદમાં યોજાયેલા એન્સેમ્બલ ફેશન શોમાં કાલાતીત ભવ્યતા અને આધુનિક ડિઝાઈનનો અનોખો જાદુ જોવા મળ્યો. 1987માં તરુણ તાહિલિયાની અને તેઓના પત્ની શૈલજાએ 'એન્સેમ્બલ'ની શરૂઆત કરીને દેશમાં મલ્ટી-ડિઝાઈનર સ્ટોરનો પાયો નાખ્યો હતો.

**ફફડાટ** — કાળા કાચ ને નંબરપ્લેટ વગરની 4 SUV કારથી આતંક

# ગાંધીનગરમાં ખનીજ-માફિયાઓએ ભૂસ્તરશાસ્ત્રી અને મહિલા અધિકારીની કારને ઘેરી લેતા ચકચાર

### ભૂસ્તરની ટીમે પોલીસની મદદ લીધી હોત તો આરોપી ઝડપાઈ જાત : મહિલાની સુરક્ષાને હાનિ પહોંચાડવાનો એક હીન પ્રયાસ



• ગાંધીનગર

ગાંધીનગરમાં ખનીજ ચોરી અટકાવવા નીકળેલી ખાણખનીજ વિભાગની ટીમ પર નાટ્યાત્મક રીતે છાશવારે હુમલાની ઘટના પ્રકાશમાં આવતી રહેતી હોય છે. આ વખતે ખુદ જિલ્લા ભૂસ્તર અધિકારી પ્રણવસિંહ અને અન્ય મહિલા અધિકારીની કારને ખનીજ-માફિયાઓએ ફિલ્મી સ્ટાઈલમાં કાળા કાચ અને નંબરપ્લેટ વગરની લક્ઝુરિયસ ચાર કારથી ઘેરી ફિલ્મી સ્ટાઈલમાં હુમલો કરવાનો અને ડરાવવાનો પ્રાયસ કર્યો હતો. સમગ્ર જિલ્લામાં સિસ્ટમથી ખનીજનું નેટવર્કનો ચલાવતા માફિયાઓએ બેખૌફ રીતે માણસાથી એસપી કચેરી થઈ ઈન્ફોસિટી સુધી અધિકારીઓની કારનો પીછો કર્યો હતો. આખરે ગભરાઈને મહિલા માઈન્સ સુપરવાઝરે 112માં મદદ માગી માણસા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ગાંધીનગર જિલ્લા સેવા સદન ખાતે ભૂસ્તરશાસ્ત્રી પ્રણવસિંહ સહિત માઈન્સ સુપરવાઈઝર સગુણા ઓઝા, રોયલ્ટી ઈન્સ્પેકટર મેહુલા સભાયા ગત 2 ફેબ્રુઆરીએ માણસાના પુંધરા ખનિજની બિનઅધિકૃત સંગ્રહ/વહનની તપાસ પૂર્ણ કરી વહેલી પરોઢિયે ખાનગી ગાડીમાં પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન નંબરપ્લેટ વિનાની કાળા કાચવાળી નંબર પ્લેટ વિનાની બે સ્કોર્પિયો અને એક વેન્યૂ કારે પુંધરાથી પેથાપુર તરફ જવાના રસ્તે ઈશ્વરપુરા ગામથી ફિલ્મી સ્ટાઈલમાં આગળ-પાછળ રહી પીછો કરવા લાગી હતી, જેમાં એક સ્કોપિયોના કાળા કાચ પર 'Raa-hi' લખેલી ગાડીમાં ભૂમાફિયા દિગ્વિજસિંહ ચાવડા (રહે, વરસોડા તા-માણસા) બેઠો હોવાનું માઈન્સ સુપરવાઈઝર જાણી ગયા હતા. એ વખતે ભૂસ્તરશાસ્ત્રી પ્રણવસિંહે લગાતાર હોર્ન માર્યા પણ ભૂમાફિયા સ્કોર્પિયોચાલકે સાઈડ નહીં આપી ભયનો માહોલ ઊભો કર્યો હતો. આ ભૂમફિયાઓની ગેંગ દ્વારા અર્જુનપુરા ખાતે ભૂસ્તર ટીમની ગાડીની આગળ-પાછળ રહી રેકી કરી અવરોધો ઊભા પણ કરવામાં આવી રહ્યા હતા, જેનો મહિલા અધિકારીએ વીડિયો પણ ઉતાર્યો હતો. ત્યાર બાદ ભૂસ્તરશાસ્ત્રી પ્રણવસિંહ સહિતની ટીમ સેક્ટર-28 ડીએસપી ઓફિસ સુધી પહોંચ્યા હતા, જ્યાં વધુ સંખ્યામાં પોલીસ જોઈને ભૂસ્તર ટીમે પોતાની ગાડી ધીમી કરતાં ભૂમાફિયાઓ ત્યાંથી રવાના થઈ ગયા હતા. જોકે એસપી કચેરી ખાતેથી પસાર થયા તોય પોલીસની મદદ માગવાની જગ્યાએ ભૂસ્તર ટીમ બહાદુરીપૂર્વક સેક્ટર 30 સર્કલ તરફ આગળ વધી હતી, જ્યાં આગળ જતાં જ એક સફેદ રંગની નંબરપ્લેટ વગરની કાળા કાચવાળી I-10 ગાડીએ ચ 0 સર્કલ સુધી પીછો શરૂ કર્યો હતો, જ્યાં અગાઉથી ઉપરોક્ત ત્રણ ગાડી ભૂસ્તર ટીમની રાહમાં ઊભી રહી ગઈ હતી. આટલેથી ન અટકેલી ભૂમાફિયા ગેંગ ભૂસ્તરશાસ્ત્રી પ્રણવસિંહ સહિતની ટીમમાં ખૌફ ઊભો કરવા એક જૂથ થઈ રફ ડ્રાઈવિંગ કરી સરકારી કામગીરીમાં અડચણો ઊભી કરી હતી. બાદમાં માઈન્સ સુપરવાઈઝર સગુણા ઓઝા પોતાનું એક્ટિવા લેવા ઈન્ફોસિટી ખાતે ગયાં હતાં, જ્યાં પણ ઉક્ત ચારેય ગાડી જોવા મળી હતી, જેથી તેમણે અંતે ગભરાઈને 112 હેલ્પલાઈનની મદદ માગતાં પોલીસ એક્ટિવ થઈ હતી. બાદમાં બે ઈસમ i-10 ગાડી મૂકીને નાસી ગયા હતા. આ ફિલ્મી હાઈવોલ્ટેજ ડ્રામા મામલે આખરે માણસા પોલીસ મથકે ફરિયાદ નોંધાવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે આ માત્ર રેકી નહોંતી, પરંતુ રાત્રિના સમયે ફરજ બજાવતી મહિલા કર્મચારીઓને ડરાવવાનો અને તેમની સુરક્ષાને હાનિ પહોંચાડવાનો એક હીન પ્રયાસ હતો. અગાઉ પણ જે ભૂમાફિયાઓ વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી છે તેવાં તત્ત્વો ફરી સક્રિય થતાં પોલીસ પણ પાસા સુધીની કડક પગલાં લે તો નવાઈ નહીં. નોંધનીય છે કે ગાંધીનગર જિલ્લામાં ભૂતકાળમાં કાઠિયાવાડી કોયલના નામે ચાલતું નેટવર્ક બહાર આવી જતાં ભૂસ્તર તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા હતા, જોકે તોય ભૂમાફિયાઓએ ગોઠવેલું નેટવર્ક હજી પણ સિસ્ટમથી એક્ટિવ હોવાનો ગણગણાટ યથાવત્ છે. ત્યારે છેલ્લા કેટલાય સમયથી ભૂસ્તર તંત્રની ટીમ ઉપર હુમલો પ્રયાસ થયાની ઘટનાઓ પણ પોલીસ ચોપડે નોંધાઈ ચૂકી છે. એવામાં ખુદ જિલ્લા ભૂસ્તરશાસ્ત્રી પ્રણવસિંહને પણ ભાફિયાઓએ પરચો આપ્યો હોવાની ફરિયાદ માણસા પોલીસ મથકના ચોપડે નોંધાઈ છે.

માત્ર 4 હજારના ખર્ચમાં પરમીટ મળે છે

# ગાંધીનગરમાં લિકર હેલ્થ પરમિટ મેળવનાર લોકોની સંખ્યામાં ઉછાળો

**છૂટછાટનો દૌર** — ગાંધીનગરમાં એક વર્ષમાં જ 478 લોકોને દારૂ પીવાનો પરવાનો અપાયો

• ગાંધીનગર

સમગ્ર રાજ્યમાં દારૂબંધી હોવા છતાં સત્તાવાર દારૂ પીવાની પરમીટ મેળવનાર લોકોની સંખ્યા સતત વધી રહી છે. રાજયનું પાટનગર પણ તેમાંથી બાકાત નથી. પાટનગરમાં વર્ષ 2024માં અપાયેલી પરવાની સામે વર્ષ 2025માં 12 ટકા વધુ પરમીટ આપવામાં આવી છે. વર્ષ 2025 દરમિયાન ગાંધીનગર જિલ્લામાં કુલ 478 લિકર હેલ્થ પરમિટ ઈશ્યુ કરવામાં આવી હતી. હાલ શહેરમાં 2 હજારથી વધુ લોકો લીકર પરમિટ ધરાવે છે. રાજ્યના નિયમો અનુસાર 40 વર્ષથી વધુ ઉંમર ધરાવતા અને નિર્ધારિત આવક ધરાવતા અરજદારોને તબીબી અભિપ્રાય બાદ મર્યાદિત જથ્થામાં દારૂ રાખવા અને વાપરવાની મંજૂરી આપવામાં આવે છે. પરમિટ માટે અરજી, ફી, દસ્તાવેજો અને મેડિકલ બોર્ડની પ્રક્રિયા પૂર્ણ કર્યા પછી મંજૂરી આપવામાં આવે છે અને ઉંમર મુજબ દર મહિને યુનિટની મર્યાદા નક્કી કરવામાં આવી છે. ગાંધીનગર જિલ્લામાં આરોગ્ય આધારિતપરમિટમાટેઅરજદારોને મુંબઈ વિદેશી દારૂ નિયમો,1953ના નિયમ 64 હેઠળ અરજી કરવાની રહે છે. અરજદારની ઉંમર 40 વર્ષ પૂર્ણ હોવી અને માસિક આવક રૂ. 25,000થી વધુ હોવી જરૂરી છે. સાથે સરકારી નોકરી અથવા સ્થાનિક સંસ્થા સાથે સંબંધિત હોય તો એનઓસી રજૂ કરવી પડે છે. અરજી ફોર્મ જિલ્લા કચેરીએથી વિનામૂલ્યે મળે છે. અરજી પ્રોસેસ ફી રૂ. 2000 અને મેડિકલ તપાસણી ફી રૂ. 2000 ભરવાની રહે છે. રૂ. 3 ની કોર્ટ ફી સ્ટેમ્પ સાથે અરજી સબમિટ કરાય છે. અરજીને બાદમાં એરીયા મેડિકલ બોર્ડને મોકલાય છે અને કૌટુંબિક તબીબ(ફેમિલિ ડૉક્ટર)નું પ્રમાણપત્ર, ઉંમર, રહેઠાણ, આવક અને સારવારના દસ્તાવેજો આપવા પડે છે. તમામ કાર્યવાહી પૂર્ણ થયા બાદ અંદાજે એક મહિનામાં અરજીનો નિકાલ થાય છે. પરમિટ મંજૂર થયા પછી દર વર્ષે રૂ. 2000 ફી લેવામાં આવે છે. ઉંમર વધે તેમ વધુ જથ્થામાં દારૂ મળે છે. 40થી 50 વર્ષ સુધીમાં 3 યુનિટ મળે છે. જ્યારે 50થી 65 વર્ષમાં 4 યુનિટ અને 65થી વધુને 5 યુનિટ મળે છે.



# આદિવાસી ગૌરવ દિવસ નિમિત્તે ડેડીયાપાડાથી ખોખરા ઉમર સુધી ભવ્ય રોડ શો યોજાશે

### રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહીત મંત્રીઓની ખાસ ઉપસ્થિતિ

• દીપક જગતાપ, રાજપીપલા

આદિવાસી ગૌરવ દિવસ નિમિત્તે ડેડીયાપાડા ખાતે ભવ્ય કાર્યક્રમ આદિવાસી ગૌરવ દિવસ નિમિત્તે તા. ૨૬ના રોજ ડેડીયાપાડા તાલુકાના ખોખરા ઉમર ખાતે ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગે નર્મદા જિલ્લા ભાજપના જિલ્લા પ્રમુખ શ્રી નીલ રાવે શ્રી કમલમ્, નર્મદા, રાજપીપલા ખાતે માહિતી આપતા જણાવ્યું હતું કે કાર્યક્રમમાં પ્રદેશ આદિજાતિ મોરચાના પ્રમુખ ગણપતભાઈ વસાવાનું વિશેષ અભિવાદન કરવામાં આવશે. કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી ખાસ ઉપસ્થિત રહી કાર્યક્રમને ગૌરવવંત બનાવશે. ભગવાન બિરસા મુંડા ને પુષ્પાંજલિ સવારે ૭વાગ્યે ડેડીયાપાડા ખાતે ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે. ત્યારબાદ ડેડીયાપાડાથી ખોખરા ઉમર સુધી ભવ્ય રોડ શો યોજાશે. આ રોડ શોમાં મોટી



સંખ્યામાં કાર્યકરો, આદિવાસી અગ્રણીઓ અને જનસમૂહ જોડાશે. જિલ્લા પ્રમુખ શ્રી નીલ રાવે જણાવ્યું હતું કે આદિવાસી ગૌરવ દિવસ આદિવાસી સમાજના શૌર્ય, સંસ્કૃતિ અને યોગદાનને વંદન કરવાનો દિવસ છે. કાર્યક્રમ દ્વારા આદિવાસી સમાજના ગૌરવપૂર્ણ ઈતિહાસ અને તેમના અધિકારો અંગે જનજાગૃતિ ફેલાવવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવશે. સર્વે કાર્યકરો તથા આદિવાસી સમાજના આગેવાનોને વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવવાની અપીલ કરવામાં આવી છે.

# રાજ્યમાં IAS અધિકારીઓની જગ્યાઓ 313થી વધારીને 328 કરાઈ

### કેન્દ્ર સરકારે નોટિફિકેશન બહાર પાડ્યુ

• ગાંધીનગર

કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાત રાજ્ય માટે IAS (ભારતીય વહીવટી સેવા) કેડરની સંખ્યામાં વધારો કરવાની જાહેરાત કરવામાં આવી છે. નવા ફેરફાર મુજબ, ગુજરાત કેડરમાં હવે IAS અધિકારીઓની કુલ સંખ્યા 313 થી વધારીને 328 કરવામાં આવી છે. આ નિર્ણય વહીવટી કામગીરીને વધુ સુદ્રઢ બનાવવા અને રાજ્યની વધતી જરૂરિયાતોને પહોંચી વળવા માટે લેવામાં આવ્યો છે. આ વધારા અંતર્ગત કુલ 15 નવી જગ્યાઓ ઉમેરવામાં આવી છે. જેમાં સીધી ભરતી (Direct Recruit) દ્વારા લેવામાં આવતા અધિકારીઓ અને રાજ્ય સેવાઓમાંથી બઢતી (Promotion) મેળવતા અધિકારીઓનો સમાવેશ થાય છે. આ ફેરફાર બાદ હવે રાજ્યમાં સિનિયર ડ્યુટી પોસ્ટ્સની સંખ્યા પણ વધીને 169 થઈ ગઈ છે, જે અગાઉ 161 હતી.

ઉલ્લેખનીય છે કે, કેડર રિવ્યુની આ પ્રક્રિયા વહીવટી માળખાને વધુ કાર્યક્ષમ બનાવવા માટે સમયાંતરે કરવામાં આવતી હોય છે. ગુજરાતમાં વધી રહેલા શહેરીકરણ અને વિવિધ સરકારી પ્રોજેક્ટ્સના અમલીકરણ માટે વધુ અનુભવી અધિકારીઓની જરૂરિયાત જણાતી હતી, જેને ધ્યાનમાં રાખીને કેન્દ્રના પર્સનલ અને ટ્રેનિંગ વિભાગ (DoPT) દ્વારા આ ગેઝેટ નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે. ગુજરાતમાં IAS અધિકારીઓની જગ્યાઓ 313થી વધારીને 328 કરાઈ, કેન્દ્ર સરકારે નોટિફિકેશન બહાર પાડી 2 - imageગુજરાતમાં IAS અધિકારીઓની જગ્યાઓ 313થી વધારીને 328 કરાઈ, કેન્દ્ર સરકારે નોટિફિકેશન બહાર પાડી 3 - imageગુજરાતમાં IAS અધિકારીઓની જગ્યાઓ 313થી વધારીને 328 કરાઈ.

# નર્મદા જિલ્લાના રાજપીપલા શહેર માં વાતાવરણમાં પલટો



• દીપક જગતાપ, રાજપીપલા

નર્મદા જિલ્લાના રાજપીપલા શહેર માં વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો સવારથીજ વાદળછાયું વાતાવરણ જોવા મળતા જિલ્લા ડેડીયાપાડા સાગબારા સહિત રાજપીપલા શહેરમાં કમોસમી ધીમીધારે વરસાદ પડવો શરૂ થયો હતો. ભળ શિયાળે કમોસમી વરસાદ વરસતા ખેડૂતોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું હતું.જોકે ખેડૂતો આ માવઠાથી ખેડૂતોના ઉભાપાકને નુકશાનની ભીતિ સેવી રહ્યાં છે. આંબબા પર આવેલ મોર પણ ખરી જતા કેરી પણ મોંઘી થઈ જવા પામી હતી.

બસ સ્ટેશન અને બસની અંદર મુસાફરોદ્વારા ગંદકી કરશે તો દંડ થશે

# રાજપીપલા બસ સ્ટેશન કે બસમાં ગંદકી કરનાર સામે કરશે દંડાત્મક કાર્યવાહી

• દીપક જગતાપ, રાજપીપલા

નર્મદા જિલ્લાનાં એસ.ટી.તંત્ર દ્વારા ગુજરાત સરકારનાં સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત રાજપીપલા, ડેડીયાપાડા અને સેલંબા, એકતાનગર કેવડીયા બસ સ્ટેશન અને બસની અંદર મુસાફરોદ્વારા ગંદકી ન કરવા અનુરોધ કરવામાં આવે છે. રાજપીપલા એસ.ટી.ડેપો સીની. મેનેજર.એચ.એસ.જોષી જણાવે છે કે એસ.ટી.નિગમ મુસાફરીની સેવામાં કાર્યરત છે. રાજપીપલા એસ.ટી.ડેપોની સ્વચ્છતા જાળવણી એ આપણી સામુહિક જવાબદારી છે. મુસાફરોને જાગૃત કરવા માટે બસ સ્ટેશન ખાતે




સ્વચ્છતા અભિયાનના પોસ્ટરો પ્રદર્શિત કરવામાં આવેલ છે. રાજપીપલા બસ સ્ટેશન નર્મદા જીલ્લાનો આદર્શ અને સ્વચ્છ બનાવવા માટે જેપણ કોઈ મુસાફરો બસ સ્ટેશનની અંદર ગંદકી કરશે કે બસમાં ગંદકી કરશે તેમજ બસ સ્ટેન્ડના પરિસરમાં કે બસમાં કચરો ફેંકવો કે પાન-મસાલાની પિચકારી મારવી જેવી અસ્વચ્છ હરકતો કરવામાં આવશે તો તેવા મુસાફરો પાસેથી સ્પેશીયલ ચેકીંગ સ્કોર્ડ દ્વારા દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે. એસ.ટી. નિગમ દ્વારા બસમાં મુસાફરી કરતા મુસાફરો માટે દરેક બસમાં ડસ્ટબીન મુકવામાં આવેલ છે. જેનો વ્યાપક ઉપયોગ કરવા મુસાફર જનતાને વિનંતી કરવામાં આવે છે. તેમજ કચરો કચરાપેટીમાં નાખવામાટેના પોસ્ટરો બસમાં તેમજ બસ સ્ટેન્ડ ઉપર પણ લગાડવામાં આવેલ છે. મુસાફરી દરમ્યાન સ્વચ્છતા જાળવવામાં એસ.ટી નિગમને સહકાર આપો તેમજ રાજપીપલા બસસ્ટેન્ડ પરિસરની દિવાલો તથા સમગ્ર બસ સ્ટેન્ડ ગંદકી કરી બગાડનાર સામે કડક કાયદાકીય કાર્યવાહીકરવામાં આવશે. રાજપીપલા એસ.ટી.ડેપોની આ પહેલ સ્વચ્છ અને આરોગ્યપ્રદ વાતાવરણ સર્જવામાટે સરાહનીય પગલું માનવામાં આવી રહી છે.

# લગ્ન પ્રસંગ માં ભેટ સ્વરૂપે ભારતીય સંવિધાન આપવામાં આવ્યું

## ઘોઘંબા તાલુકાના નાનકડા ગામ માલમુહડી માં સામાજિક પરિવર્તનની ઐતિહાસિક તસ્વીર



• ઈરફાન મકરાણી કદવાલ

સમાજની પહેલી અને ઐતિહાસિક ઘટના આવું કદાચ મેં ક્યારેય પેહલા નથી જોયું આ ઘોઘંબા તાલુકામાં પ્રથમ વાર બન્યું છે ..આજ રોજ અનુસૂચિત જાતિ માં આવતા વાલ્મીકી સમાજ ના આગેવાન અનુસૂચિત જાતિના ઉપપ્રમુખ કનુભાઈ ટી ડોડીયા ના સુપત્રી ના લગ્ન શુભ પ્રસંગ હતો જેમાં રીત રિવાજ અનુસાર તમામ વસ્તુઓની સાથે ભારતનું સંવિધાન આપવામાં આવ્યું આ એક શરૂઆત છે... શિક્ષિત અને જાગૃત યુવા અખિલ ભારતીય એસ સી .એસ ટી એકતા મંચ ના યુવા અધ્યક્ષ વિજયભાઈ. આર. સોલંકી તથા પંચમહાલ યુવા અધ્યક્ષ ધર્મેન્દ્રભાઈ સોલંકી તથા સંયોજક વિઠ્ઠલભાઈ સહસયોજક રવિભાઈ સોલંકી.. વાલ્મીકી સમાજ ના પ્રમુખ જેસિંગ ભાઈ સોલંકી ની. જેઓ ની હરહંમેશ કંઈક અલગ જ વાત હોઈ છે જેમાં ની સંવિધાન ભેટ ની એક આ વાત હાજર સૌ મહેમાનો ને અચંબિત કરી ગઈ કારણ આ સૌ માટે ઈતિહાસમાં પ્રથમ વાર હતું ત્યારે આપણે પણ આ રિવાજ અનુસરી લગ્ન અને ચાંદલા પ્રસંગે સંવિધાન ભેટ કરીયે અને નવયુગલો ને જણાવીએ કે આ સંવિધાન વિશે સમાજ માં જાગૃતિ ફેલાય અને સમાજ માં આવનારી પેઢી માં જાગૃતા આવે આ અનોખી ભેટ દ્વારા નવવધૂ ને ભારતીય સંવિધાનના મૂલ્યો - સમાનતા, ન્યાય અને સ્વાતંત્ર્ય - ની પ્રેરણા મળશે, જે તેમના નવા જીવનની શરૂઆતને વધુ અર્થપૂર્ણ બનાવશે. આવા પ્રયાસો સમાજમાં સમાનતા અને સામાજિક એકતાને મજબૂત કરે છે.

યુવા શક્તિ ટીમ સખત મહેનત કરી રહ્યા છે સંવિધાનથી પૂરો દેશ ચાલી રહ્યો છે જેનો આપ અભ્યાસ કરો અને દેશમાં ચાલતી તમામ ઘટનાઓને સંવિધાન ની નજર થી જુઓ અને જ્યાં તમને લાગે કઈ ખોટું થઈ રહ્યું છે ત્યાં અવાજ ઉઠાવો.

**ઉમદા કાર્ય** સેવા કાર્ય દાતા માલુબેન રાજુભાઈ માંડવિયા (અમેરિકા) ના ઉદાર સહયોગથી સંભવ બન્યું

# માધવપુર (ઘેડ) ખાતે રણછોડદાસજી બાપુ ચેરિટેબલ હોસ્પિટલ, રાજકોટ દ્વારા નિઃશુલ્ક નેત્ર મહાયજ્ઞ યોજાયો

## મોતીબિંદુ સહિતની ગંભીર દૃષ્ટિ સમસ્યાઓથી ૪૫ દર્દીઓના અંધાપો થશે દૂર

• વિરમભાઈ કે.આગઠ

માધવપુર (ઘેડ) ખાતે માનવસેવાનું એક અનોખું અને પ્રેરણાદાયી કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ થયું. શ્રી રણછોડદાસજી બાપુ ચેરિટેબલ હોસ્પિટલ, રાજકોટ દ્વારા આયોજિત વિશાળ નિઃશુલ્ક નેત્રકેમ્પ ગ્રામ્યવિસ્તારના જરૂરતમંદ નાગરિકો માટે આશીર્વાદરૂપ સાબિત થયો. કેમ્પનો મુખ્ય હેતુ ગામડાંઓમાં રહેતા આર્થિક રીતે નબળા વર્ગ સુધી આધુનિક નેત્રસેવા પહોંચાડવાનો હતો.

કાર્યક્રમની શરૂઆત દાતા માલુબેન રાજુભાઈ માંડવિયા (અમેરિકા) ના દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવી હતી. દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમને શુભ શરૂઆત આપવામાં આવી . કેમ્પ દરમિયાન આશરે ૧૫૦ થી વધુ નાગરિકોની નિઃશુલ્ક નેત્ર તપાસ અનુભવી તબીબોની ટીમ દ્વારા કરવામાં આવી. આધુનિક યુ સાધનો અને તબીબી માર્ગદર્શન હેઠળ દરેક દર્દીની વિગતવાર તપાસ કરવામાં આવી હતી.

તપાસ બાદ ૪૫ દર્દીઓને મોતીબિંદુ સહિતની ગંભીર દૃષ્ટિ સમસ્યાઓ માટે વધુ સારવાર અને સર્જરી માટે રાજકોટ ખાતે મોકલવાની ભલામણ કરવામાં આવી. આ સમગ્ર સારવાર પ્રક્રિયામાં દર્દીઓને ફોલ્ડેબલ લેન્સ, નિષ્ણાત સર્જન દ્વારા ઓપરેશન, જરૂરી દવાઓ, ચશ્મા તેમજ આવક જાવકનો ખર્ચ સહિત તમામ સુવિધાઓ સંપૂર્ણપણે નિઃશુલ્ક આપવામાં આવશે. ગરીબ અને જરૂરતમંદ લોકો માટે આ સહાય માત્ર સારવાર નહીં પરંતુ જીવનમાં ફરી પ્રકાશ લાવનાર બની છે.

આ સેવા કાર્ય દાતા માલુબેન રાજુભાઈ માંડવિયા (અમેરિકા) ના ઉદાર સહયોગથી સંભવ બન્યું. તેમની માનવતાભરી ભાવના અને સમાજ પ્રત્યેની પ્રતિબદ્ધતાએ અનેક પરિવારોમાં આશા અને આનંદ ફેલાવ્યો છે. કેમ્પ દરમિયાન અનેક વૃદ્ધ નાગરિકો અને શ્રમિક વર્ગના લોકો, જે વર્ષોથી ધૂંધળી દૃષ્ટિથી પીડાતા હતા, તેઓએ નિષ્ણાત તબીબો પાસેથી માર્ગદર્શન મેળવ્યું.



સારવાર માટે પસંદ થયેલા દર્દીઓના ચહેરા પર દેખાતો વિશ્વાસ અને રાહતનો ભાવ સમગ્ર કાર્યક્રમની સફળતાનો સાક્ષી રહ્યો. આ પ્રસંગે મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા, જેમાં જયશ્રીબેન અશોકભાઈ માંડવિયા, રાજુભાઈ માંડવિયા, અતુલભાઈ, અનિતાબેન તેમજ ધીરુભાઈ નાથવાણી (જયશ્રીરામ) સહિતના આગેવાનોની ઉપસ્થિતિએ કાર્યક્રમને વધુ ગૌરવ અપાવ્યું.

આ સમગ્ર આયોજનમાં સ્થાનિક કાર્યકર્તાઓ અને સ્વયંસેવકો મહેન્દ્રભાઈ જોશી, આર.આર. ભૂવા સાહેબ, શૈલેષભાઈ પુરોહિત, રાજાભાઈ મોકરિયા, અર્જણભાઈ ભૂવા, પ્રવીણભાઈ વાજા, પાબાભાઈ, પરશોત્તમભાઈ મોકરિયા તેમજ મહિલા મંડળની બહેનો નું યોગદાન પ્રશંસનીય રહ્યું. નોંધણી, વ્યવસ્થાપન અને દર્દીઓની સુવિધા માટે સૌએ એકજૂટ થઈ સેવા આપી. કાર્યક્રમનું સુચારૂ અને શિસ્તબદ્ધ સંચાલન પ્રોજેક્ટ ડિરેક્ટર શ્રી રાજેશ રામાણીના માર્ગદર્શન હેઠળ થયું. તેમની આગેવાની અને સુક્ષ્મ આયોજનના કારણે કેમ્પ સફળતાપૂર્વક પૂર્ણ થયો. આ નેત્રસેવા મહાયજ્ઞે માત્ર આરોગ્યસેવા પૂરતી મર્યાદિત ન રહી પરંતુ સમાજમાં માનવતા, સહકાર અને સેવાભાવનાનો સુંદર સંદેશ ફેલાવ્યો.

આયોજકો દ્વારા ભવિષ્યમાં પણ આવા નિઃશુલ્ક આરોગ્યકેમ્પો યોજવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી છે જેથી વધુને વધુ જરૂરતમંદ લોકો સુધી આરોગ્યસેવાનો લાભ પહોંચી શકે. માધવપુર (ઘેડ) ખાતે યોજાયેલ આ સેવા અભિયાન એ સાબિત કરે છે કે જ્યારે સેવા અને સમર્પણ સાથે કાર્ય થાય છે ત્યારે અંધકારને હરાવીને અનેક જીવનમાં પ્રકાશ પ્રગટાવી શકાય છે.

બબ્બે કેબિનેટ મંત્રીઓ હોવા છતાં શહેર હદમાં ટોલ વસૂલાત બંધ કરવાની માંગ નહીં ઉકેલાતા ભારે રોષ

# વનાણા ટોલનાકા દૂર કરવા મુદ્દે કોંગ્રેસ, બસપા અને આમ આદમીનું ત્રિવેણી સંગમ : ઉગ્ર ધરણા કરાયાં

**ચક્કાજામની ચેતવણી** વનાણા ટોલનાકું હવે ટેક્સ ઉઘરાવવાનું કેન્દ્ર બની ગયું છે

• વિરમભાઈ કે. આગઠ

પોરબંદર નગરપાલિકાનું મહાનગરપાલિકામાં રૂપાંતર થયા બાદ એક વર્ષ અને બે મહિના વીતી ગયા હોવા છતાં શહેર હદમાં ગેરરીતે ચાલુ રહેલા વનાણા ટોલનાકા મુદ્દે રાજકીય તણાવ વધ્યો છે. આ મુદ્દે કોંગ્રેસ, બહુજન સમાજ પાર્ટી અને આમ આદમી પાર્ટી–ત્રણેય વિપક્ષોએ એકજૂટ બની પોરબંદર-રાજકોટ નેશનલ હાઈવે પર આવેલા વનાણા ટોલનાકા પાસે ઉગ્ર વિરોધ પ્રદર્શન અને ધરણાનું આયોજન કર્યું હતું. ધરણા કાર્યક્રમમાં ત્રિવેણી સંગમ પક્ષોના હોદ્દેદારો, કાર્યકરો અને મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકો જોડાયા હતા. નેતાઓએ જણાવ્યું હતું કે આ ધરણો માત્ર શરૂઆત છે; જો આગામી દિવસોમાં ટોલનાકું હટાવવાનો મક્કમ નિર્ણય નહીં લેવાય, તો ચક્કાજામ અને જેલ ભરો જેવા કાર્યક્રમો દ્વારા આંદોલન વધુ ઉગ્ર બનાવવામાં આવશે. વિપક્ષોએ સંયુક્ત યાદીમાં માંગણી કરી છે કે તંત્ર જનહિતમાં તાત્કાલિક નિર્ણય લઈ વનાણા ટોલનાકાને શહેરની હદ બહાર ખસેડે અથવા સંપૂર્ણપણે નાબૂદ કરે. શહેરમાં જ વાહન અવરજવર માટે પ્રજાથી ટેક્સ વસૂલવો નૈતિક અને કાયદાકીય રીતે ખોટો હોવાનું નેતાઓએ જણાવ્યું.





ધરણા દરમિયાન કોંગ્રેસના કાંતિભાઈ બુધેચા, પોપટભાઈ ચાંચીયા, અજયભાઈ મોઢા, રામભાઈ ઉલવા, બસપાના જિલ્લા પ્રમુખ એન.પી. રાઠોડ, પ્રભારી દિનેશ માંડવીયા તેમજ આમ આદમી પાર્ટીના નૂતનબેન ગોકાણી સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. તેમણે આક્રોશ વ્યક્ત કરતાં જણાવ્યું કે નિયમ મુજબ કોઈપણ ટોલનાકું શહેરની હદમાં હોઈ શકે નહીં. છેલ્લા એક વર્ષથી વધુ સમયથી સ્થાનિકો દ્વારા રજૂઆતો છતાં તંત્ર કોઈ પગલું લેતું નથી. આ તકે ત્રિવેણી સંગમ પક્ષના નેતાઓએ ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતાં જણાવ્યું કે પોરબંદરને રાજ્ય અને કેન્દ્રમાં પ્રતિનિધિત્વ આપતા બે શક્તિશાળી મંત્રીઓ હોવા છતાં જનતાને ‘લૂંટનાકા’માંથી મુક્તિ મળતી નથી. “જો તમારી જ સરકારમાં હોવા છતાં ગેરકાયદેસર ટોલનાકું દૂર ન કરી શકાય, તો વિકાસના દાવા પોકળ સાબિત થાય છે,” તેમ તેમણે જણાવ્યું. નેશનલ હાઈવે ઓથોરિટી સામે પણ નિશાન સાધતા કાર્યકરોએ આક્ષેપ કર્યો કે વનાણા ટોલનાકું હવે ટેક્સ ઉઘરાવવાનું કેન્દ્ર બની ગયું છે અને સ્થાનિકોને પોતાના જ શહેરમાં ફરવા ટેક્સ ચૂકવવો પડે છે. વિકાસના નામે સરકાર જનતાને મોંઘવારી અને ટેક્સનો બોજ આપી રહી હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો.

# કાંકરેજ તાલુકામાં આંગણવાડી કાર્યકરો ના પડતર પ્રશ્નો અંગે હડતાળ પર ઉતર્યા

## વે સરકાર દ્વારા આંગણવાડી કાર્યકરો ની માંગણીઓ પૂરી પાડવામાં આવશે કે નહી તે જોવું રહ્યું

• અરવિંદસિંહ. ભટેસરીયા. કાંકરેજ

કાંકરેજ તાલુકા મામલતદાર કચેરી પાસે ત્રણ ઘટક ની આંગવાડી અને તેડાગર બહેનો એકઠા થયા. કોર્ટના ચુકાદાને લાગુ કરવા અને કાર્યકર તેમજ તેડાગર ને માનદ વેતનમાંથી મુક્ત કરી વર્ગ ૩.અને ૪ સમાવેશ કરવો. મોબાઈલ આપવા માટે ૨૦૨૨ માં કહ્યું હતું જોકે હજુ સુધી કોઈ મોબાઈલ ફોન નથી આવ્યો. નવીનવી એપ કાર્યકરો ને પોતાના મોબાઈલ ફોન પર કામ કરવા માટે મજબુર.. AVT એપ ને નકામી ગણાવી અને આવા પ્રયોગો ના કરવા વિનંતી કરી. માંગણીઓ સ્વીકારવામાં નહી આવે તો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી અને બેનરો સાથે સૂત્રોચાર કરી વિરોધ પ્રદર્શન કર્યું હતું જેમાં આંગણવાડી કાર્યકરો એ જણાવ્યું હતું કે સરકારે બજેટમાં કોઈ ફાળવણી નથી કરી અને અમને કોઈ જાણકારી આપી નથી અને ત્યારબાદ આંગણવાડી કાર્યકરો એ પોતાના પડતર પ્રશ્નો અંગે હડતાળ પાડી





કાંકરેજ મામલતદાર ગૌતમકુમાર દરજી ને આવેદનપત્ર આપી ઘટતી કાર્યવાહી કરવા માંગ કરી હતી ત્યારબાદ કાંકરેજ તાલુકા પંચાયત કચેરી ખાતે આઈ સી ડી એસ ના સી ડી પી ઓ ને આવેદનપત્ર આપી પોતાના પડતર પ્રશ્નો અંગે નિરાકરણ લાવવા માટે માંગ કરી હતી

જોકે આંગણવાડી કાર્યકરો પોતાની કામગીરીથી અળગા રહીને હડતાળ ચાલુ રાખવા માટે કહ્યું હતું જોકે હવે સરકાર દ્વારા આંગણવાડી કાર્યકરો ની માંગણીઓ પૂરી પાડવામાં આવશે કે નહીં તે જોવું રહ્યું

# રાષ્ટ્રપતિ દ્વારા સ્વતંત્ર ભારતના પ્રથમ ગવર્નર જનરલની પ્રતિમાનું અનાવરણ કર્યું

• નવી દિલ્હી

રાષ્ટ્રપતિ ભવનમાં એક ઐતિહાસિક ફેરફાર કરવામાં આવ્યો છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રવિવારે ભવનમાં સ્વતંત્ર ભારતના પ્રથમ અને એકમાત્ર ભારતીય ગવર્નર-જનરલ ચક્રવર્તી રાજગોપાલાચારી (રાજાજી)ની પ્રતિમાનું અનાવરણ કર્યું છે. આ પ્રતિમા બ્રિટિશ આર્કિટેક્ટ એડવિન લુટિયન્સની પ્રતિમાના સ્થાને સ્થાપિત કરાઈ છે.

કેન્દ્ર સરકારના જણાવ્યા અનુસાર, આ પગલું દેશને ગુલામીની માનસિકતામાંથી મુક્તિ અપાવવાના વ્યાપક અભિયાનનો એક મહત્વનો હિસ્સો છે. રાજાજીની આ પ્રતિમા રાષ્ટ્રપતિ ભવનના અશોક મંડપ પાસે ગ્રાન્ડ ઓપન સ્ટેયરકેસ વિસ્તારમાં સ્થાપિત કરવામાં આવી છે, જે મહાત્મા ગાંધીની પ્રતિમાની બરાબર સામે છે.

રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત ’રાજાજી ઉત્સવ’ દરમિયાન રાષ્ટ્રપતિ મુર્મુએ સંબોધનમાં કહ્યું કે, ‘રાજાજીનું જીવન ભારતને માનસિક ગુલામીમાંથી મુક્ત કરવાની પ્રક્રિયા સાથે જોડાયેલું હતું. આઝાદી બાદ જ્યારે રાજાજી ગવર્નર હાઉસમાં રહેવા આવ્યા, ત્યારે તેમણે બ્રિટિશ ઠાઠમાઠના બદલે પોતાના રૂમમાં રામકૃષ્ણ પરમહંસ અને મહાત્મા ગાંધીના ચિત્રો લગાવીને ભારતીયતાનો પરિચય આપ્યો હતો. છેલ્લા કેટલાક વર્ષોમાં રાષ્ટ્રપતિ ભવનમાં ઘણા મહત્ત્વના ફેરફારો થયા છે. બ્રિટિશ અધિકારીઓના ચિત્રો હટાવી ત્યાં પરમવીર ચક્ર વિજેતાઓના ચિત્રો લગાવવામાં આવ્યા છે’ આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો સંદેશ પણ વાંચી સંભળાવવામાં આવ્યો હતો. વડાપ્રધાને જણાવ્યું હતું કે, જ્યાં પહેલા લુટિયન્સની પ્રતિમા હતી ત્યાં હવે રાજાજીની પ્રતિમા હોવી તે માનસિક સંસ્થાનવાદમાંથી મુક્તિનું મોટું ડગલું છે. આજનું રાષ્ટ્રપતિ ભવન ભારતીય સભ્યતામાં રહેલા લોકશાહી આત્મવિશ્વાસનું પ્રતીક બની રહ્યું છે. બીજી તરફ, આ ફેરફાર સામે એડવિન લુટિયન્સના પરપૌત્ર અને બ્રિટિશ લેખક મેટ રિડલેએ સોશિયલ મીડિયા પર દુઃખ વ્યક્ત કર્યું હતું.

# કાંકરેજ તાલુકા ના શિહોરી ગૌ નગરી ખાતે બેંકમાં સ્કેનર કોર્ડ QR ની શુભ શરૂઆત



• અરવિંદસિંહ. ભટેસરીયા. કાંકરેજ


કાંકરેજ તાલુકા ના શિહોરી ગૌ નગરી ખાતે આવેલ નાગરિક સહકારી બેંક માં આધુનિક ટેકનોલોજી સમયમાં બેન્ક ના ચેરમેન મુકેશભાઈ શાહ તેમજ બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ના તમામ સભ્યશ્રીઓ અને ઉત્સાહી ખૂબ જ એક્ટિવ મેનેજર અને બેન્ક ના સ્ટાફ દ્વારા સ્કેનર કોર્ડ QR ની શુભ શરૂઆત કરવામાં આવી જેથી કરીને ગામમાં સરળતાથી સગવડો ઉભી થશે અને આવનાર સમયમાં નાગરિક સહકારી બેંક પ્રગતી કરી ગામમાં નામના મેળવે એવી આશા વ્યક્ત કરી હતી..

હોળી પૂર્વેની કામગીરીમાં વેઠ ઉતારાઈ

# સોનગઢ-સાપુતારા નેશનલ હાઈવેના રિપેરીંગમાં લોલંલોલ: ખાડાઓ વાહનચાલકો માટે ’ડેથ ટ્રેપ’ બન્યા

• આહવા / ડાંગ

ડાંગ જિલ્લામાં સરકારી કામોમાં ભ્રષ્ટાચાર અને વેઠ ઉતારવાની પરંપરા અટકવાનું નામ નથી લેતી. તાપી જિલ્લાના સોનગઢથી બરડીપાડા, મહાલ થઈ આહવા અને ત્યાંથી સાપુતારા થઈ મહારાષ્ટ્રને જોડતા મહત્વના નેશનલ હાઈવેના રિપેરીંગ કામમાં પણ વ્યાપક ગેરરીતિઓ સામે આવી રહી છે. અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોની મિલીભગતને કારણે આ હાઈવે હાલ મુસાફરો માટે જોખમી સાબિત થઈ રહ્યો છે. ચોમાસામાં ધવાયેલો રસ્તો, દિવાળી પછી પણ ઠેરના ઠેર ઉલ્લેખનીય છે કે, આ હાઈવેના નવીનીકરણના કામમાં અગાઉ પણ મોટી ’ખાયકી’ થઈ હોવાના આક્ષેપો થયા હતા, જેના પરિણામે પ્રથમ ચોમાસામાં જ ડામર ઉખડી ગયો હતો. દિવાળી બાદ કરવામાં આવેલું પેચવર્ક તદ્દન હલકી ગુણવત્તાનું હોવાથી રસ્તા પર ફરી મસમોટા ખાડાઓ પડી ગયા હતા. વારંવારની રજૂઆતો છતાં નેશનલ હાઈવે વિભાગ કુંભકર્ણની નિદ્રામાં હોય તેમ જણાતું હતું. હવે જ્યારે હોળીનો તહેવાર નજીક છે અને સહેલાણીઓનો ધસારો વધવાની શક્યતા છે, ત્યારે તંત્ર દ્વારા ઉતાવળે રિપેરીંગ હાથ ધરાયું છે. જોકે, આ કામગીરીમાં પણ ભારે વેઠ ઉતારવામાં આવી રહી છે.



* કેટલીક જગ્યાએ માત્ર નામ ખાતર ડામર-કપચી નાખીને ખાડા પુર્યા છે.
* અનેક સ્થાનો પર જોખમી ખાડાઓ હજુ પણ યથાવત રાખવામાં આવ્યા છે.
* રસ્તો રિપેર થઈ ગયો છે તેવા ભ્રમમાં વાહન હંકારતા ચાલકો અચાનક આવતા ખાડાઓને કારણે અકસ્માતનો ભોગ બની રહ્યા છે.

બાઈક સવારો માટે મોતનો માર્ગ ખાસ કરીને ટુ-વ્હીલર ચાલકો માટે આ અધૂરું રિપેરીંગ મોત સમાન સાબિત થઈ રહ્યું છે. રાત્રિના સમયે આ ખાડાઓ દેખાતા ન હોવાથી ગંભીર અકસ્માતોની ભીતિ સેવાઈ રહી છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે કોન્ટ્રાક્ટર અને જવાબદાર અધિકારીઓ માત્ર કટકી કરવામાં વ્યસ્ત છે અને પ્રજાના જીવ સાથે રમત રમી રહ્યા છે. જો તાત્કાલિક ધોરણે ગુણવત્તાયુક્ત કામ કરવામાં નહીં આવે તો આગામી દિવસોમાં મોટા આંદોલનની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

# પોલીસે ડીજે વિરૂદ્ધ કાર્યવાહી ન કરતા વિશેષ શાખાનો ફરિયાદ નોંધવા આદેશ

### સેટેલાઇટ માણેકબાગ સોસાયટી શ્રેયસ ટેકરા પાસેનો બનાવ

**અમદાવાદ :** સેટેલાઈટ માણેકબાગ સોસાયટી શ્રેયસ ટેકરા પાસે રવિવારે લગ્નના વરઘોડામાં ઉંચા અવાજે ડીજે વાગતા સ્થાનિક વ્યક્તિએ પોલીસ કંટ્રોલરૂમમાં ફોન કરીને જાણ કરી હતી. જો કે પોલીસે આવીને ડીજે બંધ કરાવ્યા બાદ કોઈ કાર્યવાહી કરી નહોતી. જેથી ફરિયાદીએ વિશેષ શાખામાં રજૂઆત કરતા ઉચ્ચ પોલીસ અધિકારીઓએ આદેશ આપતા સેટેલાઈટ પોલીસે અંતે ગુનો નોંધવો પડયો છે.પોલીસે ડીજે વિરૂદ્ધ કાર્યવાહી ન કરતા વિશેષ શાખાનો ફરિયાદ નોંધવા આદેશ 2 - imageસેટેલાઈટ માણેકબાગ સોસાયટીમાં શ્રેયસ ટેકરા શ્યામલ ચાર રસ્તા પાસે રવિવારે રાતના સમયે એક લગ્નનો વરઘોડો પસાર થતો હતો. જેમાં ડીજે દ્વારા ઉંચા અવાજે મ્યુઝીક વગાડવામાં આવતુ હોવાથી સ્થાનિક વ્યક્તિના વકીલે ૧૧૨ નંબર કોલ કરીને પોલીસ કંટ્રોલરૂમમાં જાણ કરી હતી. જે અંગે પોલીસ કંટ્રોલરૂમમાંથી જાણ થતા પીસીઆર વાન આવી હતી અને સ્ટાફે પોલીસે ડી જે બંધ કરાવ્યું હતું. પરંતુ, સરકારના નિયમ મુજબ જાહેરનામા ભંગની કાર્યવાહી કરી નહોતી. આમ, સેટેલાઈટ પોલીસની પીસીઆર વાનના સ્ટાફે બેદરકારી દાખવતા ફરિયાદીના વકીલે ડી જે ના ફોટો સહિતની વિગતો વિશેષ શાખાના અધિકારીઓને ઈ-મેઈલ કરી હતી અને ગુનો નોંધવા માટે માંગણી કરી હતી.આ બાબતને ગંભીરતાથી લઈને વિશેષ શાખાએ સેટેલાઈટ પોલીસને આ અંગે તાત્કાલિક કાર્યવાહી કરીને ડી જે વાન જપ્ત કરીને કાર્યવાહી કરવા માટે આદેશ આપતા છેવટે સેટેલાઈટ પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો હતોઉલ્લેખનીય છે કે અમદાવાદમાં ડી જે અને રાતના સમયે રાસ ગરબામાં ઉંચા અવાજે મ્યુઝિક વગાડવામાં આવતી હોવાની અનેક ફરિયાદ પોલીસ કંટ્રોલ રૂમમાં આવે છે. પરંતુ, પોલીસ માત્ર ડી જે બંધ કરાવે છે અને જાહેરનામા ભંગની ફરિયાદ નોંધતી નથી.

# વડોદરા નજીકની લામડાપુરા પ્રાથમિક શાળાને ગ્રામજનોએ તાળાં માર્યાં

**વડોદરા :** વડોદરા નજીકના લામડાપુરા ગામની સરકારી પ્રાથમિક શાળામાં આચાર્ય નો વિરોધમાં ગ્રામજનોએ શાળાને તાળા મારી વિરોધ પ્રદર્શન કરતા પોલીસ દોડી ગઈ હતી. સાવલી તાલુકાના ગામડાપુરા ગામની પંચાયત દ્વારા સંચાલિત પ્રાથમિક શાળામાં કેટલાક સમયથી આચાર્ય દારૂના નશામાં આવતા હોવાનો ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે. તેમણે કહ્યું છે કે અગાઉ પણ અમે આ મુદ્દે રજૂઆત કરી હતી પરંતુ અમારી રજૂઆત કાને ધરાઈ નથી. આખરે આજે ગ્રામજનોએ શાળાને તાળાબંધી કરી દીધી હતી અને વિદ્યાર્થીઓને પંચાયત કચેરીના ગ્રાઉન્ડમાં બેસાડી ત્યાં અભ્યાસ કાર્ય કરવા માટે આગ્રહ રાખ્યો હતો. ગ્રામજનોનું કહેવું છે કે, શિક્ષણ વિભાગ દ્વારા આચાર્ય હાલ સ્કૂલમાં નહીં આવે તેમ કહેવામાં આવી રહ્યું છે. પરંતુ અમારે કાયમનો ઉકેલ જોઈએ છે. સરસ્વતીના મંદિરમાં આ પ્રકારની વર્તણૂક ગ્રામજનોને સ્વીકાર્ય નથી. જ્યાં સુધી તેમની બદલી નહીં થાય ત્યાં સુધી અમારું આંદોલન ચાલુ રહેશે.જોકે તાલુકા પ્રાથમિક શિક્ષણ અધકારી સહિતના અધિકારીઓ સ્થળ પર પહોંચી જતા ગ્રામજનોને સમજાવવામાં આવ્યા હતા .

**જૈસી કરની વૈસી ભરની** આજે અન્ય ગુનામાં ભવનાથ પોલીસમાં હાજર થવા ફરમાન

# 'મને ન્યાય અપાવજો' કહી કીર્તિ પટેલ કોર્ટ પરિસરમાં જ ધ્રુસ્કે - ધ્રુસ્કે પડી

### જૂનાગઢના મૃગીકુંડમાં સ્નાન બાદ મહિલા PIની ફરજમાં રૂકાવટ અને ધાર્મિક લાગણી દુભાવવાના કેસમાં પોલીસ કાર્યવાહી કરશે

જૂનાગઢ, : વિવાદાસ્પદ કીર્તિ પટેલના રિમાન્ડ પુરા થતાં પોલીસ તેને કોર્ટમાં રજૂ કરવા લાવી ત્યારે કીર્તિ પટેલ પોલીસ વાનમાંથી ઉતરી ધ્રુસ્કે - ધ્રુસ્કે વા લાગી હતી અને મીડિયાને કહ્યું હતું કે, 'મને ન્યાય અપાવજો.' બાદમાં પોલીસે ધક્કા મારી કોર્ટ કમ્પાઉન્ડમાં લઈ લીધી હતી. આવતીકાલે ભવનાથ પોલીસ સ્ટેશનના ગુનામાં ૧૧ વાગ્યે હાજર થવા પોલીસે કીર્તિને નોટિસ આપી છે.

શિવરાત્રીની રાત્રે મૃગીકુંડમાં સ્નાન કરવાના મુદ્દે શરૂ થયેલા વિવાદ બાદ કીર્તિ પટેલ સામે અલગ-અલગ ત્રણ ગુના દાખલ થયા હતા. મહિલા પીઆઈની ફરજમાં રૂકાવટ, મૃગીકુંડમાં સ્નાન કરવાથી ધાર્મિક લાગણી દુભાવવાનો ભવનાથ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયો હતો. જ્યારે અબઝલ સીડા પાસે 20 લાખની ખંડણી માંગવાનો અને જો ન આપે તો બળાત્કારના ખોટા કેસમાં ફીટ કરાવી દેવાનો ગુનો તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયો હતો. તાલુકા પોલીસમાં નોંધાયેલા ગુનામાં ગઈકાલે કીર્તિ પટેલની ધરપકડ કર્યા બાદ રિમાન્ડની માંગ સાથે રજુ કરવામાં આવી ત્યારે કોર્ટે આજે બપોર સુધીના રિમાન્ડ મંજુર કર્યા હતા. રિમાન્ડ પૂર્ણ થતાં તાલુકા પોલીસની ટીમ તેને



ફરીવાર કોર્ટમાં રજુ કરવા માટે લાવી હતી. કોર્ટ પરિસરમાં પોલીસ વાનમાંથી કીર્તિ પટેલને ઉતારી ત્યારે તે ધુરસકે-ધુરસકે રડવા લાગી અને કહેતી હતી કે, 'મીડિયા મને ન્યાય અપાવજો.' આ વાત કરતી હતી ત્યારે પોલીસે તેને ધક્કો મારી કોર્ટ રૂમ તરફ લઈ ગયા હતા.

કોર્ટ રૂમમાં કોઈ જાય નહી તે માટે પોલીસે ત્યાં બંદોબસ્ત ગોઠવી દીધો હતો. બાદમાં બંને પક્ષ વચ્ચે દલીલો થયા બાદ કોર્ટે કીર્તિ પટેલને જામીન પર મુક્ત કરવા આદેશ કર્યો હતો. આ ઘટના દરમ્યાન ભવનાથ પોલીસ સ્ટેશનમાં કીર્તિ પટેલ સામે દાખલ થયેલા ગુનામાં તા. 24ના 11 કલાકે હાજર થવા પોલીસ દ્વારા તેને નોટિસ આપવામાં આવી છે. હવે પોલીસ ધાર્મિક લાગણી દુભાવવાના અને પીઆઈની ફરજમાં રૂકાવટના ગુનામાં કાર્યવાહી કરશે.

કીર્તિ પટેલના વકીલ દ્વારા કોર્ટમાં રજૂઆત કરવામાં આવી કે, ફરિયાદી અબઝલ સીડા સનાતન ધર્મ પાળતા નથી, તેઓ હિન્દુ ધર્મના વ્યક્તિ નથી, માત્ર યુટયુબમાં ઓળખ ધરાવે છે, પ્રથમ વખત ફિનાઈલ પીધું ત્યારે તેના મમ્મી ઘરે હતા, બીજી વખત ઘરની બહાર નીકળી ફિનાઈલ પીધું ત્યારે અજાણી મહિલાએ 108માં ફોન કરી જેતપુર દવાખાને લઈ ગયેલ પરંતુ જ્યારે પ્રથમ વખત ઘરે ફિનાઈલ પીધુ ત્યારે તેમના મમ્મી હાજર હોવા છતાં તેમણે પોલીસને એકપણ ફોન કર્યો નથી, આ ઉપરાંત કીર્તિ પટેલે અબઝલ સીડા પાસેથી ખંડણીની માંગણી કે કોઈ ધમકી આપેલ હોય તેવો ઉલ્લેખ ફરિયાદમાં નથી. આવા અનેક કારણોને ધ્યાને લઈ કોર્ટે શરતોને આધિન કીર્તિને જામીન મુક્ત કરી છે.

**સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા રિપોર્ટ તૈયાર કરાશેઃ સુત્ર**

# કચ્છમાં બેદરકાર પોલીસ અધિકારીઓની અન્ય જિલ્લાઓમાં સજા રૂપે બદલી કરાશે

• અમદાવાદ

કચ્છમાં રાજ્ય પોલીસ વડાની ડૉ. કે એલ એન રાવની બે દિવસની મુલાકાત પહેલા અને ત્યારબાદ બીજા જ દિવસ દરમિયાનના સમયગાળામાં સાત કરોડ વિદેશી દારૂ જપ્ત થવાના મામલે ગૃહ વિભાગે ગંભીર નોંધ લીધી છે. જે અનુસંધાનમાં ખુદ ડીજીપી પણ કચ્છમાં બેરોકટોક રીતે દારૂની હેરફેર થવાના મામલે નારાજ હોવાથી આગામી દિવસોમાં સ્ટેટ મોનીટરીંગ સેલ પાસેથી સમગ્ર કચ્છ જિલ્લાનો રિપોર્ટ મેળવીને બેદરકાર પોલીસ અધિકારીઓને અન્ય જિલ્લાઓમાં બદલી કરવા સુધીની કાર્યવાહી કરવા માટે સુચના આપી છે. સાથેસાથે તેમણે મુલાકાત દરમિયાન ઉચ્ચ પોલીસ અધિકારીઓનો પણ ક્લાસ લીધો હોવાનું જાણવા મળ્યું છે.ageકચ્છમાં ત્રણ દિવસ પહેલા ડીજીપી ડૉ. કે એલ એન રાવની કચ્છની મુલાકાત પહેલા જ પધ્ધર પોલીસ સ્ટેશનની હદમાંથી સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા દરોડો પાડીને ચાર કરોડનો વિદેશી દારૂ જપ્ત કર્યો હતો. આ ઉપરાંત, ડીજીની મુલાકાત પૂર્ણ થયાના બીજા દિવસે ભચાઉ પોલીસ સ્ટેશનની હદમાંથી એક કરોડના વિદેશી દારૂ સહિત ૧.૩૦ કરોડનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો.આમ, છેલ્લાં પંદર દિવસમાં કચ્છમાંથી આશરે સાત કરોડ ઉપરાંતનો વિદેશી જપ્ત કરવામાં આવતા સમગ્ર કચ્છ જિલ્લા પોલીસ અને બુટલેગરો વચ્ચેની સાંઠગાંઠ છતી થવાના મામલે રાજ્યના ગૃહવિભાગે સ્ટેટ મોનીટરીંગ સેલના રિપોર્ટના આધારે ગંભીર નોંધ લીધી છે. જેના આધારે ડીજીપી સાથે મિટીંગ કરીને આ કચ્છમાં વિદેશી દારૂના નેટવર્ક મામલે આકરી કાર્યવાગી કરવા માટે સુચના આપી છે. જેથી હવે કચ્છ પોલીસના બેદરકાર અને વિવાદાસ્પદ પોલીસ અધિકારી અને સ્ટાફ તેમજ વહીવટદારો અંગે સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા તપાસ કરીને રિપોર્ટ તૈયાર કરીને ડીજીપીનો સોપવામાં આવશે.

**અંતરિક્ષમાં ડેટા સેન્ટરને વીજળીની ચિંતા નહીં રહે વાતાવરણ ઠંડુ હોવાથી કૂલિંગ મશીનરીની જરૂર નહીં**

# ભારત સ્પેસમાં એઆઈ ડેટા સેન્ટર બનાવનારો પ્રથમ દેશ તેવી શક્યતા

નવી દિલ્હી : ભારત આગામી દિવસોમાં અંતરિક્ષમાં ડેટા સેન્ટર સ્થાપવાની તૈયારી કરી રહ્યું છે. ભારતીય કંપની અગ્નિકુળ કોસ્મોસ અને એઆઈ ક્લાઉડ કંપની નીવ ક્લાઉડ અંતરિક્ષમાં ભારતનું સૌપ્રથમ ડેટા સેન્ટર બનાવવાની તૈયારી કરી રહી છે. તેઓ આ વર્ષના અંત સુધીમાં તેનું પ્રોટોટાઇપ મોકલશે તેમ મનાય છે. આ સેન્ટર પૃથ્વીની નજીક લગાવવામાં આવશે તેમ તેઓનું કહેવું છે.

ભારતીય કંપનીઓ અગ્નિકુલ કોસ્મોસ ચેન્નાઈ અને નીવ ક્લાઉડનું કહેવું છે કે અંતરિક્ષમાં સૂરજનો પ્રકાશ સીધો મળે છે. તેનાથી વીજળી બનાવવામાં મદદ મળશે. ભારતીય કંપનીઓને તેમાં સફળતા મળશે તો આગામી દિવસોમાં આ ટેકનિકનો મોટાપાયા પર ઉપયોગ થઈ શકે છે. એઆઈ ઈમ્પેક્ટ સમિટમાં બંને કંપનીઓએ એક મોડેલ રજૂ કર્યુ હતુ અને જણાવ્યું હતું કે તેઓ કેવી રીતે અંતરિક્ષમાં ડેટા સેન્ટર બનાવવાની તૈયારી કરી રહ્યા છે.

કંપનીઓનું કહેવું છે કે અંતરિક્ષમા વાતાવરણ પણ ઠંડુ હોવાથી મશીનોને ઠંડા રાખવાનો ખર્ચ પણ ઓછો આવશે. તેના કારણે જમીનની તુલનાએ અંતરિક્ષમાં ડેટા સેન્ટર મોકલવું કે બનાવીને મોકલવું સરળ થઈ શકે છે. આ પ્રોજેક્ટમાં પહેલા એક સિસ્ટમ અંતરિક્ષમાં મોકલવામાં આવશે. તેમાં કમ્પ્યુટર અને ડેટા રાખતા મશીનો હશે. આ સિસ્ટમ ભ્રમણ કક્ષામાં ફરતા-ફરતા કામ કરશે. તેના દ્વારા કંપનીઓને અંતરિક્ષમાં ડેટા સેન્ટર ચલાવવામાં કેટલી તકલીફો પડે છે તેની ખબર પડશે. પ્રથમ પરીક્ષણ ૨૦૨૬ના અંત સુધીમાં થશે. તેમા સફળતા મળી તો પ્રારંભમાં તેનો મર્યાદિત ઉપયોગ કરવામાં આવશે. તેના પછી ધીમે-ધીમે તેનો ઉપયોગ વધારવામાં આવશે.

આ માટે ડેટા સેન્ટરને એક મોડયુલની જેમ તૈયાર કરવામાં આવશે. રોકેટ વડે પૃથ્વીની જોડેની કક્ષામાં મોકલાશે. રોકેટ ડેટા સેન્ટરને ઉપર છોડી દેશે અને ડેટા સેન્ટર ત્યાં ફરતા કામ કરતું રહેશે. તેને એવી રીતે બનાવવામાં આવશે કે તે લાંબા સમય સુધી અંતરિક્ષમાં સલામત રહીને કામ કરી શકે.

નિષ્ણાતોનું કહેવું છે કે આ એક નવો મોટો પ્રયોગ છે. જો તેમા સફળતા મળી તો આગામી સમયમાં એઆઈની કામ કરવાની પદ્ધતિ બદલાઈ શકે છે. આજે જે કામ જમીન પર બનેલા ડેટા સેન્ટર કરે છે. તે કામ સ્પેસમાંથી થશે. તેના કારણે એઆઈ સાથે જોડાયેલી સેવાઓ વધુ સારી થઈ શકશે.

વિશ્વની કોઈપણ કંપની હજી સુધી ડેટા સેન્ટરને સ્પેસમાં લઈ જઈ શકી નથી ત્યારે આ દિશામાં ભારતનું પગલું નિર્ણાયક હશે. આમા સફળતા મળી તો ભારત અંતરિક્ષમાંથી એઆઈ સેવા આપનારા દેશોમાં સામેલ થઈ શકે છે.

**બેન્કોને નાણામંત્રી સીતારમણની ચેતવણી**

# બળજબરીથી વીમો વેચવો ગુનો છે, મિસ-સેલિંગ બંધ કરો

• નવી દિલ્હી

નવી દિલ્હીમાં મળેલી રિઝર્વ બેંકના કેન્દ્રીય બોર્ડની બેઠક બાદ નાણામંત્રી નિર્મલા સીતારમણે બેંકિંગ ક્ષેત્ર અને વૈશ્વિક વેપારને મહત્વના નિવેદન આપ્યા છે. નાણામંત્રીએ બેંકોને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપતા જણાવ્યું છે કે, બેંકોએ પોતાનું પૂરું ધ્યાન લોન આપવા અને ડિપોઝિટ એકત્ર કરવા (જમા લેવા) જેવા મૂળભૂત કાર્યો પર જ કેન્દ્રિત કરવું જોઈએ. મિસ-સેલિંગની પ્રવૃત્તિ સરકાર અને RBI નહીં ચલાવી લે.ખાસ કરીને લોન લેવા આવતા ગ્રાહકોને બિનજરૂરી વીમા પોલિસીઓ પધરાવી દેવાની એટલે કે 'મિસ-સેલિંગ'ની પ્રવૃત્તિને તેમણે ગુનો ગણાવ્યો છે. સીતારમણે ટકોર કરી કે જો કોઈ ગ્રાહક પાસે પૂરતી ગેરંટી હોય, તો તેને વધારાનો વીમો લેવા માટે મજબૂર ન કરવો જોઈએ. તેમણે બેંકોને કરન્ટ અને સેવિંગ્સ એકાઉન્ટ (CASA)માં વધારો કરવા પર ભાર મૂકવા સૂચન કર્યું છે.બીજી તરફ, અમેરિકા દ્વારા લાદવામાં આવેલી નવી ટેરિફ નીતિઓ અંગે નાણામંત્રીએ કહ્યું છે કે, 'કોઈ પણ ટિપ્પણી કરવી અયોગ્ય રહેશે કારણે કે તેના પર વેપાર અને ઉદ્યોગ મંત્રાલય ઝીણવટભરી નજર રાખી રહ્યું છે. ભારત પોતાના વ્યાપારી હિતોને સુરક્ષિત રાખવા માટે વિવિધ દેશો સાથે ચર્ચાઓ કરી રહ્યું છે. ઓસ્ટ્રેલિયા, યુએઈ અને યુરોપિયન યુનિયન જેવા દેશો સાથે વેપાર કરાર કરી ચૂક્યું છે, ભારત આગળ પણ વૈશ્વિક બજારો સાથે જોડાઈ અર્થવ્યવસ્થા વધુ મજબૂત કરવામાં માંગે છે'. મહત્વનું છે કે US સુપ્રીમ કોર્ટની ફટકાર બાદ ડોનાલ્ડ ટ્રમ્પે વિશ્વના તમામ દેશો પર 15 ટેરિફની જાહેરાત કરી છે. જેથી અનેક દેશો મુંઝવણમાં મુકાયા છે.સોનાના વધતા ભાવ અંગે પણ નાણામંત્રીએ પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે, 'વિશ્વભરની કેન્દ્રીય બેંકો દ્વારા સોના-ચાંદીની મોટાપાયે ખરીદી કરવામાં આવી રહી હોવાથી કિંમતોમાં ઉછાળો જોવા મળી રહ્યો છે. હાલ જે પ્રમાણે ભાવ વધ્યા છે તે ચિંતાજનક સ્તર સુધી નથી પહોંચ્યા.

## રાશીફળ (તા.24-02-2026)

**મેષ** — આજનો દિવસ તમારા માટે સંપત્તિમાં વધારો લાવશે. તમારી કોઈપણ ઈચ્છા પૂર્ણ થઈ શકે છે

**વૃષભ (બ.વ.ઉ)** — આજે તમારા આવકના સ્ત્રોતોમાં વધારો થશે. કાર્યસ્થળ પર તમારા સારા વિચારસરણીથી તમને ફાયદો થશે.

**મિથુન** — આજનો દિવસ તમારા માટે કોઈપણ રોકાણ કરવા માટે સારો રહેશે. મનમાં નકારાત્મક વિચારો ન રાખો.

**કર્ક** — આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય પર સંપૂર્ણ ધ્યાન આપવાનો રહેશે. તમારે તમારા સ્વાસ્થ્ય પ્રત્યે સતર્ક રહેવું પડશે અને તમારા આહાર પર સંપૂર્ણ ધ્યાન આપવું પડશે.

**સિંહ** — આજનો દિવસ આવકમાં વધારો કરશે. પારિવારિક જીવન ખુશ રહેશે. તમે જે પણ કાર્ય હાથ ધરશો તેમાં તમને ચોક્કસ સફળતા મળશે.

**કન્યા** — આજનો દિવસ તમારા માટે ખૂબ જ સારો રહેવાનો છે. તમારા સારા વિચારસરણીથી તમને ફાયદો થશે. વિદેશથી વ્યવસાય કરતા લોકોને મોટો ઓર્ડર મળી શકે છે.

**તુલા** — એક જ સમયે અનેક કાર્યો કરવાના કારણે તમારી એકાગ્રતા વધી શકે છે. તમારે કોઈને પૈસા આપવાનું ટાળવું પડશે.

**વૃશ્ચિક** — આજનો દિવસ તમારી આવકમાં વધારો કરશે. તમારે કોઈપણ વાદવિવાદથી દૂર રહેવાની જરૂર છે. ભાગીદારીમાં કોઈ કામ ન કરો.

**ધન** — આજનો દિવસ તમારા માટે જવાબદારીપૂર્વક કામ કરવાનો રહેશે. તમારો કોઈ મોટો પ્રોજેક્ટ પૂર્ણ થઈ શકે છે, કોઈ અજાણ્યા વ્યક્તિ પર વિશ્વાસ ન કરો.

**મકર** — નાણાકીય દ્રષ્ટિએ આજનો દિવસ તમારા માટે સારો રહેવાનો છે. તમને વ્યવસાયમાં કેટલીક નવી તકો મળશે. અવિવાહિત લોકો તેમના જીવનસાથીને મળી શકે છે.

**કુંભ** — આજનો દિવસ તમારા માટે લાંબા સમયથી અટકેલા કાર્યો પૂર્ણ કરવાનો રહેશે. તમારી કલા અને કૌશલ્યમાં સુધારો થશે અને તમારી સુખ-સુવિધાઓમાં વધારો થશે.

**મીન** — શેરબજાર સાથે સંકળાયેલા લોકો માટે આજનો દિવસ સારો રહેવાનો છે. તમને કેટલાક જૂના રોકાણોમાંથી સારો નફો મળવાની શક્યતા છે.

# મેક્સિકોમાં ડ્રગ માફિયા અલ મેંચોને ઠાર કરાતા ગૃહ યુદ્ધ ફાટી નીકળ્યું

### અમારી મદદથી મેક્સિકોની આર્મીએ મેંચોનું એન્કાઉન્ટર કર્યું : અમેરિકા

મેક્સિકો સિટી : મેક્સિકોનો કુખ્યાત ડ્રગ માફિયા અલ મેન્ચો લશ્કરી ઓપરેશનમાં ઠાર થયો તે પછી મેક્સિકોમાં હિંસા ફાટી નીકળી છે. મેંચોના સમર્થકોએ કેટલાય પ્રાંતોમાં હિંસા આચરી છે. સરકારી પ્રોપર્ટીમાં આગ લગાડી છે. મેક્સિકોમાં સ્થિતિ ખૂબ વણસી એટલે સરકારે ઈમરજન્સી જાહેર કરીને લોકોને બહાર ન નીકળવાની તાકીદ કરી છે. પબ્લિક પરિવહન પણ તાત્કાલિક અસર બંધ કરવાનો આદેશ થયો છે. ભારતીય દૂતાવાસે ભારતના નાગરિકો માટે પણ એડવાઈઝરી જાહેર કરી છે.



દુનિયાના મોસ્ટ વોન્ટેડ ડ્રગ્સ માફિયાના લિસ્ટમાં સામેલ અલ મેંચો લશ્કરી ઓપરેશનમાં માર્યો ગયો હતો. અલ મેંચોના નામથી ઓળખાતા આ વોન્ટેડ ડ્રગ માફિયાનું નામ નેમેસિયો રૂબન ઓસેગુએરા સર્વેટેસ હતું. તેણે જલિસ્કો ન્યૂ જનરેશન કાર્ટેલ નામથી બનાવેલું ડ્રગ્સ ગુરપ મેક્સિકોનું સૌથી શક્તિશાળી ડ્રગ્સ જૂથ બની ગયું હતું. અમેરિકામાં જે ડ્રગ્સનો જથ્થો પહોંચે છે તેમાં આ કાર્ટેલનો મોટો હિસ્સો હોય છે. અમેરિકાએ પણ અલ મેંચોને મોસ્ટ વોન્ટેડ ગુનેગાર જાહેર કર્યો હતો.મેક્સિકોના સુરક્ષાદળોએ આ માફિયાના રાજ્ય જલિસ્કોમાં ઓપરેશન ચલાવ્યું હતું. તે ભાગેડુ જાહેર થયો હતો. લશ્કરના ઓપરેશન દરમિયાન એર ટ્રાન્સપોર્ટેશન દરમિયાન ગંભીર ઈજા થવાથી તેનું મોત થયું હતું. તેના મોતની જાણકારી સામે આવી પછી સમર્થિત કાર્ટેલના ગુંડાઓએ જલિસ્કો, ગુઆનજુઆતો, નાયરિટ, મિચોઆકાન અને તમાઉલિપાસ જેવા ૧૨ પ્રાંતો અને શહેરોમાં બસો, કાર, ઈમારતોમાં આગ લગાવી હતી. કેટલાય રસ્તાઓ બ્લોક કરી દીધા હતા. આ ડ્રગ્સ જૂથના ગુંડાઓ બંદૂકો લઈને રસ્તા પર નીકળી પડયા હતા. ચારેબાજુ હિંસાની ઘટનાઓ બની પછી મેક્સિકોના પ્રમુખ ક્લાઉડિયા શીનબામે આ પ્રાંતોમાં સુરક્ષા વધારવાનો આદેશ આપ્યો હતો. જોકે, સત્તાવાર રીતે તેમણે આ ઘટના સ્વીકારી ન હતી. તેમના નિવેદનમાં કહેવાયું કે સુરક્ષા કેબિનેટ આ બાબતે સંપૂર્ણ જાણકારી આપશે. જે પ્રાંતોમાં સ્થિતિ બેકાબૂ છે ત્યાં હાઈવે પર લોકોને ન નીકળવાની સલાહ સરકારે આપી છે. અમેરિકાની સરકારે મેક્સિકોને આ મોસ્ટ વોન્ટેડ ડ્રગ માફિયાને પકડવાના બદલામાં ૧.૫ કરોડ ડોલરની રકમ ઓફર કરી હતી.

ભારતના મેક્સિકો સ્થિત દૂતાવાસે ભારતીય નાગરિકો માટે એડવાઈઝરી જાહેર કરી છે. દૂતાવાસે કહ્યું કે ભારતીય નાગરિકો આગામી સૂચના સુધી બહાર ન નીકળો. બિનજરૂરી પ્રવાસ ટાળો, ભીડથી દૂર રહો. ભારતીય દૂતાવાસે કહ્યું કે સ્થાનિક અધિકારીઓની સૂચનાનું પાલન કરો. સ્થાનિક અપડેટ્સ પર નજર રાખો. દૂતાવાસે મદદ માટે હેલ્પલાઈન પણ જાહેર કરી છે.

### કીર્તનમાં ગયેલી છોકરી પર સામૂહિક દુષ્કર્મ

# બાંગ્લાદેશમાં સરકાર બદલાઈ છતાં હિન્દુઓ પર મુસીબત યથાવત્




• ઢાકા

બાંગ્લાદેશમાં સરકાર બદલાઈ છતાં પણ લઘુમતી હિંદુ સમુદાય પર અત્યાચારની સ્થિતિ યથાવત્ છે. તાજેતરમાં સામે આવેલી કેટલીક હૃદયદ્રાવક ઘટનાઓએ હિંદુઓની સુરક્ષા પર ગંભીર સવાલો ઉભા કર્યા છે.

ભોલા જિલ્લાના તજુમુદ્દીન વિસ્તારમાં એક અત્યંત શરમજનક ઘટના સામે આવી છે. અહીં કીર્તનમાં સામેલ થવા ગયેલી 25 વર્ષીય હિંદુ યુવતી પર નરાધમોએ સામૂહિક દુષ્કર્મ ગુજાર્યું છે. યુવતી લોહીલુહાણ હાલતમાં મળી આવતા તેને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. આ ઘટનાને પગલે હિંદુ સંગઠનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

આ અગાઉ 11 ફેબ્રુઆરીએ મૌલવીબજાર જિલ્લામાં 28 વર્ષીય હિંદુ યુવક રતન સાહૂકારનો મૃતદેહ શંકાસ્પદ હાલતમાં મળી આવ્યો હતો. ચાના બગીચામાં કામ કરતા આ યુવકના હાથ-પગ બાંધેલા હતા અને તેના શરીર પર ઈજાના ગંભીર નિશાન હતા. આ ઘટના બાંગ્લાદેશમાં મતદાનના બરાબર એક દિવસ પહેલા બની હતી.

બાંગ્લાદેશમાં હિંદુઓ પર સતત વધી રહેલા હુમલાઓ, હત્યા અને દુષ્કર્મની ઘટનાઓએ લઘુમતી સમુદાયમાં ભયનો માહોલ પેદા કર્યો છે.

# કલેક્ટર સુશ્રી શાલિની દુહાનના અધ્યક્ષ સ્થાને પ્રેસ કોન્ફરન્સ યોજાઇ

## ડાંગ જિલ્લાના પોતિકા ઉત્સવ ડાંગ દરબાર

• આહવા/ડાંગ

તારીખ ૨૬મી ફેબ્રુઆરી થી ૩જી માર્ચ-૨૦૨૬ સુધી યોજાનાર ડાંગ જિલ્લાના પોતિકા ઉત્સવ એવા ઐતિહાસિક 'ડાંગ દરબાર' મેળાના આયોજન સંદર્ભે, જિલ્લા કલેક્ટર સુશ્રી શાલિની દુહાનના અધ્યક્ષ સ્થાને જિલ્લા સેવા સદનના સભાખંડમાં એક પ્રેસ કોન્ફરન્સ આયોજિત કરાઈ હતી. 'ડાંગ દરબાર' મેળાના આયોજન વિશે વિગતો આપતા જિલ્લા કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે, સો વર્ષ જૂની ડાંગ દરબારની આ પરંપરાને વધુ ગરિમામય બનાવવા માટે ડાંગ જિલ્લા વહીવટી તંત્ર દર વર્ષે આયોજન, વ્યવસ્થા સંભાળે છે. તંત્ર દ્વારા એક માસ અગાઉથી મેળાના આયોજન અંગેની તૈયારીઓ શરૂ કરવામાં આવે છે. આ વર્ષે પણ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જિલ્લાના રાજવીશ્રીઓ, વેપારી મંડળ, જન પ્રતિનિધિઓ, તથા અધિકારીઓ સાથે શ્રેણીબદ્ધ બેઠકો યોજવામાં આવી છે. આ બેઠકોમાં નક્કી થયા મુજબ આ વર્ષે તા.૨૬ ફેબ્રુઆરીથી ત્રણ માર્ચ સુધી ઐતિહાસિક 'ડાંગ દરબાર' મેળાનું આયોજન કરાયું છે. આ કાર્યક્રમની શરૂઆત તા.૨૬ મી ફેબ્રુઆરીએ પ્રભારી મંત્રી શ્રી જયરામભાઈ ગામિત સહિત સાંસદ શ્રી ધવલભાઈ પટેલ, ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલ, અને જિલ્લા પંચાયતના પ્રમુખ સુશ્રી નિર્મળાબેન ગાઉનની ઉપસ્થિતિ સાથે કરાશે. તે અગાઉ ગીત, સંગીત, અને નૃત્યો સાથે રાજવીશ્રીઓની ભવ્ય શોભાયાત્રા પણ યોજાશે. તા.૨૬મી ફેબ્રુઆરીના આ રંગારંગ ઉદ્ઘાટન કાર્યક્રમ બાદ આ વખતે ગુજરાત રાજ્યના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી તા.૨જી માર્ચના રોજ આહવા ખાતે પધારશે. તે વખતે રંગ ઉપવન ખાતે ફરીથી રાજવીશ્રીઓને પોલિટિકલ પેન્શન આપી સન્માન કરાશે. આમ, આ વખતે પહેલી વાર 'ડાંગ દરબાર' દરમિયાન જિલ્લાના માનવંતા રાજવીશ્રીઓનું બે વખત સન્માન કરાશે તેમ કલેક્ટરશ્રીએ વધુ વિગતો આપતાં જણાવ્યું હતું. આ ઉપરાંત તા.૨૬ ફેબ્રુઆરી થી ૩ માર્ચ સુધી દરરોજ સાંજે રંગ ઉપવન ખાતે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યુ છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પોલીસ બંદોબસ્ત, સ્વચ્છતા અભિયાન, જાહેર શૌચાલયો અને પીવાના પાણીની વ્યવસ્થા, ટ્રાફિક નિયમન, સ્વદેશી ચીજવસ્તુઓનું વેચાણ, ટ્રાયબલ ફૂડ સ્ટોલ, પ્રદર્શની, આરોગ્ય કેમ્પ જેવા પ્રજાજનો માટેના કાર્યક્રમોનું આયોજન કરી, આ મેળાને વધુ લોકભોગ્ય બનાવવાનું આયોજન કરાયું છે તેમ કલેક્ટરશ્રીએ વધુમા જણાવ્યું હતું.

# કપડવંજના ઘડિયા ગામે ડેરી ખાતે ખેડા જિલ્લા મધ્ય સહકારી બેંક KDCC નું નવું એટીએમ મશીનનું ઉદ્ઘાટન કરવા આવ્યું

• દિપક પરમાર ઘડિયા

આજ રોજ કપડવંજ તાલુકાના ઘડિયા ગામે ડેરી ખાતે ખેડા જિલ્લા મધ્ય સહકારી બેંક kdcc નું નવું એટીએમ મશીન નું ઉદ્ઘાટન કરવા આવ્યું જેમા kdcc બેંક ના ડિરેક્ટર અને કપડવંજ તાલુકા સંગઠન ના પ્રમુખ જીતુભાઈ પટેલ કપડવંજ તાલુકા પંચાયત ના પ્રમુખ જે કે પરમાર તથા ધુળસિંહ સોલંકી અને તાલુકા પંચાયત સદસ્ય એલ એસ ઝાલા અને ગામ ના આગેવાનો વડીલો ઉપસ્થિત રહ્યા હતા




સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 21459.88 કરોડનાં કામકાજ: બુલિયન ઇન્ડેક્સ બુલડેક્સ વાયદો 39784 પોઇન્ટના સ્તરે

# સોનાના વાયદામાં રૂ.2817 અને ચાંદીના વાયદામાં રૂ.12190નો ઉછાળો: ક્રૂડ તેલનો વાયદો રૂ.21 લપસ્યો

## કોમોડિટી વાયદાઓમાં રૂ.26485.12 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.135764.25 કરોડનું ટર્નઓવર

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.162253.42 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.26485.12 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.135764.25 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો 39784 પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.2027.1 કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 21459.88 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો 10 ગ્રામદીઠ રૂ.158458ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.160600 અને નીચામાં રૂ.158117ના સ્તરને સ્પર્શી, રૂ.156876ના આગલા બંધ સામે રૂ.2817 વધી રૂ.159693ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી વાયદો 8 ગ્રામદીઠ રૂ.1326 વધી રૂ.127978 થયો હતો. ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી વાયદો 1 ગ્રામદીઠ રૂ.228 વધી રૂ.16140ના ભાવે બોલાયો હતો.




સોનું-મિની માર્ચ વાયદો 10 ગ્રામદીઠ રૂ.2852 વધી રૂ.157455 થયો હતો. ગોલ્ડ-ટેન ફેબ્રુઆરી વાયદો 10 ગ્રામદીઠ રૂ.157627ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.158985 અને નીચામાં રૂ.156736ના મથાળે અથડાઈ, રૂ.155553ના આગલા બંધ સામે રૂ.2035 વધી રૂ.157588ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.263061ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.268875 અને નીચામાં રૂ.260028ના મથાળે અથડાઈ, રૂ.252944ના આગલા બંધ સામે રૂ.12190 વધી રૂ.265134ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.12439 વધી રૂ.266920ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.11698 વધી રૂ.265899ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. 3361.41 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ફેબ્રુઆરી વાયદો રૂ.2.9 વધી રૂ.1171.05 થયો હતો. જસત ફેબ્રુઆરી વાયદો રૂ.1.6 વધી રૂ.327.9ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ફેબ્રુઆરી વાયદો 90 પૈસા વધી રૂ.308.15ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ફેબ્રુઆરી વાયદો 10 પૈસા ઘટી રૂ.187.65 થયો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. 1570.89 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ફેબ્રુઆરી વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.3482ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.3580 અને નીચામાં રૂ.3481ના મથાળે અથડાઈ, રૂ.79 વધી રૂ.3555ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ માર્ચ વાયદો બેરલદીઠ રૂ.6093ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.6093 અને નીચામાં રૂ.5960ના મથાળે અથડાઈ, રૂ.6057ના આગલા બંધ સામે રૂ.21 ઘટી રૂ.6036ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની માર્ચ વાયદો રૂ.18 ઘટી રૂ.6036ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ ફેબ્રુઆરી વાયદો એમએમબીટીયુદીઠ રૂ.1 વધી રૂ.283.2 થયો હતો. નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી વાયદો 50 પૈસા વધી રૂ.283.1 થયો હતો.

વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી પૂર્ણેશ મોદી અને મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રી મનિષાબેન વકીલની પ્રેરક ઉપસ્થિતિ

# વિધાનસભા ખાતે મહિલા આર્ટ એન્ડ ક્રાફ્ટ ફેસ્ટિવલનું ઉદઘાટન કરતાં અધ્યક્ષ શંકર ચૌધરી

**લોકપ્રિયતામાં વધારો** ગુજરાતની હસ્તકલા વૈશ્વિક બ્રાન્ડ બની છે : અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી

• ગાંધીનગર

ગુજરાત વિધાનસભાના પ્રાંગણમાં આજે 'હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી' અભિયાન અંતર્ગત 'મહિલા આર્ટ એન્ડ ક્રાફ્ટ ફેસ્ટિવલ'નો વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી પૂર્ણેશ મોદી અને મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રી મનિષાબેન વકીલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉદ્ઘાટન પ્રસંગે સંબોધન કરતા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, ગુજરાતની મહિલાઓએ પોતાના પુરુષાર્થ અને કૌશલ્ય થકી હસ્તકલા, ખાસ કરીને ભરતકામ જેવા ક્ષેત્રોમાં આંતરરાષ્ટ્રીય સ્તરે નામના મેળવી છે. આજે ગુજરાતની આ પરંપરાગત કળા સમગ્ર વિશ્વ માટે એક પ્રતિષ્ઠિત 'બ્રાન્ડ' બની ગઈ છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, વિધાનસભાના પ્રાંગણમાં આ પ્રકારનું આયોજન એ રાજ્યની બહેનો માટે એક નવી આશાનો કિરણ છે. અધ્યક્ષશ્રીએ મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રી મનીષાબેન વકીલને આ સુંદર પહેલ બદલ અભિનંદન પાઠવ્યા અને અનુરોધ કર્યો હતો કે, ધારાસભ્યોના માધ્યમથી આ કળાનો રાજ્યના ખૂણે-ખૂણે પ્રચાર થાય તે દિશામાં સઘન પ્રયાસો કરવામાં સૂચન કર્યું હતું. અધ્યક્ષ શ્રી શંકર ચૌધરીએ નાગરિકોને અપીલ કરતા જણાવ્યું હતું કે, આ સ્ટોલ્સ માત્ર વેચાણનું કેન્દ્ર નથી, પરંતુ મહિલા શક્તિના પરિશ્રમ અને સ્વાભિમાનનું પ્રતીક છે. આ પ્રદર્શનમાં પ્રદર્શિત દરેક વસ્તુમાં બહેનોની મહેનત અને આત્મનિર્ભર ભારતના સપનાની ઝાંખી જોવા મળે છે. આપનો નાનો સહયોગ તેમને નવી ઊર્જા પૂરી પાડશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિ.' દ્વારા આયોજિત આ પ્રદર્શન તા. ૨૩ ફેબ્રુઆરી થી ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી કાર્યરત રહેશે. વિધાનસભાના પ્રાંગણમાં સવારે ૯:૩૦ થી સાંજે ૬:૩૦ કલાક દરમિયાન નાગરિકો આ સ્ટોલની મુલાકાત લઈ શકશે. વિધાનસભાના પ્રાંગણમાં મહિલા કારીગરો દ્વારા તૈયાર કરાયેલ હસ્તકલા અને સ્વદેશી ઉત્પાદનોના કુલ ૧૦ પ્રદર્શન-સહ-વેચાણ સ્ટોલ્સ રાખવામાં આવ્યા છે. આ ઉદ્ઘાટન પ્રસંગે વિધાનસભાના સચિવ શ્રી ચેતન પંડ્યા, મહિલા



અને બાળ વિકાસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ કર્મચારીશ્રીઓ અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# CRPFની તાલીમ પૂર્ણ કરી વતન ફરેલા નાડા ગામના રાજેન્દ્રસિંહ બારિયાનું ભવ્ય સ્વાગત

## આ સિદ્ધિથી માત્ર નાડા ગામ જ નહી, પરંતુ સમગ્ર શહેરા તાલુકાનું ગૌરવ વધ્યું

• શહેરા

દેશની પ્રતિષ્ઠિત સુરક્ષા એજન્સી CRPF (સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ) માં ભરતી થઈ દેશસેવાનું સપનું સાકાર કરનાર શહેરા તાલુકાના નાડા ગામના યુવાન રાજેન્દ્રસિંહ ભૂપતસિંહ બારિયા પોતાની કઠિન તાલીમ પૂર્ણ કરી માદરે વતન પરત ફરતા ગ્રામજનોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. રાજેન્દ્રસિંહ શહેરા બસ સ્ટેશન ખાતે આવી પહોંચતા જ પરિવારજનો અને સ્નેહીજનો દ્વારા તેમને ફૂલહાર પહેરાવી ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. હાથમાં તિરંગો અને ચહેરા પર દેશપ્રેમ સાથે રાજેન્દ્રસિંહ ખુલ્લી કારમાં સવાર થયા હતા. ડીજેના તાલે દેશભક્તિના ગીતો ગુંજી ઉઠતા સમગ્ર વાતાવરણ દેશભક્તિમય બની ગયું હતું. બસ સ્ટેશનથી તેમના વતન નાડા ગામ સુધી શોભાયાત્રા કાઢવામાં આવી હતી, જ્યાં ગામના સરપંચ રાહુલભાઈ સહિતના અગ્રણીઓ અને ગ્રામજનોએ તેમનું ભવ્ય સન્માન કર્યું હતું.નાડા ગામના એક સામાન્ય પરિવારમાંથી આવતા યુવાને પોતાની મહેનતથી CRPFમાં સ્થાન મેળવી આજે સફળતાપૂર્વક તાલીમ પૂર્ણ કરી છે. તેમની આ સિદ્ધિથી માત્ર નાડા ગામ જ નહીં, પરંતુ સમગ્ર શહેરા તાલુકાનું ગૌરવ વધ્યું છે. રાજેન્દ્રસિંહે હવે વિધિવત રીતે દેશસેવાની સફર શરૂ કરી છે, જે અન્ય યુવાનો માટે પણ પ્રેરણારૂપ બનશે.



# ચાણોદ ખાતે આજે સવારે એકાએક વાતાવરણમાં પલટો આવ્યો

## પવન સાથે આકાશમાં વાદળો ની ફોજ વરસાદનું ઝાપટું પડ્યું



• મુકેશ ખત્રી ચાણોદ

ડભોઇ તાલુકાના ચાણોદ ખાતે કમોસમી વરસાદ ના ઝાપટાં તા૨૦મી ના રોજ વહેલી સવારે ચાર કલાકે તેમજ સવારે ૯:૦૦ ના સુમારે બે ઝાપટાં પડ્યાં હતા. લોકોની ઊંઘ હરામ થઈ ગઈ હતી. ત્યારબાદ ગત રોજ વાતાવરણમાં ઉનાળાની ગરમીનો અહેસાસ થઈ જાય તેવી ગરમી સાથે વાતાવરણ ગરમ રહ્યું હતું. આજરોજ ફરી ચાણોદ ખાતે સવારથી વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું ત્યારબાદ સવારે 10:30 ના સમારે એકાએક પવન ફુફૂકાવાનો શરૂ થયો હતો. આકાશમાં કાળા વાદળોની ફોજ જોવા મળી હતી સાથે વરસાદનું ઝાપટું ખાબક્યું હતુ આશરે 10 થી 15 મિનિટ ની આસપાસ વરસાદનું ઝાપટું રહ્યા બાદ દિવસ દરમિયાન વાદળ ખુલી જતા રાહત મળી હતી. છેલ્લા કેટલાક દિવસથી વાતાવરણના પલટાણ લીધે ખેતીના પાક પર રોગના ઉપદ્રવ નું સંકટ જોડાઈ રહ્યું છે

# કપડવંજ કઠલાલ ધારાસભ્ય રાજેશભાઇ દ્વારા ૨૦.૦૦૦ સહાયચેક અર્પણ કરવામાં આવ્યો



• દિપક પરમાર ઘડિયા

દીકરીઓનું શિક્ષણ એટલે સમાજનો વિકાસ' આજરોજ મારા કાર્યાલય ખાતે આવતી રજૂઆતો દરમ્યાન પીટીસીમાં અભ્યાસ કરતી અને આર્થિક પરિસ્થિતિ નબળી હોવા છતાં શિક્ષણ પ્રત્યે અડગ સંકલ્પ ધરાવતી દીકરી નિમિષાબેન લાલસિંહ ઝાલાને 20,000/- નો સહાયચેક અર્પણ કર્યો. શિક્ષણ એ જ સશક્તિકરણનો મજબૂત આધાર છે.દરેક દીકરી પોતાના સપના સાકાર કરી શકે તે માટે હંમેશા સાથે ઉભો રહીશ

પોલીસ ભરતીની તૈયારી હવે સાવ નિઃશુલ્ક

# સંતરામપુર વિધાનસભાના યુવાનો માટે પૂર્વ શિક્ષણ મંત્રીની ભેટ

• કાનજી ધામોત મહીસાગર

મહિસાગર જિલ્લાના અંતરિયાળ વિસ્તારના યુવાનો સરકારી સેવાઓમાં જોડાઈ પોતાનું ભવિષ્ય ઉજ્જવળ બનાવી શકે તેવા ઉમદા હેતુ સાથે સંતરામપુર વિધાનસભાના ધારાસભ્ય અને પૂર્વ શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડિંડોર દ્વારા એક અનોખી પહેલ કરવામાં આવી છે. સંતરામપુર અને કડાણા તાલુકાના ગરીબ અને મધ્યમ વર્ગના ૪૦૦થી વધુ યુવાનોને આગામી પોલીસ ભરતી તથા અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે નિઃશુલ્ક ફિઝિકલ અને લેખિત તાલીમ આપવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. એપ્લિકેશન અને ટાઉન હોલ



ખાતે નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આ અભિયાન અંતર્ગત યુવાનોને આધુનિક ટેકનોલોજીના માધ્યમથી તૈયારી કરાવવા માટે 'ઓલ ઈન વન' એપ્લિકેશન પૂરી પાડવામાં આવી છે, જેના દ્વારા વિદ્યાર્થીઓ ઘરે બેઠા પણ અભ્યાસ કરી શકશે. આ ઉપરાંત, સંતરામપુર ટાઉન હોલ ખાતે વિષય નિષ્ણાતો દ્વારા લેખિત પરીક્ષાનું સચોટ માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. માત્ર લેખિત જ નહીં, પરંતુ મેદાની કસોટી (ફિઝિકલ ટ્રેનિંગ) માટે પણ કડાણા અને સંતરામપુરના અંતરિયાળ વિસ્તારોમાં ખાસ મેદાનો તૈયાર કરી તજજ્ઞો દ્વારા તાલીમ શરૂ કરવામાં આવી છે. સાહિત્ય અને સુવિધાઓનું વિતરણ તાજેતરમાં યોજાયેલા એક કાર્યક્રમમાં ઉપસ્થિત ૪૦૦થી વધુ તાલીમાર્થીઓને: સંપૂર્ણ અભ્યાસક્રમની બુક્સ અને જનરલ નોલેજ પુસ્તકોનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું. તાલીમ દરમિયાન યુવાનોના સ્વાસ્થ્યને ધ્યાને રાખી પૌષ્ટિક નાસ્તાની વ્યવસ્થા પણ નિઃશુલ્ક કરવામાં આવી છે. મહિસાગરના યુવાનો પોલીસ દળમાં જોડાય તેવી અપેક્ષા આ પ્રસંગે કુબેરભાઈ ડિંડોરે યુવાનોને પ્રોત્સાહિત કરતા જણાવ્યું હતું કે, 'અંતરિયાળ વિસ્તારના તેજસ્વી યુવાનો આર્થિક સંકડામણને કારણે પાછળ ન રહી જાય તે માટે આ વ્યવસ્થા ઊભી કરાઈ છે.

ગરીબો, મધ્યમ વર્ગ, ખેડૂતો, પશુપાલકો અને સામાન્ય જનતાનો અવાજ ઉઠાવવાની ભાવના સાથે જાહેર જીવનમાં છે અને તેઓને ભાજપમાં કામ કરતી વખતે ઘણીવાર મર્યાદાઓનો સામનો કરવો પડે છે

# ભાજપના પૂર્વ ધારાસભ્ય ઉમેદવાર શ્રી ભારતસિંહ પરમાર તથા કાર્યકર્તાઓ કોંગ્રેસ પક્ષમાં જોડાયા

## ભાજપમાં વર્ષો સુધી જાહેર જીવનમાં રહી લોકો માટે કાર્ય કરનાર નેતાઓ કોંગ્રેસની વિચારધારામાં વિશ્વાસ મૂકી જોડાઈ રહ્યા છે : શ્રી અમિત ચાવડા



• અમદાવાદ

આજરોજ રાજીવ ગાંધી ભવન, અમદાવાદ ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાની ઉપસ્થિતિમાં ભાજપના પૂર્વ ધારાસભ્ય ઉમેદવાર અને ખેડા જિલ્લાના મજબૂત ઓબીસી તથા ક્ષત્રિય સમાજના આગેવાન શ્રી ભારતસિંહ પરમાર આજે ઔપચારિક રીતે ભાજપ છોડી કોંગ્રેસ પક્ષમાં જોડાયા. આ પ્રસંગે મધ્ય ગુજરાતના મોટી સંખ્યામાં કાર્યકરો અને આગેવાનો હાજર રહ્યા હતા. આ પ્રસંગે અમિત ચાવડાએ પોતાના સંબોધનમાં જણાવ્યું કે છેલ્લા થોડા સમયથી ભારતીય જનતા પાર્ટીમાંથી કાર્યકરો અને આગેવાનો સતત કોંગ્રેસમાં જોડાઈ રહ્યા છે. વર્ષો સુધી જાહેર જીવનમાં રહી લોકો માટે કાર્ય કરનાર નેતાઓ આજે ફરી કોંગ્રેસની વિચારધારામાં વિશ્વાસ મૂકી જોડાઈ રહ્યા છે. તેમણે શ્રી ભારતસિંહભાઈ પરમારના જાહેર જીવનના લાંબા અને અનુભવી કાર્યકાળનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે તેઓ કાર્યકરથી લઈ સંગઠનના મહત્વપૂર્ણ પદો સુધી સક્રિય રહ્યા છે. સહકારી ક્ષેત્ર હોય, સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ હોય કે તાલુકા પંચાયત, દરેક ક્ષેત્રમાં તેમણે નોંધપાત્ર કામગીરી કરી છે. તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે તેમજ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે પણ તેમણે સેવા આપી છે. વર્ષ 2017માં મહુધા વિધાનસભાની ચૂંટણી ભાજપમાંથી લડી અને થોડો સમય ભાજપમાં સક્રિય રહ્યા, પરંતુ મૂળ વિચારધારાની પ્રેરણાથી આજે ફરી કોંગ્રેસમાં જોડાયા છે. શ્રી અમિત ચાવડાએ વધુમાં જણાવ્યું કે જે લોકો ગરીબો, મધ્યમ વર્ગ, ખેડૂતો, પશુપાલકો અને સામાન્ય જનતાનો અવાજ ઉઠાવવાની ભાવના સાથે જાહેર જીવનમાં આવે છે, તેઓને ભાજપમાં કામ કરતી વખતે ઘણીવાર મર્યાદાઓનો સામનો કરવો પડે છે. એવા ઘણા આગેવાનોને ત્યાં ગૂંગળામણ અનુભવાય છે અને તેમના વિચારોને યોગ્ય સ્થાન મળતું નથી. 'જન આક્રોશ યાત્રા' દરમિયાન રાજ્યના વિવિધ વિસ્તારોમાં મોટા પ્રમાણમાં લોકો ભાજપનો સાથ છોડીને કોંગ્રેસ સાથે જોડાઈ રહ્યા છે, જે જનમાનસમાં ઊભરતી અસંતોષની લાગણી દર્શાવે છે. લોકોમાં હવે એવી ભાવના મજબૂત બની રહી છે કે સરકાર સામાન્ય અને ગરીબ વર્ગના પ્રશ્નો પ્રત્યે સંવેદનશીલ નથી. તેમણે ગરીબોના મકાનો પર બુલડોઝર ચલાવવાના બનાવો અને સહકારી ક્ષેત્રમાં વધતા ભ્રષ્ટાચારનો પણ ઉલ્લેખ કર્યો અને કહ્યું કે આવા મુદ્દાઓ પર અવાજ ઉઠાવવા માટે કોંગ્રેસ જ યોગ્ય મંચ છે. ભારતસિંહભાઈ પરમારે પણ પોતાના સંક્ષિપ્ત નિવેદનમાં જણાવ્યું કે વર્ષો પહેલા જે મૂલ્યો અને વિચારધારાથી તેઓ કોંગ્રેસમાં જોડાયા હતા, તે જ ભાવનાને ધ્યાનમાં રાખીને તેઓ ફરી કોંગ્રેસ પરિવારનો ભાગ બન્યા છે. ગરીબો, ખેડૂતો અને સામાન્ય લોકો માટે કામ કરવાની તેમની પ્રતિબદ્ધતા અવિચળ છે. કાર્યક્રમના અંતે અમિત ચાવડાએ જણાવ્યું કે ભલે અગાઉ રાજકીય રીતે સામસામે લડ્યા હોય, પરંતુ હવે રાજ્યના હિત અને મધ્ય ગુજરાતમાં કોંગ્રેસને મજબૂત બનાવવા માટે બધા આગેવાનો એક મંચ પર આવી એકતા સાથે કાર્ય કરશે. શ્રી ભારતસિંહ પરમાર સાથે જોડાયેલા તમામ આગેવાનો અને કાર્યકરોનું કોંગ્રેસ પરિવારમાં હાર્દિક સ્વાગત કરવામાં આવે છે અને આવનારા સમયમાં સંગઠનને વધુ સશક્ત બનાવવા માટે સૌએ સંકલ્પ વ્યક્ત કર્યો છે. પચાસથી વધુ કાર્યકર્તાઓ સાથે કોંગ્રેસ પક્ષમાં જોડાયા બાદ ભારતસિંહ પરમારએ જણાવ્યું કે તેમણે હંમેશા ભારતીય સંવિધાનનું સન્માન કર્યું છે અને કોંગ્રેસની વિચારધારાએ દેશના સંવિધાન અને લોકશાહી મૂલ્યોનું રક્ષણ કર્યું છે. આઝાદી પહેલાં અને બાદમાં કોંગ્રેસે સેવા, સમર્પણ અને ત્યાગની ભાવનાથી દેશ માટે લડત આપી છે. તેમણે કહ્યું કે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં લોકશાહીનો અવાજ દબાઈ રહ્યો છે અને સામાન્ય નાગરિકને ન્યાય મળવામાં મુશ્કેલી પડે છે. મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલે જે લોકશાહી મૂલ્યો માટે સંઘર્ષ કર્યો, તે મૂલ્યોને બચાવવા કોંગ્રેસ જ યોગ્ય મંચ છે, એવો મારો સંપૂર્ણ વિશ્વાસ છે. તેમણે તાજેતરની 'અમૂલ' ચૂંટણીનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે સહકારી ક્ષેત્રમાં સત્તાનો દુરુપયોગ કરીને અનેક કાર્યકરોને ચૂંટણી લડવાથી અને મતદાનથી વંચિત રાખવામાં આવ્યા તથા એકએક મત માટે દસ લાખ સુધીનો ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો, આ અનુભવથી અમોને લાગ્યું કે લોકશાહી નબળી બની રહી છે. અંતમાં તેમણે સ્વીકાર્યું કે થોડો સમય ભાજપમાં રહ્યા, પરંતુ લોકશાહી અને છેવાડાના માણસના હિત માટે કાર્ય કરવા તેઓ ફરી કોંગ્રેસ સાથે જોડાયા છે. આવનારા દિવસોમાં જીલ્લા કક્ષાએ સેંકડો કાર્યકર્તાઓ કોંગ્રેસ સાથે જોડાશે તેવી પ્રતિબદ્ધતા સાથે કામ કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો. રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત ઉપરોક્ત કાર્યક્રમમાં મધ્ય ગુજરાતના આગેવાનશ્રીઓ શ્રી માલસિંહ રાઠોડ, ઉપપ્રમુખ, જી.પી.સી.સી., શ્રી કાળુસિંહ ડાભી, જીલ્લા કોંગ્રેસ પ્રમુખ, શ્રી મહેન્દ્રસિંહ રાણા, કાર્યકારી પ્રમુખ, શ્રી બીમલભાઈ શાહ, પૂર્વ ધારાસભ્ય, શ્રી રાજેન્દ્રસિંહ પરમાર, પૂર્વ ધારાસભ્ય, શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર, પૂર્વ ધારાસભ્ય, શ્રી નટવરસિંહ મહીડા, પ્રભારીશ્રી ખેડા અને પૂર્વ જીલ્લા પંચાયત પ્રમુખ, શ્રી સંજયભાઈ પટેલ, પૂર્વ ડીરેક્ટર, અમુલ ડેરી, શ્રીમતી સુધાબેન ચૌહાણ, જીલ્લા મહિલા કોંગ્રેસ પ્રમુખ, શ્રી ગોકુળભાઈ શાહ, પ્રમુખ, એન.એસ.યુ.આઈ., શ્રી નવીન મામા, કન્વીનર, ચૂંટણી સમિતિ, શ્રી ઐયુબખાન પઠાણ, મહામંત્રી, શ્રી દિનેશભાઈ રાઠોડ, મહામંત્રી, શ્રી સુભાષભાઈ આચાર્ય, જીલ્લા પ્રવક્તા સહીત આગેવાનશ્રીઓએ ઉપસ્થિત રહી કોંગ્રેસ વિચારધારામાં જોડાયેલ સૌને આવકાર્ય હતા અને આવનારા ભવિષ્યમાં કોંગ્રેસની લોકશાહી બચાવવાની લડાઈ લડવા અને ખભે ખભા મિલાવી કોંગ્રેસની વિચારધારાને ઘર-ઘર સુધી પહોંચાડવા સંકલ્પબદ્ધ બન્યા હતા.

સરહદી સુરક્ષા અને આંતર-એજન્સી સંકલન પર અપાયો ભાર

# રાજ્યના પોલીસ વડા ડૉ. કે.એલ.એન. રાવની કચ્છની બે દિવસીય મુલાકાત સંપન્ન

**સંયુક્ત પેટ્રોલિંગ** — નલિયા પોલીસ સ્ટેશનને દત્તક લઈ રૂ.૫ લાખની ગ્રાન્ટ જાહેર કરી

• થરાદ

રાજ્યના પોલીસ વડા ડૉ. કે.એલ.એન. રાવનો કચ્છ જિલ્લાનો બે દિવસીય વ્યૂહાત્મક પ્રવાસ સફળતાપૂર્વક પૂર્ણ થયો છે. તા.૨૧-૨૨ ફેબ્રુઆરીમાં આ મુલાકાત દરમિયાન રાજ્યના પોલીસ વડાશ્રીએ સરહદી અને દરિયાઈ સુરક્ષા વ્યવસ્થાને વધુ સઘન બનાવવા માટે શ્રેણીબદ્ધ બેઠકો અને મુલાકાતો કરી હતી. ભુજ ખાતે યોજાયેલી હાઈ-લેવલ ક્રાઈમ કોન્ફરન્સમાં રાજ્યના પોલીસ વડાશ્રીએ સરહદી ક્ષેત્રમાં ગુનાખોરીની સ્થિતિની સમીક્ષા કરી હતી. ત્યારબાદ, BSF, ભારતીય વાયુસેના, કોસ્ટ ગાર્ડ, IB અને NTRO જેવી એજન્સીઓના ઉચ્ચ અધિકારીઓ સાથે વિશેષ બેઠક યોજી હતી. જેમાં ઈન્ટેલિજન્સ શેરિંગ, ડ્રગ્સની હેરાફેરી અટકાવવા, માછીમારોના પ્રશ્નો અને સંભવિત ઘૂસણખોરી રોકવા સહિતના અગત્યના મુદ્દાઓને ધ્યાને રાખીને તમામ એજન્સીઓ વચ્ચે મજબૂત સંકલન સ્થાપિત કરવા પર ભાર મૂક્યો હતો. NCORD (નેશનલ કોર્ડિનેશન સેન્ટર) ની પ્રગતિ અંગે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ મુલાકાતના ભાગરૂપે રાજ્યના પોલીસ વડાશ્રીએ નલિયા પોલીસ સ્ટેશનની મુલાકાત લઈ તેને દત્તક લેવાની જાહેરાત કરી હતી. પોલીસ સ્ટેશનના આધુનિકીકરણ અને સુવિધાઓ માટે તેમણે રૂપિયા ૫ લાખની ગ્રાન્ટ ફાળવવાની પણ જાહેરાત કરી હતી.



ઉપરાંત, પોલીસ અધિકારીઓ, જવાનો અને સ્થાનિક નાગરિકો સાથે 'બડા ખાના' યોજીને સૌનું મનોબળ વધાર્યું હતું અને જનતાની સમસ્યાઓ સાંભળી હતી. ડૉ.કે.એલ.એન.રાવ એ જખૌ દરિયાકાંઠે ધ્વજવંદન કરી સુરક્ષા જવાનોનું અભિવાદન કર્યું હતું. તેમણે ભારતીય કોસ્ટ ગાર્ડ, BSF અને ગુજરાત પોલીસના જવાનો સાથે દરિયામાં સંયુક્ત પેટ્રોલિંગ કરીને સુરક્ષા કવચની સજ્જતા ચકાસી હતી.

આ ઉપરાંત, છેવાડાના વિસ્તારો એવા પિંગલેશ્વર આઉટપોસ્ટની મુલાકાત લઈ ત્યાંના પડકારો અને સંવેદનશીલ દરિયાઈ પટ્ટી પર સતર્કતા રાખવા જરૂરી સૂચનાઓ આપી હતી. કચ્છની સંવેદનશીલ ભૌગોલિક સ્થિતિને ધ્યાને રાખી ડૉ.રાવે દરિયાઈ અને જમીની સરહદ પર એલર્ટ રહેવા, ટેકનોલોજીનો ઉપયોગ વધારવા અને એજન્સીઓ વચ્ચે સીમલેસ કોઓર્ડિનેશન માટે માર્ગદર્શન આપ્યું હતું. આ મુલાકાતથી કચ્છની સરહદી સુરક્ષા વ્યવસ્થામાં નવી ઉર્જાનો સંચાર થયો છે અને દેશવિરોધી પ્રવૃત્તિઓ સામે ગુજરાત પોલીસની સજ્જતા વધુ મજબૂત બની છે.

# SVP હોસ્પિટલમાં રુમેટોલોજી અને યુરોલોજીના જટિલ રોગોની સુપર-સ્પેશિયાલિટી સારવાર મળશે

અમદાવાદઃ NHL મેડિકલ કોલેજની સિદ્ધિ

• અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) મેડિકલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત NHL મ્યુનિસિપલ મેડિકલ કોલેજે રાજ્યના તબીબી શિક્ષણ ક્ષેત્રે એક નવો ઈતિહાસ રચ્યો છે. નેશનલ મેડિકલ કમિશન (NMC) દ્વારા શૈક્ષણિક વર્ષ 2025-26 માટે આ કોલેજમાં બે નવા સુપર-સ્પેશિયાલિટી કોર્સ શરૂ કરવાની સત્તાવાર મંજૂરી આપવામાં આવી છે. આ સફળતા સાથે NHL કોલેજ ઉચ્ચ તબીબી અભ્યાસમાં અગ્રેસર સાબિત થઈ છે. NMCના 20-02-2026ના જાહેરનામા અનુસાર, કોલેજને બે મહત્વપૂર્ણ વિભાગોમાં બેઠકો ફાળવવામાં આવી છે. જેમાં ડી.એમ. ક્લિનિકલ




ઈમ્યુનોલોજી એન્ડ રુમેટોલોજી માટે 2 બેઠકો અને એમ.સી.એચ. યુરોલોજી માટે 2 બેઠકો મળીને કુલ 4 સુપર-સ્પેશિયાલિટી બેઠકોનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે, 'ડી.એમ. ક્લિનિકલ ઈમ્યુનોલોજી એન્ડ રુમેટોલોજી' કોર્સ શરૂ કરનારી NHL ગુજરાતની સર્વપ્રથમ મેડિકલ કોલેજ બની છે. આ બંને નવા વિભાગો અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ SVP હોસ્પિટલ ખાતે કાર્યરત થશે. અહીં નિષ્ણાત તબીબોની દેખરેખ હેઠળ સાંધા અને રોગપ્રતિકારક શક્તિ સંબંધિત ઓટોઈમ્યુન બીમારીઓ તેમજ કિડની, મૂત્રાશય અને પ્રોસ્ટેટ જેવા જટિલ યુરોલોજીકલ રોગોની સચોટ સારવાર મળશે. આ સુવિધાને કારણે હવે ગુજરાતના દર્દીઓને ગંભીર બીમારીઓની સારવાર માટે અન્ય રાજ્યોમાં જવાની જરૂર નહીં પડે. સુપર-સ્પેશિયાલિટી કોર્સ શરૂ થવાથી રાજ્યમાં ઉચ્ચ લાયકાત ધરાવતા તબીબો તૈયાર થશે, જે સરકારી આરોગ્ય માળખાને વધુ સુદ્રઢ બનાવશે. આ સિદ્ધિ બદલ AMC મેડિકલ એજ્યુકેશન ટ્રસ્ટ અને હોસ્પિટલના તબીબી આલમમાં ખુશીની લહેર જોવા મળી રહી છે.

# બાયડના વાંટડાની પરણિત યુવતી ગુમ થતા ફરિયાદ દાખલ

• બાયડ

વાંટડા ગામના સુખીબેન બકાભાઈ પરમારની દિકરી કાજલને કપડવંજ તાલુકાના પથોરા ગામે 53 પરણાવવામાં આવી હતી. છેલ્લા કેટલાક દિવસોથી તે વાંટડા ગામે રહેવા માટે આવી હતી અને તા. ૧૦ના રોજ પોતાના ઘરેથી રહસ્યમય રીતે ગુમ થઈ છે. પરણિત દિકરી ગાયબ થતાં પરિવાર દ્વારા તેની શોધખોળ હાથ ધરાઈ હતી પરંતુ કોઈ પત્તો મળ્યો નહતો. આ બનાવ અંગે સુખીબેન પરમારે બાયડ પોલીસ સ્ટેશને દિકરી ગુમ થવા અંગે જાણ કરતાં જાણવા જોગ નોંધ લઈ તપાસ શરૂ કરવામાં આવી છે

# આખા જિલ્લાને મોટરો વહેંચતી કચેરીની પોતાની જ મોટર ઠપ્પ

'પાણી વગરની' અમદાવાદ જિલ્લા પંચાયત!

• અમદાવાદ

કહેવાય છે કે 'દીવા તળે અંધારું', આ કહેવત અત્યારે અમદાવાદ જિલ્લા પંચાયત પર બરાબર ફિટ બેસે છે. લાલ દરવાજા સ્થિત જિલ્લા પંચાયતની કચેરીમાં છેલ્લા કેટલાક સમયથી પાણીના બોરની મોટર બગડી જતાં ભારે હાલાકી ઉભી થઈ છે. નવાઈની વાત એ છે કે, જે પંચાયત આખા જિલ્લાની ગ્રામ પંચાયતોને પાણીની મોટરો સપ્લાય કરે છે, તેની પાસે પોતાની ઓફિસ માટે એક સ્પેર મોટર પણ નથી! પાણીના અભાવે કચેરીની હાલત એવી કફોડી થઈ છે કે ઉચ્ચ પદાધિકારીઓની મર્યાદા પણ જળવાતી નથી. સામાન્ય રીતે મહેમાનોને કાચના કે સિરામિકના કપમાં ચા પીરસવામાં આવતી હોય છે, પરંતુ પાણી ન હોવાથી વાસણો ધોવાની સુવિધા નથી. પરિણામે, કારોબારી ચેરમેન અને પ્રમુખની કેબિનમાં અત્યારે પ્રતિબંધિત પ્લાસ્ટિક કે કાગળના કપમાં ચા પીરસાઈ રહી છે. જ્યારે કારોબારી ચેરમેને આ ગંભીર મુદ્દે અધિકારીઓનો ઉધડો લીધો, ત્યારે ચોંકાવનારો ખુલાસો થયો હતો. અધિકારીઓએ જણાવ્યું કે, અત્યારે કચેરી પાસે કોઈ એક્સ્ટ્રા મોટર ઉપલબ્ધ નથી. આ સાંભળીને ચેરમેન લાલચોળ થઈ ગયા હતા. ચેરમેને અધિકારીઓને ખખડાવતા કહ્યું હતું કે, 'આપણે આખા જિલ્લાની ગ્રામ પંચાયતોને પાણીની ઈલેક્ટ્રિક મોટરો પૂરી પાડીએ છીએ, અને આપણી જ ઓફિસમાં મોટર બળી જાય ત્યારે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા નથી? આ કેવો વહીવટ?'

# ખેડા જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લિ.આણંદ દ્વારા મિલ્ક ડે ની ઉજવણી



• દિપક પરમાર ઘડિયા

ખેડા જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લિ.આણંદ દ્વારા મિલ્ક ડે ની ઉજવણી નિમિત્તે કપડવંજ તાલુકાના જલોયા ખાતે આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાનો અવસર મળ્યો. આ પ્રસંગે અમુલ ડેરી ચેરમેન શાભેસિંહ પરમાર, વાઈસ ચેરમેન વિજયભાઈ પટેલ, અમુલ ડિરેક્ટર લક્ષ્મણભાઈ, KDCC ડિરેક્ટર જીતુભાઈ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ જે.કે.પરમાર, ધૂળસિંહ સોલંકી, રૂપસિંહ સહિત મોટી સંખ્યામાં માતાઓ બહેનો ઉપસ્થિત રહ્યા.

ઈડર રેલવે સ્ટેશન પ્રાથમિક શાળા ખાતે સંતોની ઉપસ્થિતિ

# સનાતન હિંદુ સંમેલન તેમજ શતાબ્દી સંકલ્પ યજ્ઞ યોજાયો

• દુર્ગેશ જયસ્વાલ સાબરકાંઠા

રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ ના સંઘ શતાબ્દી વર્ષ નિમિત્તે સમગ્ર દેશમાં સનાતન હિંદુ સંમેલનો નું આયોજન કરવામાં આવી રહી છે ત્યારે સ્વામી વિવેકાનંદ વસ્તી નું સનાતન હિન્દુ સંમેલન આજરોજ તારીખ 22/2/26 ને રવિવારના રોજ ઈડર રેલવે સ્ટેશન પ્રાથમિક શાળા ખાતે યોજાયું હતું. આ કાર્યક્રમની શરૂઆતમાં અતિથિ વિશેષ અને સંતોની હાજરીમાં દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતુ અને સંસ્કાર વિદ્યાલયની બાલિકા દ્વારા સ્વાગત ગીત રજૂ કરવામાં આવ્યું હતુ તેમજ સ્વામી વિવેકાનંદ વસ્તીના જ સ્વયંસેવક દ્વારા સ્વામી વિવેકાનંદ બનાવવામાં આવ્યા હતા. જેમાં દરેક હિન્દુ સમાજ દ્વારા યજ્ઞ આહુતિ નું પણ આયોજન કરવામાં આવેલ હતું જેમાં સનાતન હિંદુઓ એ મોટાભાગે આ યજ્ઞનો લાભ લીધો હતો. અતિથિ વિશેષ બાબુભાઈ પટેલ ભારતીય કિસાન સંઘના મંત્રી તેમજ જ્ઞાનાનંદ સરસ્વતી રેવાસ મહાકાળી આશ્રમ મંકાલેશ્વર મહાદેવના ગાદીપતિ મંકાલગીરી મહારા, સોનલબેન પંચાલ, દિનેશભાઈ પરીખ હાર્દિકભાઈ સગર વગેરે ઉપસ્થિત રહ્યા હતા. જ્ઞાનાનંદ સરસ્વતી દ્વારા આશિર્વચન આપવામાં આવ્યા હતા અને મુખ્ય વક્તા બાબુભાઈ પટેલ દ્વારા પંચ પરિવર્તનની વાત કરવામાં આવી હતી અને સંઘના 100 વર્ષ ના સંઘર્ષની વાત કરેલ હતી સાથે સ્વામી વિવેકાનંદ વસ્તી માંથી મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા કાર્યક્રમની આભાર વિધિ હરેશભાઈ ભાવસાર દ્વારા કરવામાં આવી હતી સંપૂર્ણ સંચાલન પ્રફુલભાઈ દક્ષેશભાઈ તેમજ મેહુલભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સ્વામી વિવેકાનંદ વસ્તીના તમામ ભાઈઓ બહેનો વડીલો તેમજ તમામ સ્વયં સેવકો ખૂબ મહેનત કરી હતી.



આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI



## ગૌહર ખાન ફરી અમાલ મલિક પર ભડકી

# સિંગરે અભિષેક બજાજને ઉશ્કેર્યો હોવાનો પૂર્વ ‘બિગ બોસ’ વિજેતાનો આક્ષેપ

લોકપ્રિય રિયાલિટી શો ’બિગ બોસ 19’ તેના વારંવારના ઝઘડાઓને કારણે ચર્ચામાં છે. તાજેતરમાં નોમિનેશન ટાસ્ક દરમિયાન, સિંગર અમાલ મલિક અને એક્ટર અભિષેક બજાજ વચ્ચે ઉગ્ર દલીલ થઈ હતી અને વાત મારઝૂડ સુધી પહોંચી ગઈ હતી. હવે શોની પૂર્વ વિજેતા અમાલ મલિક પર ગુસ્સે થઈ છે. તેનો આરોપ છે કે અમાલે જાણી જોઈને અભિષેકને ઉશ્કેર્યો હતો અને શોના મેકર્સે પણ તેને ઠપકો આપ્યો નહોતો.’બિગ બોસ’ની પૂર્વ વિજેતા ગૌહર ખાને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (અગાઉ ટ્વિટર) પર લખ્યું, ’કોઈની હિંમત કેવી રીતે થાય છે કે, કોઈના ચહેરાને સ્પર્શ કરે? લગભગ તેના હોઠ દબાવી દે છે? આ શું છે? ઉશ્કેરણી કરવા માટે સ્પર્શ કરવો એ પણ ફિઝિકેલિટી છે. શું આ સીધી વાત નથી? આ કૃત્ય માટે અમાલને જવાબદાર ઠેરવો અથવા દરેકને પ્રાણીઓની જેમ એકબીજાને મારવા માટે ખુલ્લા છોડી દો.’તેણે આગળ લખ્યું, ’જો આ બધું સ્વીકાર્ય છે, તો પછી મર્યાદા ક્યાં છે? ક્યાં લખ્યું છે કે કોઈના શરીરને કોઈપણ રીતે સ્પર્શ કરવો માન્ય છે? હવે કપાળને સ્પર્શ કરવાનો હવાલો કોનો છે? શું હજુ સુધી કોઈ ઉશ્કેરણી નહોતી થઈ?’નોંધનીય છે કે ટાસ્ક દરમિયાન બધાં સ્પર્ધકોએ નોમિનેટ કરવા માટે સાથી સ્પર્ધકોને પાણીપુરી ખવડાવવાની હતી. જે સ્પર્ધકને સૌથી વધુ પાણીપુરી મળતી, તેને નોમિનેટ કરવામાં આવતો. ટાસ્ક દરમિયાન, અમાલે અભિષેકને પાણીપુરી ખવડાવતા તેના ગાલ પર ખરાબ રીતે સ્પર્શ કર્યો. તેનાથી અભિષેક ગુસ્સે થયો, તેણે અમાલને ધક્કો માર્યો. ત્યારબાદ બશીર અને અભિષેક વચ્ચે પણ મારામારી થઈ, જેના કારણે ઉગ્ર દલીલ થઈ.ગત અઠવાડિયે ઝીશાન કાદરીને શોમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો. આ અઠવાડિયે, નીલમ, મૃદુલ તિવારી, માલતી ચહર અને ગૌરવ ખન્ના શોમાંથી બહાર કાઢવા માટે નોમિનેટ થયા છે.હાલમાં, શો બે જૂથોમાં વહેંચાયેલો છે: અમલ મલિક, બશીર અલી, શાહબાઝ, નીલમ, તાન્યા મિત્તલ અને ફરહાના ભટ્ટ એક ગ્રુપમાં છે, જ્યારે ગૌરવ ખન્ના, અભિષેક બજાજ, અશનૂર કૌર, મૃદુલ તિવારી અને પ્રણીતનું બીજું ગ્રુપ છે. કુનિકા સદાનંદ અને નેહલ ચુડાસમા કોઈપણ જૂથ સાથે જોડાયેલા નથી.થોડા સમય પહેલા ગૌહર ખાન ’બિગ બોસ 19’ના ’વિકેન્ડ કા વાર’માં જોવા મળી હતી. તેણે અમાલને કહ્યું હતું કે, ’તમે જે કેરેક્ટર બતાવી રહ્યા છો, તે ખૂબ જ દંભી છે. તમે કોઈના નથી.’

## ‘બોડી કાઉન્ટ’ કોમેન્ટ્સ પર એલી અવરામે મૌન તોડ્યું

# એક્ટ્રેસે કહ્યું, ‘હંમેશા સ્ત્રી જ નિશાન બને છે’

• મુંબઈ

એક્ટ્રેસ એલી અવરામ જુલાઈ મહિનામાં હેડલાઈન્સમાં આવી હતી, જ્યારે યુટ્યુબર આશિષ ચંચલાની સાથેનો તેનો એક ફોટો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. આ ફોટો પછી, લોકોએ અનુમાન લગાવવાનું શરૂ કર્યું કે, બંને ડેટિંગ કરી રહ્યા છે.જોકે, પાછળથી ખબર પડી કે, તે માત્ર મજાક હતી. બંનેએ આ ફોટો તેમના નવા રોમેન્ટિક ગીત ’ચંદનિયા’ના પ્રમોશન માટે ક્લિક કરાવ્યો હતો.દરમિયાન, ફોટો વાયરલ થયા પછી, એલીને સોશિયલ મીડિયા પર ટ્રોલ કરવામાં આવી. ઘણા લોકોએ તેના વિશે અપમાનજનક ટિપ્પણીઓ કરી, જેમાં તેના બોડી કાઉન્ટ્સ વિશે નફરતભરી અને નકારાત્મક કોમેન્ટ્સનો સમાવેશ થાય છે.હવે, થોડા મહિનાઓ પછી, એલીએ ટ્રોલ કરનારાઓનો જવાબ આપ્યો છે. તેણે કહ્યું કે, સ્ત્રીઓ હંમેશા ઓનલાઈન નિશાન બને છે, જ્યારે પુરુષોને નિશાન બનાવવાની શક્યતા ઓછી હોય છે. તેણે ઉમેર્યું કે, આવી નકારાત્મક ટિપ્પણીઓ પોસ્ટ કરનારાઓ ખૂબ જ દુખી અને પરેશાન હોય છે.આશિષે એલી અવરામ સાથેનો આ ફોટો શેર કરીને લખ્યું હતું, ’ફાઈનલી.’આશિષે એલી અવરામ સાથેનો આ ફોટો શેર કરીને લખ્યું હતું, ’ફાઈનલી.’મને ખબર નહોતી કે ’બોડી કાઉન્ટ’ નો અર્થ શું થાય છે: એલી અવરામ’ટાઈમ્સ નાઉ’ સાથેની એક મુલાકાતમાં, એલીએ જણાવ્યું કે, ’શરૂઆતમાં મને ’બોડી કાઉન્ટ’નો અર્થ ખબર નહોતી. મારા જેન-ઝી મિત્રોએ મને તે સમજાવ્યું.’ તેણીએ કહ્યું કે, આ શબ્દ ઘૃણાસ્પદ અને ખોટો છે. તેનો ઉપયોગ સ્ત્રીઓનું મૂલ્યાંકન કરવા માટે થાય છે. તેણે એમ પણ કહ્યું કે, ’સ્ત્રીઓને ઘણીવાર સમાજમાં ’ રાક્ષસ’ તરીકે દર્શાવવામાં આવે છે, ભલે તેમણે કંઈ ખોટું ન કર્યું હોય. એલીએ સોશિયલ મીડિયા પર ઉર્ફી જાવેદે તેને કેવી રીતે ટેકો આપ્યો તે પણ શેર કર્યું. તેણે કહ્યું, ’ ઉર્ફીએ મારા માટે એક નિવેદન આપ્યું, જે ખૂબ જ સરસ હતું. તે એક માત્ર વ્યક્તિ છે, જે સાચે બોલે છે.’દરમિયાન, આશિષ ચંચલાનીએ પણ જુલાઈમાં એલીને ટેકો આપ્યો હતો, જ્યારે એક યુઝરે લખ્યું હતું કે, એલીને તેના ટીખળો અને ચાહકોને કારણે ટ્રોલ કરવામાં આવી રહી છે.



# કેરલ સ્ટોરીઝનો સર્જક વિપુલ શાહ ભારે લાલચુ છે: અનુરાગ કશ્યપ

### કેરલ સ્ટોરીઝ ટુને પ્રોપાગેન્ડા ફિલ્મ ગણાવી



મુંબઈ: ફિલ્મ દિગ્દર્શક અનુરાગ કશ્યપે ’કેરલ સ્ટોરીઝ ટુ’ ફિલ્મને પ્રોપેગેન્ડા ફિલ્મ ગણાવી છે અને આ ફિલ્મનો સર્જક વિપુલ શાહ ભારે લાલચુ હોવાનો આરોપ મૂક્યો છે.

આ ફિલ્મનાં ટ્રેલરમાં એક મહિલાને પરાણે બીફ ખવડાવાતું હોવાનું દર્શાવાયું છે. અનુરાગ કશ્યપે આ સીનની ભારે ટીકા કરતાં કહ્યું હતું કે આ રીતે કોઈ બીફ તો શું કોઈને ખિચડી પણ ખવડાવતું નથી. અનુરાગ કશ્યપે વિપુલ શાહની આકરી ટીકા કરતાં કહ્યું હતું કે તે મહાલાલચુ છે. તેને લોકો વચ્ચે વૈમનસ્ય ફેલાવીને પૈસા કમાવવામાં જ રસ છે. ઉલ્લેખનીય છે કે ’કેરલ સ્ટોરીઝ ટુ’ને અપાયેલાં સેન્સર સર્ટિફિકેટ સામે કેરલમાંથી અરજી થઈ છે. તે સંદર્ભમાં સેન્સર બોર્ડ દ્વારા ગયાં સપ્તાહે આ ફિલ્મના સર્જક વિપુલ શાહને નોટિસ પણ અપાઈ છે. કેરલના મુખ્ય પ્રધાન પિનારાઈ વિજયને કહ્યું હતું કે આ ફિલ્મ હળાહળ જુઠ્ઠાણું અને દ્વેષ ફેલાવતી ફિલ્મ છે અને તે કેરળના સમાજને ખોટી રીતે ચિતરે છે. જોકે, વિપુલ શાહે અગાઉ એવી સ્પષ્ટતા કરી હતી કે આ ફિલ્મ કોર્ટોમાં ખરેખર લડવામાં આવેલા કેટલાક કેસો પર આધારિત છે.

# કરીના કપૂરની દાયરા ફિલ્મમાં એક પણ ગીત નહિ હોય

મુંબઈ: કરીના કપૂર અને પૃથ્વીરાજ સુકુમારનની આગામી ફિલ્મ ’દાયરા’માં એક પણ ગીત નહિ હોય. ફિલ્મની સર્જક મેઘના ગુલઝારે જણાવ્યું છે કે ફિલ્મની વાર્તા જે પ્રકારની છે તેમાં કોઈ ગીતને અવકાશ જ નથી. તેણે કહ્યું હતું કે ફિલ્મમાં ગીત અપ્રાસંગિક તથા કથા પ્રવાહને અવરોધશે તેમ લાગતાં કોઈપણ ગીત રાખવામાં આવ્યું નથી. ગીતકાર ગુલઝારની દીકરી હોવા છતાં પણ મેઘનાએ ફિલ્મમાં બિનજરૂરી ગીતો નહિ રાખવાનો મક્કમ નિર્ણય કર્યો હતો. ઉલ્લેખનીય છે કે આ ફિલ્મ હૈદરાબાદના એક રેપ કેસ પર આધારિત છે. મેઘનાની આ પહેલાંની તમામ છ ફિલ્મોનાં ગીતો તેના પિતા ગુલઝારે જ લખ્યાં છે. જોકે, ’દાયરા’માં તેણે પિતાને કોઈ ગીત નહિ આપવા જણાવી દીધું હતું. આ ફિલ્મમાં અગાઉ આયુષમાન ખુરાના કામ કરવાનો હતો. પરંતુ, તેને પોતાના રોલમાં દમ નહિ લાગતાં તેણે આ ફિલ્મ છોડી દીધી હતી. બાદમાં તેની જગ્યાએ પૃથ્વીરાજ



સુકુમારન ગોઠવાયો હતો. ફિલ્મ તેનાં મૂળ શિડયૂલ કરતાં મોડી શરુ થઈ હતી અને હવે આ વર્ષમાં રીલિઝ થાય તેવી ધારણા છે.

**ટેન્શન**

### સેમીફાઈનલ અને ફાઈનલનો રોડમેપ

# એક પરાજયે ટીમ ઈન્ડિયાની મુશ્કેલી વધારી, હવે સેમિ ફાઈનલમાં પહોંચવું અઘરું

### ગ્રુપ-2માં પાકિસ્તાન અને ન્યૂઝીલેન્ડની સ્થિતિ પર દારોમદાર


• મુંબઈ

T20 World Cup 2026: T20 વર્લ્ડ કપ 2026 હવે તેના સૌથી રોમાંચક તબક્કા એટલે કે ’સુપર-8’માં પહોંચી ગયો છે. 20 ટીમો વચ્ચે શરૂ થયેલો આ મહાસંગ્રામ હવે માત્ર 8 ટીમો વચ્ચે સમેટાયો છે, જ્યાં દરેક મેચ સમીકરણો બદલી રહી છે. રવિવારે અમદાવાદના મેદાન પર સાઉથ આફ્રિકા સામે ભારતની 76 રને થયેલી કારમી હારને કારણે હવે ટીમ ઈન્ડિયા માટે સેમીફાઈનલની રાહ અત્યંત મુશ્કેલ બની ગઈ છે. છેલ્લી12 મેચોથી અજેય રહેલી ભારતીય ટીમ પર હવે ટૂર્નામેન્ટમાંથી બહાર થવાનું જોખમ તોળાઈ રહ્યું છે.

સુપર-8માં ટીમોને બે ગ્રુપમાં વહેંચવામાં આવી છે. ભારત ગ્રુપ-1માં છે, જ્યાં સાઉથ આફ્રિકા અત્યારે 2 પોઈન્ટ્સ અને +3.800ના શાનદાર નેટ રન રેટ સાથે પ્રથમ સ્થાને છે. સાઉથ આફ્રિકાએ પ્રથમ બેટિંગ કરતા 188 રન બનાવ્યા હતા અને ભારતને માત્ર 111 રનમાં ઓલઆઉટ કરી દીધું હતું. આ મોટી હારને કારણે ભારત અત્યારે 0 પોઈન્ટ અને -3.800ના ખરાબ નેટ રન રેટ સાથે ચોથા સ્થાને ફેંકાઈ ગયું છે. હવે સેમીફાઈનલમાં પહોંચવા માટે ભારતને તેની આગામી બંને મેચો(ઝિમ્બાબ્વે અને વેસ્ટ ઈન્ડિઝ સામે) માત્ર જીતવી જ નહીં, પરંતુ મોટા અંતરથી જીતવી પડશે જેથી રન રેટમાં સુધારો થઈ શકે.

બીજી તરફ ગ્રુપ-2માં ઈંગ્લેન્ડ 2 પોઈન્ટ્સ સાથે ટોપ પર છે. પાકિસ્તાન અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની મેચ વરસાદને કારણે રદ થતા બંને ટીમોને 1-1 પોઈન્ટ મળ્યો છે, જ્યારે શ્રીલંકા હાર સાથે છેલ્લા સ્થાને છે. જો ભારત સેમીફાઈનલમાં ક્વોલિફાય કરવું હોય તો હવે નસીબ અને પ્રદર્શન બંનેનો સાથ જરૂરી છે.

ટૂર્નામેન્ટની પ્રથમ સેમીફાઈનલ 4 માર્ચે




અને બીજી સેમીફાઈનલ 5 માર્ચે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાશે. આ વિશ્વકપનો મહામુકાબલો એટલે કે ફાઈનલ 8 માર્ચે અમદાવાદમાં યોજાવાની છે. જોકે, ફાઈનલના સ્થળ અંગેનો અંતિમ નિર્ણય પાકિસ્તાન ક્વોલિફાય થાય છે કે નહીં તેના પર નિર્ભર રહેશે. સુપર-8માં સાઉથ આફ્રિકા સામે હાર બાદ ટોપ ઓર્ડરને લઈને સવાલો ઉઠ્યા છે. અભિષેક શર્માએ ચાર મેચમાં માત્ર 15 રન કર્યા છે. તિલક વર્માએ 5 મેચમાં 107 રન છે, પરંતુ સ્ટ્રાઈક રેટ 118 છે. ફિનિશર રિંકુ સિંહએ 29 બોલમાં 24 રન કરવાની સાથે 82.75 સ્ટ્રાઈક રેટ છે. તેવામાં ટીમ મેનેજમેન્ટ પાસે ફેરફારને લઈને વિચાર કરવા સિવાય કોઈ વિકલ્પ રહેતો નથી. બેટર કોચ સિતાંશુ કોટકે સ્પષ્ટ કહ્યું કે, ’જો હેડ કોચ અને ટીમ મેનેજમેન્ટને લાગે છે કે આપણે કાંઈક અલગ કરવું પડશે તો અમે ફેરફાર કરીશું. અત્યારે આપણે વિચારવું પડશે કે શું બદલીએ અને કઈ રીતે. આમ, એ નક્કી કરવું પડશે કે પહેલાની ટીમ પ્રમાણે ચાલીએ કે કોઈ નવી યોજના બનાવીએ.’ સહાયક કોચ રેયાન ટેન ડેશકાટેએ સંકેત આપ્યા કે, ડાબા-જમણા હાથના બેટરના સંતુલન પર પણ ચર્ચા થઈ રહી છે. તેમણે કહ્યું કે, ’ છેલ્લા 18 મહિનામાં સારું પ્રદર્શન કરનારા ખેલાડી સાથે કન્ટીન્યૂ કરીએ કે પછી સંજુને મોકો આપીએ. સંજુ એક શાનદાર ખેલાડી છે અને તે ટોપ ઓર્ડરમાં જમણા હાથનો વિકલ્પ છે. આગામી બે મેચ પહેલા આ મામલો ચોક્કસપણે ચર્ચાનો વિષય રહેશે.’ ડેશકાટેના નિવેદન બાદ સંભાવના છે કે, સુપર-8ની આગામી બે મેચમાં અભિષેક કે તિલકની જગ્યાએ સંજુ સેમસનને ફરી એકવાર પ્લેઈંગ-11માં સામેલ કરી શકે છે. ટીમમાં બેકઅપ બેટરની અછત પણ ચિંતાનો વિષય છે. જમણા હાથના બેટરને સામેલ કરી ટોપ ઓર્ડરની એકરૂપતા તોડી શકાશે. રિંકુ સિંહને લઈને સહાયક કોચે કહ્યું કે, ’7-8 નંબર પર બેટિંગ કરવી એ મુશ્કેલ છે. રિંકુને વધુ મોકો નથી મળ્યો, પરંતુ હવે સમય પ્રદર્શનનો છે.’ ટેન ડેશકાટેએ અભિષેકની તૈયારીઓ પર પણ ચર્ચા કરી હતી. તેમણે કહ્યું, ’હું અભિષેક માટે બહાનું નહીં બનાવું, પરંતુ ફૂડ પોઈઝનિંગથી તેની તૈયારીઓ પર અસર પડી છે. જ્યારે તમે ત્રણ વખત શૂન્ય પર આઉટ થાઓ છો, ત્યારે દબાણ વધવું સ્વાભાવિક છે. તિલક વર્મા પણ અપેક્ષા મુજબ સારો સ્કોર કરી રહ્યો નથી.’

# એચએએલએ તેજસ ક્રેશ થવાનાં અહેવાલોને રદિયો આપ્યો

### આધુનિક યુદ્ધ વિમાનોમાં તેજસનો સુરક્ષા રેકોર્ડ વિશ્વનાં સર્વશ્રેષ્ઠ વિમાનોમાંથી એક

• નવી દિલ્હી

ઈન્ડિયન એરફોર્સનાં યુદ્ધ વિમાન તેજસ ક્રેશ થવાનાં સમાચારની વચ્ચે હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (એચએએલ)ની પ્રતિક્રિયા સામે આવી છે. એચએએલએ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા તેજસ ક્રેશનાં સમાચારોને રદિયો આપ્યો છે.

હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડે સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું હતું કે એચએએલ એલસીએ તેજસ ઘટનાથી સંબધિત તાજેતરનાં મીડિયા રિપોર્ટોનાં સંદર્ભમાં તથ્યોને સ્પષ્ટ કરવા માંગે છે.

એચએએલએ જણાવ્યું છે કે તેજસ ક્રેશ થવાનાં કોઈ રિપોર્ટ નથી. આ ઘટના જમીન પર થયેલી એક સામાન્ય ટેકનિકલ ખામી હતી. જેની તપાસ ચાલી રહી છે.

એચએલએએ એક અન્ય પોસ્ટમાં લખ્યું છે કે આધુનિક યુદ્ધ વિમાનોમાં એલસીએ તેજસનો સુરક્ષા રેકોર્ડ વિશ્વનાં સર્વશ્રેષ્ઠ વિમાનોમાંથી એક છે. માનક સંચાલન પ્રક્રિયા હેઠળ તેની તપાસ કરવામાં આવી રહી છે. આ સમસ્યાનાં ઉકેલ માટે એચએએલ ઈન્ડિયન એરફોર્સ સાથે મળીને કાર્ય કરી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે રવિવારે તેજસ યુદ્ધ વિમાનની સાથે થયેલ એક દુર્ઘટના થઈ હોવાના સમાચાર સામે આવ્યા હતાં. તે સમયે જણાવવામાં આવ્યું હતું કે આ મહિનાની શરૂઆતમાં બ્રેક ફેલ થવાને કારણે તેજસ વિમાન એક એરબેઝ પર રનવેથી આગળ નીકળી ગયું હતું. જેના કારણે તેને મોટા પ્રમાણમાં નુકસાન થયું હતું. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું હતું કે વિમાનનો પાયલોટ સુરક્ષિત રીતે બહાર નીકળી આવ્યો હતો.સાત ફેબ્રુઆરીએ બનેલી આ દુર્ઘટના અંગે ઈન્ડિયન એરફોર્સ તરફથી કોઈ સત્તાવાર નિવેદન આપવામાં આવ્યું નથી. જો કે હવે એચએલએ સત્તાવાર રીતે નિવેદન આપીને ક્રેશનાં સમાચારોને રદિયો આપ્યો છે.ઉલ્લેખનીય છે કે આ ઘટના પછી ભારતીય એરફોર્સે વ્યાપક ટેકનિકલ તપાસ કરાવવા માટે લગભગ ૩૦ સિંગલ-સીટ તેજસ જેટ વિમાનોને હાલમાં ઉડવાથી રોકી દીધા છે.

# નેપાળમાં ધાર્મિક સ્થળ અંગે બબાલ લાઠીચાર્જ પછી વીરગંજમાં કરફ્યુ

નવી દિલ્હી : ભારતની સરહદને સ્પર્શીને રહેલાં શહેર વીરગંજમાં રવિવારે રાત્રે બે જૂથો વચ્ચે થયેલી હિંસક મારામારીમાં ભારે પથ્થરમારો પણ સામસામે થતાં પરસા જિલ્લા પ્રશાસને સોમવાર સવારના ૯.૪૫ થી અનિશ્ચિત મુદતનો કરફ્યુ લગાડી દીધો છે. સલામતી વ્યવસ્થા મજબૂત કરવા માટે પોલીસની સાથે આર્મ્ડ પોલીસ ફોર્સ અને સેના પણ તૈનાત કરવામાં આવી છે.આ ઘટનાની વિગત એવી છે કે એક ધાર્મિક સ્થળ પાસે રવિવારે સાંજે હિંસા ભડકતાં અર્ધા ડઝનથી વધુ લોકો ઘાયલ થયા છે. પોલીસે હિંસા કાબુમાં લેવા લાઠી-ચાર્જ પણ કર્યો હતો. પર્સા જિલ્લાના ડી.એસ.પી. હરિ બહાદૂર બસ્નેએ જણાવ્યું હતું કે વોર્ડ નં. ૧૧ સ્થિત શ્રીપુરમાં એક ધાર્મિક સ્થળ પાસે તોફાન શરૂ થયું.

**કરૂણાંતિકા**

### ડ્રાઈવરને ઊંઘનું ઝોકું આવ્યું હોવાનું અનુમાન

# ઉત્તર પ્રદેશના લખનઉમાં સ્લીપર બસ પલટતા મોટી દુર્ઘટના, 7 મોત, 40 ઈજાગ્રસ્ત

### ડ્રાઈવરની બેદરકારી, પૂરઝડપે બસ દોડાવી

• લખનઉ

ઉત્તર પ્રદેશના લખનૌના ગોસાઈગંજમાં પૂર્વાંચલ એક્સપ્રેસ-વે પર એક ગમખ્વાર અકસ્માત સર્જાયો છે, જેમાં લુધિયાણાથી દરભંગા જઈ રહેલી એક સ્લીપર બસ પલટી જતાં 7 મુસાફરોનાં કમકમાટીભર્યા મોત થયા છે અને 40 જેટલા મુસાફરો ઈજાગ્રસ્ત થયા છે.

સોમવારે સાંજે લગભગ 4:30 વાગ્યે જૌખંડી ગામ પાસે પૂરઝડપે આવી રહેલી બસ અચાનક અનિયંત્રિત થઈને પલટી ગઈ હતી. અકસ્માતને પગલે ઘટનાસ્થળે ભારે અફરાતફરી મચી ગઈ હતી. સ્થાનિક લોકો અને રાહદારીઓએ તાત્કાલિક પોલીસને જાણ કરી હતી, ત્યારબાદ ગોસાઈગંજ પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને બસમાં ફસાયેલા લોકોને બહાર કાઢવાની કામગીરી શરૂ કરી હતી.

પ્રાથમિક માહિતી મુજબ, આ અકસ્માત પાછળનું મુખ્ય કારણ બસની ઝડપી ગતિ અને ડ્રાઈવરને ઊંઘનું ઝોકું આવી ગયું હોવાનું માનવામાં આવે છે. બસ લુધિયાણાથી બિહારના દરભંગા તરફ જઈ રહી હતી ત્યારે ખેમા ખેડા ગામ પાસે આ અકસ્માત સર્જાયો હતો. પોલીસે એમ્બ્યુલન્સની મદદથી તમામ 40 ઈજાગ્રસ્તોને




નજીકના હોસ્પિટલમાં ખસેડ્યા છે, જ્યાં અનેક મુસાફરોની હાલત ગંભીર હોવાનું જણાવાઈ રહ્યું છે. હાલમાં રાહત અને બચાવ કામગીરી પૂર્ણ કરી લેવામાં આવી છે અને પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આગળની તપાસ હાથ ધરી છે.

### કટઓફમાં કાપ ખાલી બેઠકોને ધ્યાનમાં રાખી લેવાયો, શિક્ષણની ગુણવત્તા પર કોઈ અસર નહીં થાય : કેન્દ્રનો બચાવ

# નીટ-પીજીમાં શિક્ષણની ગુણવત્તા પર અસર ચિંતાજનક : સુપ્રીમ કોર્ટ

**સામાન્ય નાગરિકનો જ મરો** સરકારી કોલેજોમાં ફી 9000થી 27000 જ્યારે ખાનગી કોલેજોમાં એક કરોડ



નવી દિલ્હી : નીટ પીજી ૨૦૨૫ માટે કટ ઓફમાં ઘટાડાના નિર્ણયનો કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં બચાવ કર્યો હતો અને દાવો કર્યો હતો કે આ નિર્ણયની ડોક્ટરોની ક્લિનિકલ ક્ષમતા પર કોઈ અસર નહીં પડે અને પર્સેંટાઈલમાં ઘટાડા બાદ પણ સીટોની ફાળવણી ઉમેદવારના મેરિટ અને પ્રાથમિકતાના આધાર પર નક્કી કરાશે. જ્યારે સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે કટ ઓફ ઘટાડાથી શિક્ષણની ગુણવત્તા પર અસર થાય છે કે કેમ તેની ચકાસણી કરવામાં આવશે.

વર્તમાન શૈક્ષણિક વર્ષ માટે પર્સેંટાઈલ કટ ઓફમાં ઘટાડો કરવાના નિર્ણય સામે સુપ્રીમ કોર્ટમાં અનેક અરજીઓ થઈ છે, જેની સુનાવણી ચાલી રહી છે. સુપ્રીમે કહ્યું હતું કે અમે શિક્ષણની ગુણવત્તા પર અસરને લઈને સૌથી વધુ ચિંતિત છીએ, મામલો ગુણવત્તાનો છે, સરકાર આ મુદ્દે પ્રકાશ પાડે. જ્યારે કેન્દ્ર સરકાર તરફથી હાજર એડિશનલ સોલિસિટર જનરલ ઐશ્વર્યા ભાટીએ કહ્યું હતું કે ખાલી બેઠકોને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. નીટ-પીજી આપનારો ઉમેદવાર પહેલાથી જ એમબીબીએસ થયેલ હોય છે તેથી આ પરીક્ષા લઘુતમ ક્લિનિકલ યોગ્યતાને પ્રમાણિત કરવા માટે નથી.

જ્યારે અરજદારો તરફથી હાજર વકીલ ગોપાલ શંકરનારાયણે ફીમાં અસમાનતાનો મુદ્દો ઉઠાવ્યો હતો, તેમણે જણાવ્યું હતું કે સરકારી મેડિકલ કોલેજોમાં ફી ૯૦૦૦થી ૨૭૦૦૦ સુધી હોય છે જ્યારે ખાનગી કોલેજોમાં ૯૫ લાખથી ૧.૫ કરોડ રૂપિયા લેવાય છે. ૫૦માં પર્સેંટાઈલ સુધી લગભગ ૧.૩ લાખ વિદ્યાર્થી સામેલ થવા છતા વધારે ફીને કારણે તેઓ ખાનગી કોલેજોમાં પ્રવેશ નથી મેળવી શકતા. તેમણે ખાનગી કોલેજો દ્વારા વસુલાતી ફી પર અંકુશ લગાવવાની માગણી કરી હતી. જેના પર કેન્દ્ર સરકારે કહ્યું હતું કે નેશનલ મેડિકલ કમિશન દ્વારા આ માટે નિયમો તૈયાર કરાયા છે. જે મુજબ ખાનગી કોલેજોની ફી સરકારી કોલેજોની ફીથી ૫૦ ટકાથી વધુ ના હોવી જોઈએ. જવાબમાં અરજદારોએ કહ્યું કે જો ખરેખર આવો નિયમ હોય તો ખાનગી કોલેજો તેનું ઉલ્લંઘન કરી રહી છે. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ પી. એસ. નરસિમ્હા અને ન્યાયાધીશ આલોક અરાધેની બેંચે સરકારના જવાબ બાદ કહ્યું હતું કે નીટ-પીજી એમબીબીએસમાં એડમિશન માટે નથી હોતી અને ઉમેદવારો પહેલાથી જ ડોક્ટર હોય છે તેમ છતા પણ કટ-ઓફમાં આટલો મોટો કાપ અને તેના પ્રભાવ પર વિચાર કરવો જરૂરી છે. કોર્ટની મુખ્ય ચિંતા શિક્ષણની ગુણવત્તા છે અને સરકાર અમને સંતુષ્ટ કરે કે કટ ઓફને લગભગ શૂન્ય સુધી ઘટાડવા છતા શિક્ષણની ગુણવત્તા પર કોઈ અસર નહીં થાય. નોંધનીય છે કે સામાન્ય-ઈડબલ્યુએસ વર્ગ માટે કટ ઓફ ૫૦માં પર્સેંટાઈલ (૮૦૦માંથી ૨૬૭ માર્ક્સ)થી ઘટાડીને સાતમા પર્સેંટાઈલ (૧૦૩ માર્ક્સ) કરી દેવાયો હતો, સામાન્ય પીડબલ્યુબીડી વર્ગ માટે ૪૫માંથી ઘટાડીને પાંચમાં સુધી કરી દેવાયું, તેવી જ રીતે એસસી, એસટી ઓબીસી તથા પીડબલ્યુબીડી ઉમેદવારો માટે ૪૦માં પર્સેંટાઈલને ઘટાડીને શૂન્ય કરી દેવાયું હતું. અરજદારોનો દાવો છે કે આ નિર્ણયથી શિક્ષણની ગુણવત્તા ઘટશે, બાદમાં સુપ્રીમ કોર્ટે એનબીઈએમએસને આ મુદ્દે સોગંદનામુ દાખલ કરવા કહ્યું હતું.

# ભારતની 'સિલિકોન વેલી' બેંગ્લુરુનું પાણી પીવાલાયક રહ્યું નથી

### પોલ્યુશન કંટ્રોલ બોર્ડે 147 તળાવોનો અભ્યાસ કરીને અહેવાલ આપ્યો

બેંગ્લુરુ : કર્ણાટકના સ્ટેટ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના અહેવાલ પ્રમાણે બેંગ્લુરુનું પાણી પીવાલાયક રહ્યું નથી. તળાવોની સ્થિતિ અતિશય ખરાબ થઈ ચૂકી છે. નક્કી કરેલા માપદંડોમાં તળાવોનું પાણી ખરું ઉતરતું નથી. શહેરનું એકેય તળાવનું પાણી પીવાલાયક તો ઠીક, વપરાશને લાયક પણ રહ્યું નથી. તળાવોનું પાણી એટલું ખરાબ થઈ ચૂક્યું છે કે તે સ્વાસ્થ્ય માટે હાનિકારક સાબિત થઈ શકે છે.

કર્ણાટક રાજ્યના પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અહેવાલમાં દાવો થયો છે કે બેંગ્લુરુમાં પાણી ખૂબ જ દૂષિત થઈ ચૂક્યું છે. દેશની સિલિકોન વેલી તરીકે જાણીતા શહેર બેંગ્લુરુમાં દર વર્ષે ઉનાળામાં પાણીની કટોકટી સર્જાતી હોય છે. એમાં તળાવોનું પાણી વધારે પ્રદૂષિત થઈ પાણીની આ કટોકટી વધે તેવી ભીતિ છે. ગત વર્ષે એપ્રિલથી નવેમ્બર દરમિયાન બેંગ્લુરુના ૧૪૭ તળાવોનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. તળાવોને ચાર કેટેગરીમાં મૂકવામાં આવે છે.



ક્લાસ-એ કક્ષાના તળાવ હોય તો એનું પાણી કોઈ જ પ્રોસેસ વગર પીવાલાયક હોય છે. તળાવનું પાણી ક્લાસ-બી કક્ષાનું હોય તો નહાવા માટે સુરક્ષિત ગણાય. ક્લાસ-ડી અને ઈ કક્ષાએ કોઈ તળાવનું પાણી મૂકવામાં આવે તો એનો અર્થ થાય કે તે પાણી એટલું પ્રદૂષિત છે કે તેને વપરાશમાં લઈ શકાય નહીં. બેંગ્લુરુના તમામ ૧૪૭ તળાવો ડી અને ઈ શ્રેણીમાં મૂકવામાં આવ્યા છે.શહેરના ખૂબ જ જાણીતા તળાવો જેવા કે વેલંદર તળાવને ગયા વર્ષે એપ્રિલમાં ઈ રેટિંગ અપાયું હતું. પછીથી તેનું રેટિંગ સુધારીને ડી કરાયું હતું, પરંતુ ગત નવેમ્બરમાં ફરીથી તેનું રેટિંગ ઈ કરી દેવાયું હતું. એવું જ બીજું જાણીતું વરથુર તળાવ પણ સતત ડી અને ઈ કેટેગરીમાં જ રહે છે. હેબ્બલ તળાવ ગયા વર્ષે ડી રેટિંગમાં રહ્યું, પરંતુ વર્ષના અંતે તેનું રેટિંગ કથળ્યું હતું અને ઈ થઈ ગયું હતું. માદિવાલા લેક, કોકોન્ડાનહલ્લી તળાવ, કુંડલહલ્લી અને ઉલ્સૂર તળાવો બેંગ્લુરુના મોટા અને જાણીતા તળાવો ગણાય છે.

# દેશમાં વિચિત્ર વાતાવરણ : ગરમી, વરસાદ અને બરફવર્ષા : શ્રીનગરમાં 21 ડિગ્રીનો 135 વર્ષનો રેકોર્ડ

નવી દિલ્હી : દેશભરમાં વાતાવરણ અચાનક પલટાયું હતું. પાટનગર દિલ્હીમાં તાપમાનનો પારો ૩૦ ડિગ્રીની નજીક પહોંચ્યો હતો. શ્રીનગરમાં તો ૧૩૫ વર્ષમાં સર્વાધિક ૨૧ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. દેશના ઘણાં રાજ્યોમાં એકાએક વાદળછાયું વાતાવરણ સર્જાયું હતું અને વરસાદી ઝાપટાં પડયા હતા. મધ્યપ્રદેશ, છત્તીસગઢ, બિહાર જેવા રાજ્યોમાં વરસાદ પડયો હતો અને સાથોસાથ તાપમાનનો પારો પણ ઊંચો ગયો હતો. રાજસ્થાનમાં આગામી ૨૪ કલાકમાં વરસાદ થાય એવી શક્યતા છે.

શ્રીનગરમાં તાપમાનનો પારો ૨૧ ડિગ્રી નોંધાયો હતો. ગુલમર્ગમાં ૧૧.૫ ડિગ્રી સુધી તાપમાન પહોંચી ગયું હતું. અત્યાર સુધી ફેબ્રુઆરી માસમાં મેક્સિમમ તાપમાન ૧૦ ડિગ્રી નોંધાયું હતું. હજુય આગામી પાંચેક દિવસમાં સરેરાશ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સુધીનો વધારો થાય તેવી શક્યતા છે. અત્યારે કાશ્મીરની પહાડીઓ બરફની ચાદરથી ઢંકાયેલી હોય છે, તેના બદલે સૂર્યનારાયણ તપી રહ્યા છે. દિલ્હીમાં તાપમાનનો પારો ૩૦ ડિગ્રીની નજીક પહોંચી જતાં જનજીવનને અસર થઈ હતી. હરિયાણા અને પંજાબમાં પણ તાપમાન ૨૭થી ૨૮ સુધી નોંધાયું હતું અને બે દિવસમાં ૩૦ ડિગ્રીએ પહોંચી જવાની શક્યતા છે. હરિયાણા અને પંજાબમાં માર્ચની શરૂઆતમાં જ તાપમાન ૩૫ ડિગ્રીએ પહોંચી જશે. હવામાન વિભાગના કહેવા પ્રમાણે ટેમ્પરેચર વધવાની સાથે સાથે ઘણાં રાજ્યોમાં વરસાદ પણ પડશે. રાજસ્થાનના ૧૭ જિલ્લામાં વરસાદની આગાહી છે. તે ઉપરાંત મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, બિહાર, તેલંગણા, બંગાળ, આસામ સહિતના લગભગ ૧૦ રાજ્યોમાં વરસાદી ઝાપટાં પડયા હતા.પૂર્વોત્તરના રાજ્યોમાં પણ હવામાનમાં તીવ્ર પલટો આવ્યો હતો. સિક્કિમના પહાડી વિસ્તારમાં એકાએક ભારે બરફવર્ષા થતાં જનજીવન પ્રભાવિત થયું હતું.

# અમેરિકાના ઉત્તર પૂર્વમાં ભયંકર બર્ફીલું તોફાન : 5000થી વધુ ફ્લાઈટ્સ રદ્દ

ન્યુ યોર્ક : અમેરિકાના ઉત્તર-પૂર્વ વિસ્તારમાં આવેલા શક્તિશાળી બર્ફીલા તોફાને શહેરોની જનજીવનને અસ્તવ્યસ્ત કરી દીધું છે. ભારે હિમવર્ષા, સૂસવાટા મારતો પવન અને ઝીરો વિઝિબિલીટી વચ્ચે લાખો લોકોને ઘરમાં જ રહેવાની ચેતવણી આપવામાં આવી છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આ તોફાન ઝડપથી શક્તિશાળી બનેલું 'બોમ્બ સાયક્લોન' છે.જે મેરીલેન્ડથી મેઈન સુધીના વિસ્તારોમાં ભારે બરફ અને જોખમી પરિસ્થિતિ સર્જી રહ્યું છે. અનેક સ્થળોએ પ્રતિ કલાક ૨-૩ ઈંચ સુધી હિમવર્ષા નોંધાઈ છે અને ઘણા વિસ્તારોમાં એક ફૂટથી વધુ બરફ પડી ગયો છે.તોફાનને કારણે દેશભરમાં ૫,૦૦૦થી વધુ ફ્લાઈટ રદ કરવામાં આવી છે. જેમાં ખાસ કરીને ન્યુયોર્ક, ન્યુ જર્સીઅને બોસ્ટનના મોટા એરપોર્ટ સૌથી વધુ અસરગ્રસ્ત રહ્યા. જાહેર પરિવહન સેવાઓ પણ કેટલાક શહેરોમાં બંધ રાખવામાં આવી છે. રસ્તાઓ પર જોખમી પરિસ્થિતિને ધ્યાનમાં રાખી અનેક રાજ્યોમાં અનાવશ્યક મુસાફરી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.તોફાનના કારણે વીજ પુરવઠા પર પણ અસર પડી છે અને પૂર્વ કિનારે ૫ લાખથી વધુ ઘરો અને ઓફિસો-દુકાનો અંધકારમાં ડૂબી ગયા છે. મેસેચ્યુસેટ્સ અને ન્યૂ જર્સી સૌથી વધુ અસરગ્રસ્ત રાજ્યોમાં સામેલ છે. આ વિકટ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી અનેક રાજ્યોમાં ઈમરજન્સી જાહેર કરવામાં આવી છે.

### ઈરાન ના માન્યુ તો પછી મોટા હુમલા કરશે : ટ્રમ્પની વ્યૂહરચના

# ભારતીય નાગરિકોને તાકીદે ઈરાન છોડવા વિદેશમંત્રાલયની સૂચના

નવી દિલ્હી :અમેરિકા-ઈરાન વચ્ચેના યુદ્ધની સંભાવના પ્રબળ બનતા ભારતીય રાજદૂતાવાસે ભારતીયોને ઈરાન છોડવા જણાવી દીધું છે. ભારતીય રાજદૂતાવાસે એડવાઈઝરીમાં જણાવ્યું છે કે વર્તમાન સંજોગોમાં ઈરાનમાં હાજર દરેક ભારતીય તેમને જે પણ ફ્લાઈટ મળે તે લઈને ઈરાન છોડી દે. ઈરાન આવેલા ભારતીય પ્રવાસીઓ અને ઉદ્યોગપતિઓને પણ વહેલામાં વહેલી તકે ઈરાન છોડવા જણાવાયું છે.

આ એડવાઈઝરી અમેરિકા-ઈરાન વચ્ચે વધેલા તનાવના પગલે જારી કરવામાં આવી છે. ટ્રમ્પે ઈરાનને પરમાણુ કાર્યક્રમ પર સમજૂતી માટે ૧૦થી ૧૫ દિવસનું અલ્ટીમેટમ આપ્યું હતું. તેમા નિષ્ફળ જવા બદલ દુષ્પરિણામની ચેતવણી આપી હતી. આટલેથી ન અટકતા અમેરિકાએ મોટાપાયા પર લશ્કર પણ ગોઠવ્યું છે.

ટ્રમ્પ આગામી દિવસોમાં ઈરાન પર મોટા હુમલા કરી શકે છે. ટ્રમ્પની યોજના છે કે ઈરાન




પર પહેલાં નાના હુમલા કરીને તેના પર દબાણ બનાવવામાં આવે. આમ છતાં પણ ઈરાન સમાધાન ન કરે તો તેના પર મોટા હુમલા કરવામાં આવે. અમેરિકાનો ઈરાદો આ હુમલા દ્વારા ઈરાનમાં ખામેનેઈની સત્તાને ઉખાડી ફેંકવાનો છે. અમેરિકાના લક્ષ્યાંક પર ઈરાનના ઈસ્લામિક ગાર્ડ સાથે જોડાયેલી બિલ્ડિંગ્સ, પરમાણુ મથકો અને બેલેસ્ટિક પ્રોગ્રામ સાથે સંલગ્ન જગ્યા છે. જો કે હજી સુધી અંતિમ નિર્ણય લેવાયો નથી. જો કે ટ્રમ્પના જૂથને હજી પણ શંકા છે કે ફક્ત હવાઈ હુમલાથી જ લક્ષ્યાંક હાંસલ કરી શકાશે. ટ્રમ્પે અમેરિકન જનરલને આ હુમલાની સફળતાની ગેરંટી માંગી હતી તો કોઈપણ જનરલ આ પ્રકારની ગેરંટી આપવા તૈયાર ન હતા. આ પહેલા ઈરાનની અંદર વેનેઝુએલાની જેમ ખાસ પ્રકારના કમાન્ડો હુમલાનો વિચાર હતો, પરંતુ હવે તે વિચાર ત્યજી દેવાયો છે.

ઈરાને પણ અમેરિકાના હુમલાથી તેના અગ્રણી શહેરોને બચાવવા માટે રશિયાએ પૂરી પાડેલી એસ-૩૦૦ પીએમયુ-૨ એર ડિફેન્સ સિસ્ટમ્સ ગોઠવી દીધી હોવાનું સેટેલાઈટ ઈમેજમાં સ્પષ્ટ દેખાય છે. અમેરિકા પાસે એર ડિફેન્સમાં નિપુણતા ધરાવતા ઈએ-૧૮જી અને એફ-૧૬સીજે એરક્રાફ્ટ સક્રિય થઈ ગયા છે. ઈરાની અધિકારીઓનું કહેવું છે કે તેમની નુકસાન પામેલી સિસ્ટમ્સ રિપેર કરી લેવાઈ છે અને હવે તેનું આકાશ સલામત છે.